Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૬૬
તા.૧૨-૦૪-૨૦૧૮, ગુરૂવાર
સંવત ૨૦૭૪ ચૈત્ર વદ - ૧૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૨૪ સૂર્યાસ્ત : ૦૬:૫૮

તાપમાન
ડીસા ૪૦.૩
અમદાવાદ ૩૯
ગાંધીનગર ૩૭.૫
વડોદરા ૩૮.૩
સુરત ૩૩
નલિયા ૩૮.૮

ચાંદી : ૩૯,૩૦૦ સોનું : ૩૧,૪૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

સૌરાષ્ટ્ર-ઉત્તર ગુજરાતમાં કડાકા સાથે વરસાદ : બેના મોત

અનેક વિસ્તારોમાં કરા સાથે વરસાદ : અમદાવાદમાં વરસાદી માહોલ : હળવદના મયુરનગરમાં વીજળી પડતા મહિલા અને બાળકનું મોત : માવઠાથી ખેડૂતોને નુકસાન

અમદાવાદ

સમગ્ર ગુજરાતમાં ફરી એકવાર હવામાનમાં જોરદાર પલ્ટો આવ્યો છે. વાતાવરણના પલ્ટા વચ્ચે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં કડાકા સાથે વરસાદ થયો છે. અનેક જગ્યાઓએ કરા સાથે વરસાદ થતા ખેડૂત સમુદાયમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. રાધનપુર એપીએમસી માર્કેટમાં ખુલ્લામાં પડેલા અનાજને કમોસમી વરસાદના કારણે નુકસાન થયું છે. ખેડૂત સમુદાયમાં માવઠાના કારણે ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. બીજી બાજુ વીજળી પડતા બેના મોત થયા હોવાના અહેવાલ મળ્યા છે. અમદાવાદ શહેરમાં પણ બપોર બાદ એકાએક વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને વરસાદી માહોલ સર્જાયો હતો. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે આગામી બે દિવસ દરમ્યાન ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છના વિવિધ ભાગોમાં વરસાદ પડી શકે છે. આજે ભુજના જુદા જુદા ભાગોમાં કરા સાથે વરસાદ થયો હતો. અંજારમાં પણ વરસાદ થયો હતો. અંજારમાં પણ વરસાદ થયો હતો. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે આગામી દિવસોમાં વાદળછાયું વાતાવરણ રહી શકે છે. આજે સૌરાષ્ટ્ર અને કચ્છના વિવિધ ભાગોમાં તાપમાનમાં નજીવા ફેરફારની સ્થિતિ જોવા મળી હતી. જોકે ત્યારબાદ ૨-૩ ડિગ્રીનો વધારો થઈ શકે છે.

રાજકોટથી પ્રાપ્ત અહેવાલ મુજબ વાતાવરણમાં આવેલા પલ્ટા વચ્ચે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં વરસાદ થયો હતો. સૌરાષ્ટ્રના ઉપલેટા અને હળવદમાં કરા સાથે વરસાદ પડ્યો હતો. હળવદમાં વીજળી પડવાથી બેના મોત થયા હતા.

કાંકરેજ તાલુકામાં ગાજવીજ સાથે હવામાન પલટાયું : ગરમીમાં રાહત

યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિનિધિ થરા

ગુજરાતમાં આ વર્ષે ઉનાળાની ગરમી ઓચિંતી વધી ગઈ હતી ને હવામાનના નિષ્ણાંત વડીલોનું એવું જ કહેવું હતું કે કમોસમી વરસાદ આંધીના એધાણ છે. આ બધા વચ્ચે ઉનાળાની શરૂઆતથી ગુજરાત ના કેટલાક વિસ્તારોમાં પીવાના પાણીની વિકટ સમસ્યા ઉભી થઈ છે ને ગુજરાતની જીવાદોરી સમાન નર્મદાના નીર જે પશ્ચિમ વિસ્તારની ખેતી પશુપાલન માટે જ નહીં પણ પીવાના પાણીની વર્ષો જુની સમસ્યા ઉકેલવામાં બહુ મહત્વના સાબીત થયેલ છે પરંતુ ઉનાળાની શરૂઆતમાં આ વર્ષે નર્મદામાં પાણીનું પ્રમાણ ઘટતાં નહેરમાં પાણી પુરવઠો બંધ કરાતાં બનાસકાંઠાના પશ્ચિમ વિસ્તારમાં લોકોની સમસ્યા વધી છે. આ બધા વચ્ચે ગઈકાલે બપોરના સુમારે ગાજવીજના ધડાકા ભડાકા ચાલુ થતાં જે ખેડૂતોના જીવ તાળવે ચોંટયા હતા ને ખેતરના ખળામાં બહાર પડેલ કૃષિ પાકોને પશુના ઘાસચારાને સલામત સ્થળે ખસેડવામાં ઝડપ વધારી હતી. રાધનપુર આજુબાજુના પંથકમાં વરસાદના વાવડ મળતાં જ કાંકરેજ તાલુકામાં ખેડૂતો ખેતરો તથા વેપારીઓ ખરીદી કરવા આવેલા લોકો ઝડપભેર પોતાના ઘર તરફ દોટ મુકતા જોવા મળ્યા હતા. વેપારીઓ પણ માલસામાન પલળે નહીં તે માટેની દોટ કરતાં જોવા મળ્યા હતા.કાંકરેજ તાલુકાના થરા નગર પાલિકામાં મુખ્ય હાઈવે બજારમાં નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા બનાવેલ ત્રણ ફુટ ઉંડી અને એક કી.મી.લાંબી સર્વિસ રોડની ગટરની સફાઈ નહીં થતાં વેપારીઓને નગરજનોમાં ભયની સાથે રોગચાળાની દહેશતભરી લાગણી જોવા મળી હતી. થરા પાલિકા તંત્ર સત્વરે હાઈવે ઓથોરીટીના અધિકારીઓનું ધ્યાન દોરતાં આ ગટરની ચોમાસા પહેલાં સફાઈ કરાવે તેવું લોકો ઈચ્છે છે. શું થરા પાલિકા ચીફ ઓફિસર નેશનલ હાઈવે ઓથોરીટીના અધિકારીને આ ગટર સફાઈ માટે નોટીસ આપશે ખરૂં ? કાંકરેજ તાલુકામાં ઓચિંતા પલટાયેલા હવામાનને કારણે ગરમીમાં રાહત થઈ હતી.

ભાભરમાં ભર ઉનાળે વરસાદ

વનરાજસિંહ રાઠોડ

પંથકમાં વરસાદને લઈ ઠંડક પ્રસરી

તા.પ્રતિ. ભાભર

ભાભર પંથકમાં ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે બુધવારની સાંજે એકાએક આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાઈ ભર ઉનાળામાં વરસાદ પડતા કહી ગમ કહી ખુશી જેવો માહોલ સર્જાયો હતો. ખેતરોમાં પડેલ એરંડા અને ઘઉંનો તૈયાર પાક બગડી જાય તેવી દહેશત છે. જયારે શહેરીજનો કાળઝાળ ગરમીમાં સેકાઈ રહ્યા હતા. તેમને ઠંડક પ્રસરી ગઈ હતી. વરસાદના લીધે ભાભર પંથક આકાશમાં સુંદર રીતે મેઘ ધનુષનો નજારો જોવા મળ્યો હતો. બજારમાં ખરીદી કરવા આવેલા લોકોમાં વરસાદને લઈ દોડધામ મચી ગઈ હતી.

ભાભર તાલુકાના જાસનવાડા પાસે બોલેરો અને એકટીવા વચ્ચે અકસ્માત : ૧ નું મોત

દૂધ ભરાવવા આવેલ ખેડૂતને કાળ ભરખી ગયો ઘાયલ ઈસમને વધુ સારવાર અર્થે પાટણ રિફર કર્યા

વનરાજસિંહ રાઠોડ

તા પ્રતિ. ભાભર

ભાભર તાલુકાના જાસનવાડા ગામના પાટીયા પાસે ભાભર-થરા રોડ ઉપર ગઈકાલે મોડી સાંજે બોલેરો ગાડી અને એકટીવા વચ્ચે જોરદાર અકસ્માત સર્જાયો હતો. જેમાં દૂધ ભરાવવા આવેલા એક ખેડૂતનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું જ્યારે અન્ય ઈસમને ગંભીર ઈજાઓ થતાં અરેરાટી મચી છે, પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ ભાભર તાલુકાના જાસનવાડા ગામના ખેડૂત ભગવાનભાઈ લાલાભાઈ પટેલ ઉ.વ.આ.૫૫ રહે. જાસનવાડા અને તેમનો ભત્રીજો દૂધ મંડળીમાં સાંજે દૂધ ભરાવવા આવ્યા હતા. ગામમાં થોડો સમય રોકાઈને મોડી સાંજે પોતાની એકટીવામાં ખેતરે પરત ફરી રહ્યા હતા. તે સમય દરમ્યાન જાસનવાડા ગામના પાટીયા નજીક ભાભર-થરા રોડ ઉપર પુરપાટ ઝડપે આવી રહેલ એક બોલેરો ગાડીની ટક્કરે એકટીવાને અકસ્માત નડ્યો હતો. ઘટનાની જાણ થતાં લોકો દોડી આવ્યા હતા. અકસ્માત કરીને ગાડી સાથે ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. અકસ્માતમાં ભગવાનભાઈ પટેલનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત થયું હતું. જ્યારે તેમના ભત્રીજાને ગંભીર ઈજાઓ થતાં પાટણ રિફર કર્યો છે. જો કે પોલીસે ગાડીને ઝડપી પાડી છે.

રેલવે કોરિડોર મુદ્દે ખેડૂતોનો લડાયક મિજાજ

પાલનપુર ખાતે યોજાયેલી બેઠકમાં આત્મવિલોપનની ચીમકી

સંજય જોષી

પાલનપુર

કેન્દ્ર સરકારની વેસ્ટર્ન રેલવે પ્રોજેક્ટ કોરિડોરના જમીન સંપાદન સામે ખેડૂતોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. પાણીના મોલે હડપ કરવામાં આવી રહેલી જમીન અને ઓછા વળતરના મુદ્દે પાલનપુરમાં યોજાયેલી બેઠકમાં ખેડૂતોએ આગામી સમયમાં ઉગ્ર આંદોલન સાથે આત્મવિલોપનની ચિમકી ઉચ્ચારી હતી. પાલનપુર, આકેસણ અને સદરપુર ગામના ખેડૂતોએ કેન્દ્ર સરકારની વેસ્ટર્ન રેલવે પ્રોજેક્ટ કોરિડોરના જમીન સંપાદન સામે ખેડૂતો હાઈકોર્ટ પહોંચ્યા હતા. જેમાં હાઈકોર્ટનો વ્યાજબી વળતર ચૂકવવાનો આદેશ છતાં રેલવે વિભાગ દ્વારા વળતર ચૂકવ્યા વિના બળજબરીથી જમીન સંપાદન થઈ રહી હોવાથી ખેડૂતોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. જ્યાં પાલનપુર ખાતે યોજાયેલી બેઠકમા ખેડૂતોએ આક્રોશ વ્યક્ત કર્યો હતો. જેમાં રેલ્વે વિભાગ દ્વારા ખેડૂતોને વળતર ચૂકવવામાં આવ્યુ છે.પરંતુ રેલવે વિભાગ દ્વારા કેટલાક ખેડૂતોને વધુ વળતર આપવામાં આવે છે. અને કેટલાકને ઓછુ વળતર અપાયું છે. જેથી ખેડૂતો દ્વારા આ પ્રકારની બેવડી નિતીનો વિરોધ કરવામાં આવ્યો છે. તેમજ આગામી દિવસોમાં જો ન્યાય નહી મળે તો કલેક્ટર કચેરી ખાતે ધરણા કરી કલેક્ટરને લેખીત આવેદન પત્ર આપવામાં આવશે. તેમ છતા કોઇ નિવેડો નહી આવે તો કલેક્ટર કચેરી ખાતે આત્મવિલોપન કરવાની ચિમકી ઉચ્ચારતા ચકચાર મચી જવા પામી છે.

ઊનાવા નજીક હલકી કક્ષાની વરીયાળીમાંથી બનાવટી જીરૂં બનાવતી ફેકટરી ઝડપાઈ

ઉંઝા

તાજેતરમાં ઉંઝા નજીકના મક્તુપુર ગામની સીમમાં આવેલ એક ક્લીનિંગ ફેક્ટરીમાં ભેળસેળ બાબતે ઉંઝા પોલીસે દરોડો પાડી વરિયાળીનો ભેળસેળ યુક્ત જથ્થો કબજે કર્યાના ગણતરીના દિવસોમાં ઉંઝા તાલુકાના ઉનાવાથી ઐઠોર જવાના રસ્તા પર આવેલ સિધ્ધિ વિનાયક એસ્ટેટના ગોડાઉનમાં હલકી કક્ષાની વરિયાળીમાંથી બનાવટી જીરૂં બનાવવાનું કૌભાંડ બહાર આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર જાગી છે. વિગત એવી છે કે, ઉંઝા તાલુકાના ઉનાવાથી ઐઠોર ગામ જવાના રસ્તા પર સિધ્ધિ વિનાયક એસ્ટેટ આવેલ છે આ એસ્ટેટના ગોડાઉનમાં હલકી વરિયાળીમાંથી બનાવટી જીરૂં બનાવવામાં આવી રહ્યું હોવાથી બાતમીના આધારે ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારીઓએ ઉનાવા પોલીસને સાથે રાખી સાંજના સમયે અચાનક દરોડો પાડ્યો હતો. જ્યાં તપાસ કરતાં પટેલ વિપુલભાઈ પરસોત્તમદાસ પટેલ રીકેશભાઈ મહેન્દ્રભાઈ અને પટેલ પ્રમોદભાઈ નારાયણભાઈ ત્રણેય રહે. ઉંઝાવાળા વરિયાળીને મશીન કટ કરી સાઈઝ નાની બનાવી તેના ઉપર ગોળની રસી, બ્રાઉન, સફેદ અને કાળો પાવડરનો પટ ચઢાવી બનાવટી જીરૂં બનાવતા રંગે હાથ ઝડપાઈ ગયા હતા. બાદ ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકાઓએ સ્થળ પરથી બનાવટી જીરૂં, વરિયાળી, ગોળની રસી અને પાવડરના નમૂના લઈ ૬૬૬૦ કિલો જીરૂં તેમજ ૩૮૦ કિલો પાવડરનો જથ્થો જપ્ત કર્યો હતો. જેથી થયેલ મુદ્દામાલની કિંમત રૂપિયા ૫,૩૪,૭૯૦ ની થવા જાય છે. લીધેલ નમૂના પૃથ્થકરણ માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્રની લેબોરેટરીમાં મોકલી આપેલ છે. જેનો રિપોર્ટ આવ્યા બાદ કાયદેસરની કાર્યવાહી થશે તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર મહેસાણાના ડેઝીગ્નેટેડ ઓફિસરની અખબારી યાદીમાં જણાવાયેલ છે. દરમિયાન વરિયાળીમાંથી બનાવટી જીરૂં બનાવવાના કૌભાંડ સંદર્ભે હજી સુધી કોણ જાણે કેમ ઉનાવા પોલીસ મથકે કોઈ જ ફરિયાદ નોંધાયેલ નથી. કહે છે કે ભેળસેળને લગતા આ કૌભાંડના કેટલાક મોટા માથાઓ સંડોવાયેલ હોઈ આર્થિક યા રાજકીય વગ-દબાણને લઈને ભીનું સંકેલવાના પ્રયત્નો થઈ રહ્યાનું ચર્ચાય છે.

ડીસા હાઈવે ઉપર ઓવરબ્રિજ બનાવવા શહેરનું અગ્રણી મંડળ દિલ્હીમાં મંત્રીઓને રજૂઆત કરશે

ડીસાના ધારાસભ્ય શશીકાન્તભાઈ પંડયાની ઉપસ્થિતિમાં નેશનલ હાઈવે ઓથોરીટના અધિકારીઓ સાથે બેઠક મળી

ડીસા

બનાસકાંઠા જિલ્લાના અગ્રણી વેપારી મથક ડીસા શહેરના મધ્યમાંથી પસાર થતો નેશનલ હાઈવે દિન પ્રતિદિન અકસ્માતોના કારણે જીવલેણ બનતો જઈ રહ્યો છે. જ્યાં આજદિન સુધી અનેક માનવ જીંદગીઓ મોતના મુખમાં ધકેલાઈ ગઈ છે. ત્યારે વિધાનસભાની ચૂંટણી પૂર્વે શહેરના પ્રજાજનોને આપેલ ઓવરબ્રિજની બાંહેધરી પરિપૂર્ણ કરવા ધારાસભ્ય શશીકાન્તભાઈ પંડયાએ ચક્રો ગતિમાન કર્યા છે. તેઓએ ગઈકાલે શહેરના અગ્રણીઓની ઉપસ્થિતિમાં નેશનલ હાઈવે ઓથોરીટીના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. જેમાં ચર્ચા વિમર્સ બાદ શહેરના અગ્રણીઓનું એક મંડળ ઓવરબ્રિજ મુદ્દે દીલ્હી ખાતે જઈ કેન્દ્રીય મંત્રીઓને રજૂઆત કરશે. તેવો નિર્ણય કરાયો હતો.

ડીસાના માર્કેટયાર્ડ ત્રણ રસ્તા - એરપોર્ટ સર્કલ - જલારામ મંદિર સર્કલ - ગાયત્રી સર્કલથી બનાસબ્રીજ સુધી પીલ્લરવાળો ઓવરબ્રીજ નિર્માણ કરવા માટે ડીસા વિવિધ સમાજ સેવા સંસ્થાઓ અને આગેવાન નાગરિકોએ વારંવાર રાજય સરકાર અને કેન્દ્ર સરકારથી લઈને સ્થાનીક લેવલે જિલ્લા સાંસદ - ધારાસભ્ય અને કલેકટરને લેખિત - મૌખિક રજૂઆતો કરેલ હતી તેના પરિણામ સ્વરૂપે ડીસાના ધારાસભ્ય શશીકાન્તભાઈ પંડયાએ ગતરોજ ડીસા રેસ્ટ હાઉસ ખાતે નેશનલ હાઈવે ઓથોરીટીના અધિકારીઓ રમાશંકર ઝા, પી.કે. ગઢવી, મનીષભાઈ ઠક્કર, જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ મહેશભાઈ દવે હાઈવે અકસ્માત નિવારણ સમિતિના પ્રમુખ ડો.સી.કે. પટેલ, માનદ મંત્રી હસમુખભાઈ વેદલીયાની ઉપસ્થિતિમાં મીટીંગ યોજીને ડીસાના પ્રાણપ્રશ્ન સમાન ઓવરબ્રીજ નિર્માણ ત્વરીત થાય તે માટે નેશનલ હાઈવે ઓથોરીટીના અધિકારીઓ સાથે વિચાર વિમર્સ કરેલ છે. આ બાબતે ધારાસભ્ય શશીકાંતભાઈ પંડયાના નેતૃત્વમાં ડીસાથી પ્રતિનિધિ મંડળ દીલ્હી ખાતે મંત્રી નીતીનભાઈ ગડકરી, મંત્રી હરીભાઈ ચૌધરી, મંત્રી મનસુખભાઈ માંડવીયા અને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીતભાઈ શાહને રૂબરૂ મળીને રજુઆત કરશે. અત્રે એ નોંધવું જરૂરી છે. ચાલુ વર્ષના વિધાનસભાની ચૂંટણીમા ડીસાવાસીઓ માટે શિરર્દદ સમાન ટ્રીફીકનો

અનુસંધાન પાના નં.૬

ડીસા હાઈવે ઉપર ઓવરબ્રિજ બનાવવા ધારાસભ્ય દ્વારા ચક્રો ગતિમાન

વિચાર વૈભવ...

'પપ્પા! ખુશખબર!'

'શું થયું?'

'એક પ્રશ્નનો સાચો જવાબ આપશો?'

'પૂછ'

'હું પરીક્ષામાં પાસ થઈ જાઉં તો તમે મને શું આપવાનું વચન આપ્યું હતું?'

'૫૦૦૦ રૂપિયા'

'બસ મારે તમને એ જ સમાચાર આપવાના છે'

'પાસ થઈ ગયો?'

'ના, તમારા ૫૦૦૦ બચાવ્યા!'

*****

મા- બાપ દીકરાને શા માટે ભણાવવા માગે છે? સંસ્કારી બન્યો રહે એ માટે? ના. સન્માર્ગ પર ટકી રહે એ માટે? ના. સદ્‌બુદ્ધિનો સ્વામી બન્યો રહે એ માટે? ના. શરમશીલ બન્યો રહે એ માટે? ના. તો?' એક જ કારણ. એ સંપત્તિમાન બન્યો રહે એ માટે! દીકરો પણ આ જ હેતુ માટે ભણી રહ્યો છે. શિક્ષકો પણ આજ હેતુ માટે ભણાવી રહ્યા છે! જ્યાં ભણતરના કેન્દ્રમાં "પૈસા' જ હોય ત્યાં માણસની પ્રગતિ તો કદાચ શક્ય બને છે પણ વિકાસ અશક્ય થઈ જાય છે. યાદ રાખજો, પ્રગતિનો સંબંધ સફળતા સાથે છે જ્યારે વિકાસનો સંબંધ શાંતિ અને સદ્‌ગુણ સાથે છે. પેન્ટના ભોગે થેલી સચવાઈ જાય એ થેલીનું કરવાનું શું?

-શ્રીમદ્
વિજયરત્નસુંદરસૂરીશ્વરજી
મહારાજ

સાર સમાચાર...

પેટ્રોલ-ડિઝલની છુટક કિંમતોને ન વધારવા સરકારનો સ્પષ્ટ આદેશ

નવી દિલ્હી

ભારતની સરકારી ઓઈલ રિટેલર્સ કંપનીઓને પેટ્રોલ અને ડિઝલની કિંમતોમાં વધારો ન કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર દ્વારા સૂચના આપવામાં આવી છે. વૈશ્વિક તેલ કિંમતોમાં હાલમાં થયેલી રિકવરીના પરિણામ સ્વરૂપે થયેલા નુકસાનને પહોંચી વળવા માટે પોતાની રીતે પ્રયાસ કરવા તમામને સૂચના આપવામાં આવી છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન સહિતની કંપની ઓને પેટ્રોલ અને ડિઝલના વેચાણ ઉપર લીટરદીઠ રૂપિયા ૧ સુધીના નુકસાનને ઉઠાવવા માટે કહેવામાં આવ્યું છે. લોકોએ કહ્યું છે કે પેટ્રોલિયમ કંપની ઓને આના કારણે વધારે બોજનો સામનો કરવો પડી શકે છે. પેટ્રોલ અને ડિઝલના વેચાણ પર છુટક પ્રતિ લીટર ૧ રૂપિયાનું નુકસાન થઈ શકે છે. આ મામલામાં નજર રાખી રહેલા સૂત્રોએ નામ જાહેર નહીં કરવાની શરતે આ મુજબની વાત કરી છે. બીજી બાજુ ઈન્ડિયન ઓઈલના શેરમાં મંગળવારના દિવસે ૭.૬ ટકાનો ઘટાડો થયો હતો. ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયાન નવેમ્બર ૨૦૧૬ બાદથી સૌથી મોટો ઘટાડો થયો છે.

સૂર્યોદય - ૬.૨૪ સૂર્યાસ્ત - ૬.૫૮

તિથિદર્શન

ચૈત્ર વદ ૧૧ ગુરૂવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ ચૈત્ર વદ :અગીયારસ ગુરૂવાર નક્ષત્રઃ શતતારા રાત્રે ૨૭.૧૮ પછી પૂર્વભાદ્રપદ યોગ :શુકલ કરણ:કૌલવ આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ.શ.ષ.સ.) અક્ષરો ઉપર પાડવું શાસ્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

ચલં વિત્તં ચલં ચિત્તં ચલે જીવિત યૌવને ચલાચલ મિદં સર્વ કીર્તિયસ્ય સ જીવતિ

'લક્ષ્મી ચંચળ છે, મન ચલાયમાન છે, જિંદગી અને યૌવન પણ ચંચળ છે, આ બધું જ ચલ અને અચલ છે એ પરિસ્થિતિ જે 'કીર્તિ માગે છે તેનું જીવન, જીવ્યા તુલ્ય સફળ છે.

લક્ષ્મી ક્યાંય કાયમ માટે રહેતી નથી, જીવનના પુરુષાર્થ કે ભાગ્યના દાયકા પ્રમાણે લક્ષ્મી ધન-સમૃદ્ધિ આવે છે.. આજના પ્રધાનો કે સરકારી સાહેબો કે વેપારી-ઉદ્યોગમાં અપાર સમૃદ્ધિ આવતી હોય છે તે સમય દરમિયાન કોઈ છકી જાય અને જીવન અને ધન વેડફી નાખે છે કોઈ 'બચત' કરી જીવન સુરક્ષિત કરે છે તો કોઈ દાન- પુણ્ય કરી 'કીર્તિ' કમાઈ લે છે. જીવન પણ કાયમી નથી, કયો શ્વાસ પાછો નહીં આવે એની આપણને ખબર નથી. મોજશોખ- વ્યસન- વાસનામાં જીવન વેડફી નાખવું કે સમાજસેવા કરી કીર્તિ- નામના પામવી એ આપણે વિચારી લેવાનું છે.

જીવનનો એક તબક્કો યુવાની છે. ૨૦- ૨૫ વર્ષમાં શ્રમ- પરિવાર દ્વારા કમાણી થઈ શકે કે આરામ કરી વય વેડફી પણ શકાય.

લક્ષ્મી- જીવન -યૌવન બધું જ ચલાયમાન-અસ્થિર છે. એનો સદુપયોગ કરી જીવનને ધન્ય બનાવવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.) વ્યર્થ દોડા-દોડી રહે. આવકમાં મંદીનો અનુભવ થાય..

વૃષભ : (બ.વ.ઉ.) આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. મુસાફરીથી લાભ થાય.

મિથુન : (ક.છ.ઘ.) વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે. નવા કાર્યમાં સફળતા મળે.

કર્ક : (ડ.હ.) નવિન શુભ સમાચાર મળે. આવક-જાવક સરભર રહે.

સિંહ : (મ.ટ.) સરકારી કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.

કન્યા : (પ.ઠ.ણ.) માન-સન્માનમાં વધારો થાય. આવકમાં વૃધ્ધિ થાય.

તુલા : (ર.ત.) અટકેલા કાર્યોમાં પ્રગતી થાય. સ્વભાવ તેજ રહે.

વૃશ્ચિક : (ન.ય.) કાર્યબોજ વિશેષ રહે. જીવનસાથી દ્વારા લાભ થાય.

ધન : (ભ.ફ.ધ.) માંગલિક કાર્યમાં સફળતા મળે. આવકનો નવો માર્ગ ખૂલે.

મકર : (ખ.જ.) શેર-સટ્ટાથી દૂર રહેવું. વાણીસંયમ જાળવવો હિતાવહ.

કુંભ : (ગ.શ.સ.) અટકી-અટકીને કાર્યો સફળ બને. નાણાંભીડ દૂર થાય.

મીન : (દ.ચ.જ.થ.) કાર્યબોજ વિશેષ રહે. મહેનત પ્રમાણે ફળ ન મળે.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

અમેરિકાના મહાન પ્રમુખ ફ્રેન્કલીન ડી. રૂઝવેલ્ટની પુણ્યતિથિ છે.એમનો જન્મ તા. ૩૦-૧-૧૮૮૨ ના રોજ થયો હતો. પ્રમુખપદની સોગંદવિધિ સમયે એમણેપ્રજાને ઝડપી પગલાં લેવાનું વચન આપ્યું હતુ. તે પછીના માત્ર 'સો દિવસ'માં ક્રાંતિકારી ખરડાઓ પસાર કરીને શાંત ક્રાંતિસર્જી. અમેણે અમેરીકાને સફળ નેતૃત્વ પુરૂ પડયું અને તેથી જ અમેરિકાએ અગાઉની સર્વ ઐતિહાસિક પ્રણાલિકાઓને ફગાવી દઈ ૧૯૪૦ માં સતત ત્રીજી વાર રૂઝવેલ્ટને પ્રમુખપદે ચૂંટયા. આવા મહાન દેશના મહાન પ્રમુખ રૂઝવેલ્ટનું તા. ૧૨-૪-૧૯૪૫ ના રોજ અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રધ્ધા અતૂટ..... અને વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

તા. ૧૨.૦૪.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

નિફ્ટી ફ્યુચર ૧૦૪૭૪ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!

તા. ૧૧.૦૪.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૪૧૬ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૪૭૪ પોઈન્ટના પ્રથમ અને ૧૦૪૯૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૩૯૩ પોઈન્ટ થી ૧૦૩૭૭ પોઈન્ટ, ૧૦૩૬૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૪૯૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

તા. ૧૧.૦૪.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૦૯૨ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૧૨૫ પોઈન્ટના પ્રથમ અને ૨૫૨૫૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૦૨૫ પોઈન્ટ થી ૨૪૯૬૦ પોઈન્ટ, ૨૪૯૦૯ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૨૫૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

HDFC બેન્ક (૧૯૧૪) :- HDFC ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૮૯૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૮૭૩ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૯૩૭ થી રૂ.૧૯૪૪ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૯૫૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

HDFC લિમિટેડ (૧૮૧૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૭૯૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૭૭૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૮૩૭ થી રૂ.૧૮૪૭ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!

સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૨૧૧) :- રૂ.૧૧૯૦ નો પ્રથમ તેમજ રૂ.૧૧૭૩ ના બીજા સપોર્ટથી સિમેન્ટ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૨૩૩ થી રૂ.૧૨૪૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!

લ્યુપિન લિમિટેડ (૭૯૦) :- ફાર્મા સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૮૦૮ થી રૂ.૮૧૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૭૬૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

સન ફાર્મા (૫૨૦) :- રૂ.૦૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૦૩ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ફાર્મા સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૩૩ થી રૂ.૫૪૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!

HCL ટેક્નોલોજી (૯૬૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેક્નોલોજી સેક્ટર નો આ સ્ટોક રૂ.૯૮૯ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૯૫૭ થી રૂ.૯૪૪ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૯૯૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

બાટા ઈન્ડિયા (૭૯૬) :- રૂ.૮૦૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૮૧૮ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૭૮૭ થી રૂ.૭૭૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૮૨૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!

ટેક મહિન્દ્રા (૬૩૪) :- ટેક્નોલોજી સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૬૬૦ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૬૨૩ થી રૂ.૬૧૬ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!

તાતા સ્ટીલ (૬૦૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સ્ટીલ સેક્ટરનો આ સ્ટોક રૂ.૬૧૯ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૯૦ થી રૂ.૫૮૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૬૨૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

યસ બેન્ક (૩૧૩) :- રૂ.૩૩૦ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૩૪૭ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૨૯૬ થી રૂ.૨૯૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૩૬૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

ડીસા ચિ.હં. દોશી પે. કેન્દ્ર શાળાના આચાર્યનો વિદાય સમારોહ યોજાયો

ભરત સુંદેશા

ડીસા

ચિ.હં.દોશી આચાર્ય તેમજ બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના સિનિયર મંત્રી મનહરભાઈ કે.પરમાર વય નિવૃતિ થતા હોઈ તેઓના વિદાય સન્માન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ અને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વીજયસિંહ જાડેજા તથા ઉદ્દ્ઘાટક શંશીકાન્તભાઈ પંડ્યા ધારાસભ્ય ડીસા તેમજ પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ,વેર હાઉસીંગ બોર્ડના ચેરમેન મગનભાઈ માળી, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી સતિષભાઈ પટેલ તેમજ ગુજરાત પ્રદેશ બક્ષી મોરચના અધ્યક્ષ દિનેશભાઈ અનાવડિયા, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ચમનભાઈ વાઘેલા, જિલ્લા શિક્ષણાધિકારી ડૉ.દિપકભાઈ દરજી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી જાગૃતિબેન દેસાઈ મામલતદાર એન.એલ.ડામારે, ડીસા મહામંત્રી પાગજીભાઈ, અશ્વિનભાઈ પટેલ બીટકેનિ ઉપસ્થિત રહ્યા હતા.

વિદાય લેતા મનહરભાઈનો સન્માન કરેલ ચિ.હં.દોશી શાળા પરિવાર તરફથી સોનાની વીટી સાલ આપી સન્માન કરેલ તેમજ નવિન આચાર્ય પ્રવિણભાઈ સાધુને સાલ મોમેન્ટ આપી આવકારેલ. ડીસા તાલુકા પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ પાથાભાઈ દેસાઈ તેમજ ડીસાની શિક્ષક સંઘની ટીમ દ્વારા સોનાની વીંટી આપી મંત્રીનું બહુમાન કરેલ તેમજ પેટાશાળાઓના મુ.શિ.તથા શિક્ષક ગણ દ્વારા સાલ મોમેન્ટ આપી સ્વાગત કરેલ. બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સઘના પ્રમુખ રાજ્યના પ્રમુખ દ્વારા સોનાનો દોરો આપી બહુમાન કરવામાં આવેલ. નહેરૂ નગર પર શાળાના આચાર્ય તથા તેમના સ્ટાફ દ્વારા રાધા-કૃષ્ણની મૂર્તિ અને કોકિલાબેનને સાડી અર્પણ કરી બહુમાન કરેલ તથા તાલુકા જિલ્લા શિક્ષણ સંઘના હોદેદારો સિનીયર ઉપપ્રમુખ મૂળજીભાઈ ગોહિલ, મુકેશભાઈ દવે, પ્રવિણપુરી ગોસ્વામી રમેશભાઈ જોષી તેમજ સર્વણભાઈ અનાવાડીયા ખજાનચી તથા માંગીલાલ પટેલ, મનીષભાઈ પટેલ ઠાકરસીભાઈ, મંત્રી પ્રવિણભાઈ સોલંકી ડીસા તાલુકા ખેતથી ગુલામસિંહ હડીયોલ, મહેન્દ્રભાઈ ઠક્કર, મહેશભાઈ પટેલ, જાબડીયા મહેશભાઈ પટેલ ગોઢા તમામ સંઘના હાદેદારો સન્માન કરેલ. ભાવિકાબેન દવે કરેલ આભારવિધિ શાળાના આચાર્ય પ્રવિણભાઈ સાધુએ કરેલ.

ગણપત યુનિવર્સિટીના સ્થાપના દિવસની આજે ઉજવણી

સોમનાથ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો.અર્કનાથ ચૌધરીના વિશેષ વ્યાખ્યાનનું આયોજન

વૈદિક ધર્મ સંપ્રદાયઃ નિરપેક્ષ માનવ ધર્મ વિષયે' પ્રો. અર્કનાથ એમના મનનીય વિચારો વ્યક્ત કરશે

ગણપત વિદ્યાનગર

નોલેજ, ઈન્ટિગ્રિટી, હાર્ડવર્ક, સિન્સિયારિટી, લીડરશીપ અને ટીમવર્કના શિક્ષણ - સંસ્કારનું સિંચન કરીને જે પોતાના વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનું ઘડતર કરવાની સતત ખેવના રાખે છે એવી ગુજરાતની હાઈટેક તરીકે નામના પામેલી ગણપત યુનિવર્સિટીના ૧૨ મા ફાઉન્ડેશન - ડે (સ્થાપના દિવસ) ની આવતીકાલ તા.૧૨ મી એપ્રિલ, ૨૦૧૮ ના રોજ ઉજવણી કરવાનું યુનિવર્સિટીએ આયોજન કર્યું છે.

પોતાની ૧૨ માં સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે યુનિવર્સિટીએ ફાઉન્ડેશન - ડે લેકચર માટે રાજયની સુપ્રતિષ્ઠિત એવી શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના વાઈસ ચાન્સેલર પ્રો. અર્કનાથ ચૌધરીને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે અને તેનો એમણે સ્વીકાર કર્યો છે. પ્રો.અર્કનાથ ચૌધરી આ અવસરે 'વૈદિક ધર્મ સંપ્રદાયઃ નિરપેક્ષ માનવધર્મ' વિષયે પોતાનું મનનીય ચિંતન વ્યક્ત કરશે.

પ્રો.અર્કનાથ ચૌધરી ગુજરાતની સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના વાઈસ - ચાન્સેલર બન્યા એ પહેલા જયપુરની રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાનમાં લાંબો સમય રહઅી સેવાઓ આપી ચૂક્યા છે. આ સિવાય પણ એમણે ઝારખંડ અને આંધ્રપ્રદેશની વિવિધ સંસ્કૃત વિદ્યાલયોમાં વ્યાખ્યાતા તરીકે સેવાઓ આપી છે.

અર્કનાથ ચૌધરીનું વતન બિહારના મધુબની જિલ્લાનું રૂદ્રપુર નામનું એક ગામ છે પરંતુ સંસ્કૃત જેવા વિષયમાં જ એમણે પોતાના અભ્યાસ - સંશોધનનું વિદ્વતાપૂર્ણ કાર્ય કર્યુ

અનુસંધાન પાના નં.૬

ડીસામાં નવા પ્રાંત અધિકારી મુકાયા

ડીસા

ડીસા ખાતે છેલ્લા કેટલાક મહિનાઓથી ઈન્ચાર્જ પ્રાંત અધિકારી તરીકે વી.કે. ઉપાધ્યય સેવા બજાવતા હતા પરંતુ તાજેતરમાં એસીબી ટીમ દરમિયાન તેઓ લાંચ લેતા ઝડપાયા હતા આથી તેમની જગ્યા ખાલી હતી જયાં નવા પ્રાંત અધિકારી તરીકે એચ.એમ. પટેલને મુકવામાં આવ્યા છે.

જાવલ પ્રાથમિક શાળામા ધોરણ-૮(આઠ)નો વિદાય કાર્યક્રમ યોજાયો

ડીસા

ગત તા.૦૯/૦૪/૨૦૧૮ ના રોજ ડીસા તાલુકાની જાવલ પ્રાથમિક શાળામા ધોરણ આઠના વિધાર્થીઓનો વિદાય અને શુભેચ્છા સન્માન સમારોહ યોજાયો હતો.જેમા ગામના સરપંચશ્રી, વાલીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી.વિધ્યાર્થીઓ દ્વારા શાળાને ડિજિટલ ઘડિયાળ અને વૉટરબેગ ભેટ આપવામાં આવી.

શાળાના શિક્ષકો ઉમેદભાઈ, મુકેશભાઈ, અસ્મિતાબેન, હિતેશભાઈ, વસંતભાઈ, નિરુબેન, હેતલબેન વગેરેએ પ્રાસંગિક અનુભવો સાથે શુભેચ્છાઓ આપી હતી.

શાળાના આચાર્યશ્રી આઈ.સી.ડાભીએ સમગ્ર સંચાલન સાથે વિધાર્થીઓને શિક્ષણ અને પુરુષાર્થ સમજાવી ભવિષ્યમાં ઉજ્જવળ કારકિર્દી બનાવવા આહવાન કર્યું હતું. મધ્યાહન ભોજન સંચાલક ભુરાભાઈ તથા આંબાભાઈ ચૌધરીએ જરુરી સેવા આપી હતી.

જવાહર નવોદય વિદ્યાલય દાંતીવાડા મુકામે ધોરણ-૬માં પ્રવેશ માટેની પરીક્ષા યોજાશે

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં દાંતીવાડા ખાતે આવેલ જવાહર નવોદય વિધાલયમાં ધોરણ-૬ માં પ્રવેશ મેળવવા માટેની પરીક્ષા તા.૨૧/૦૪/૧૮, શનિવારના રોજ યોજાશે. આ પરીક્ષામાં બેસવા માટે ઉમેદવારો પાસે એડમીટ કાર્ડ (પ્રવેશ પત્ર) હોવું ફરજીયાત છે. આ માટે ઉમેદવારોએ જે સી.એસ.સી. સેન્ટર મારફત ઓનલાઈન ફોર્મ ભરેલ હોય તે સી.એસ.સી. સેન્ટરનો સંપર્ક કરીને એડમીટ કાર્ડ (પ્રવેશ પત્ર) મેળવી લેવાના રહેશે. તેમજ જે ઉમેદવારોએ ઓફલાઈન ફોર્મ ભરેલ હોય તેવા ઉમેદવારો, વાલીઓ, શાળાના આચાર્યએ જવાહર નવોદય વિધાલય, દાંતીવાડા ખાતેથી રૂબરૂ આવી એડમીટ કાર્ડ (પ્રવેશ પત્ર) મેળવી લેવાના રહેશે.

ઓફલાઈન અરજી કરેલ ઉમેદવાર પોતાની રીતે પણ એડમીટ કાર્ડ ડાઉનલોડ કરી શકશે. જે માટે તેઓએ નવોદય વિધાલય સમિતિની વેબસાઈટ www.nvshq.rog પરથી ડાઉનલોડ કરી શકશે. આ અંગેની વધુ જાણકારી માટે જવાહર નવોદય વિધાલય, દાંતીવાડાના સંપર્ક નં.૦૨૭૪૮-૨૭૮૫૧૭ ઉપર સંપર્ક કરવા દાંતીવાડા જવાહર નવોદય વિધાલયના આચાર્યએ જણાવ્યું છે.

ડીસા પંથકમાં સાંજના સુમારે હવામાનમાં આવેલા અચાનક પલટો

નરસિહ દેસાઈ

પ્રતિનિધિ વડાવલ

ગુજરાત રાજ્ય ઉપર છવાયેલી અપરએર સાયક્લોનિક સરક્યુલેશનની અસરથી રાજયના અનેક ભાગોમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી વાતાવરણમાં પલ્ટો આવેલો જોવા મળી રહ્યો છે ત્યારે આજરોજ બુધવારના સાંજના સુમારે ડીસા પંથકમાં પણ વાતાવરણમાં પલટો આવતાં પવન ફૂંકાયો હતો પર દિવસભર ગરમીથી ત્રાહિમામ પોકારેલા પ્રજાજનોને સાંજના સમયે વાતાવરણમાં અચાનક પલટો આવતા ઠંડો પવન ફૂંકાતાં ગરમીથી રાહત મળી હતી. કેટલીક જગ્યાએ વરસાદના સામાન્ય છાંટા પણ પડયા હતા ત્યારે અચાનક વાતાવરણમાં આવેલા પલટાને પગલે ઠંડક પ્રસરી ગઈ હતી અને આકાશમાં કાળાડિબાંગ વાદળો છવાયા હતા.

માનપુરમાં સંતવાણી કાર્યક્રમ યોજાયો

ડીસા

નેકાંકરેજ તાલુકાના માનપુર ગામે મા ભગવતી આધ્યશક્તિ શિકોતરમાં, બ્રહ્માણીમાના મંદીરે ગામલોકો દ્વારા સંતવાણીનું આયોજન કરાયું હતું તેમાં સંતવાણી ભજનીક સુપ્રસિધ્ધ ગાયક રામનાથ ગોસ્વામી, ભજનીક રમેશ લીમ્બાચીયા ગાયક રામભાઈ યોગી, સાહિત્ય, ભરતભાઈ યોગી તબલાના તરવૈયા ભરતભાઈએ અને બેન્ઝોના સુરથી ગ્રામજનાને મંત્રમુગ્ધ કર્યા હતા.

માલગઢના આશાસ્પદ યુવાનનો જીવનદીપ બૂઝાયો

પ્રતિ. માલગઢ

શેઠ શ્રી એલ.એચ.માળી આદર્શ હાઈસ્કૂલ-માલગઢમાં માર્ચ-૨૦૧૮ માં ધો.૧૨ ની પરીક્ષા આપનાર રાહુલ પુખરાજભાઈ સોલકી ઉસ્તાદ ની પસંદગી તા.૨૯/૪/૨૦૧૮ ના રોજ મહારાષ્ટ્રના પૂના ખાતે યોજનાર નેશનલ કક્ષાની દોડ માટે થઈ હતી. તે હેતુસર છેલ્લા અઠવાડિયાથી હિંમતનગર ખાતે સંસ્થાની હોસ્ટેલમાં રહીને, દોડની પ્રેક્ટિસ કરતો હતો. તા.૧૦/૪/૧૮ ને મંગળવારના દિવસે વહેલી સવારે સ્લો દોડ દરમિયાન મેદાન પર તેને ગભરામણ થઈ હતી. તેથી વધુ સારવાર અર્થે હોસ્પિટલ લઈ જતી વખતે રસ્તામાં મૃત્યુ પામ્યો હતો. નોંધનીય છે કે વકતૃત્વ કળામાં નિપુણ રાહુલ છેલ્લા એક વર્ષથી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહ્યો હતો અને તેનું સ્વપ્ન યુપીએસસી ની પરીક્ષા પાસ કરવાનું હતું તેની આંખોનું દાન કરાયું હતું. ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

વાવ પ્રા.શાળા નં.૨ માં ધો-૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો

વિષ્ણુ પરમાર

તા પ્રતિ. વાવ

વાવ પ્રા.શાળા નં.૨ માં અભ્યાસ કરતા ધોરણ-૮ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ કાર્યક્રમ યોજાયો હતો. જે પ્રસંગે વિદાય લઈ રહેલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ પોતાના અભ્યાસ કાળ દરમ્યાન થયેલા અનુભવોનું વર્ણન કર્યું હતું. શાળાના સ્ટાફમિત્રો એ વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓ વિદ્યાર્થીનીઓને શુભકામનાઓ પાઠવી હતી.

સમગ્ર વર્ષ દરમ્યાન સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર ૧૬૭ વિદ્યાર્થી મિત્રોને શાળા તરફથી સ્ટીલનું ભાણું આપવામાં આવ્યું હતું. તેમજ આઈસ્ક્રીમ અને ઠંડા પીણા આપી વિદાય આપવામાં આવી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન વાવ પ્રા.શાળા નં.૨ ના સ્ટાફમિત્રો દ્વારા કરવામાં આવ્યું હતું.

વડોદરામાં પરશુરામ જયંતિએ બ્રહ્મ સમાજ દ્વારા રેલી નીકળશે

મનીષ જોશી

વડોદરા

વડોદરામાં અખાત્રીજ અને પરશુરમ જયંતિની ઉજવણીના આયોજન માટે બ્રહ્મસમાજ દ્વારા મળેલી એક બેઠકમાં રૂપરેખા નક્કી કરવામા આવી હતી.તા. ૧૮મીના રોજ ભગવાન પરશુરામ જયંતિ છે ત્યારે સમસ્ત બ્રહ્મસમાજના વડોદરા શહેર/ જીલ્લાના તમામ એકમ ના કાર્યકરો, પ્રમુખ તથા મંત્રી સહીતના અંદાજીત ૫૦૦ જેટલા ભૂદેવો "પરશુરામ જનમોત્સવ "મહારેલી માટે ની કુસુમ વાટિકા ખાતે યોજાયેલી બેઠકમાં ભેગા થયા હતા.

૧૮ મી તારીખની ભગવાન પરશુરામ જન્મોત્સવ (અખા ત્રીજ) ની મહારેલી માટે દરેક જ્ઞાતિ ના ભૂદેવો હજારો ની સંખ્યા મા રેલીમાં સમસ્ત બ્રહ્મસમાજ ના પ્રમુખ (અને દર્ભાવતી (ડભોઇ) ધારાસભ્ય અને વડોદરા જિલ્લા ભારતીય જનતા પાર્ટીના દિગ્ગજ નેતા શૈલેષભાઇ મહેતા (સોટ્ટા) ની આગેવાનીમા જોડાશે. એમ કિરીટભાઈ જોષી પ્રમુખ (સ.ગુ.બ.સ., વડોદરા શહેર/ જિલ્લો) અને સનત પંડ્યા મહામંત્રી (સ.ગુ.બ.સ. વડોદરા શહેર/ જિલ્લો) એ જણાવ્યુ છે.

ચીમનગઢ પ્રા.શાળાના ધો.૮ નો વિદાય સમારોહ યોજાયો

મહાદેવ પરમાર

પ્રતિ. રવિયાણા

કાંકરેજ તાલુકાની ચીમનગઢ પ્રા.શાળામાં ભણતા ધો.૮ ના બાળકોનો વિદાય કાર્યક્રમ યોજાયો હતો. વિદાય લેતા બાળકોએ વિદાયગીત તેમજ પોતાના ભાવ પ્રતિભાવ આપ્યા હતા તેમજ બાળકો તરફથી શાળાને પ્રતિકરૂપે સરસ્વતી દેવીની તસ્વીર આપી હતી. વિદાય કાર્યક્રમની સાથે શાળા પરિવાર તરફથી ભાવ ભોજન પણ આપવામાં આવ્યુ હતું. આચાર્ય બળવંતસિંહ ઠાકોરે બાળકો ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવેલ આ કાર્યક્રમમાં એસ.એમ.સી અધ્યક્ષ શંકુબેન ચૌધરી, સરપંચ મનુભાઈ જોષી, તાલુકા ભાજપ પ્રમુખ ડાયાભાઈ પીલીયાતર, જામાભાઈ દેસાઈ, પદમાભાઈ કથરોટીયા, શંકરભાઈ ચૌધરી, કમલેશભાઈ બારૂપાલ, જયેતિભાઈ ડાભાણી, કંથુજી ઠાકોર, મફાભાઈ સુથાર તથા શાળા પરિવાર હાજર રહી વિદાય લેનાર બાળકોને શુભેચ્છા પાઠવેલ.

ભૂજ ખાતે ઉત્તર ગુજરાત દેશી લોહાણા મહાજનોની મીટીંગ યોજાઈ

ડીસા

રઘુવંશી દેશી લોહાણા સમાજના ઈતિહાસમાં સૌ પ્રથમવાર ઐતિહાસિક અને ગૌરવશાલી કહી શકાય તેવો મહાજન મિલન સમારોહ ભૂજ લોહાણા મહાજનના દિવ્ય આમંત્રણથી તાજેતરમાં તા.૮/૪/૨૦૧૮ ને રવિવારે ભૂજ ખાતે નીલકંઠ સ્વામિનારાયણ મંદિર ખાતે યોજાયો હતો. રઘુવંશી સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ પોપટભાઈ અખાણીની અધ્યક્ષસ્થાને યોજાયેલ આ કાર્યક્રમની શુભ શરૂઆત દીપપ્રાગટ્યથી કરવામાં આવી હતી. સમાજના અગ્રણીઓ સર્વ પોપટભાઈ અખાણી, વિનોદભાઈ એસ.ઠક્કર, ભગવાનભાઈ બંધુ, ફરસુભાઈ ડી.ઠક્કર, ગીરીશભાઈ ઠક્કર, દેવચંદભાઈ જીનવાળા તેમજ યજમાન સંસ્થાના પ્રમુખ જીતુભાઈ ઠક્કર સહિત સૌએ દિપપ્રાગટ્ય કરી મંચ ઉપર પોતાની બેઠક લીધી હતી. સૌનું શબ્દોથી સ્વાગત ભૂજના નિષ્ઠાવાન કાર્યકર કિશોરભાઈ મીતવાળાએ કર્યું હતું જ્યારે કાર્યક્રમની રૂપરેખા અને પ્રસંગોચિત પ્રેરણાદાયી ઉદ્‌બોધન ભૂજ મહાજનના પ્રમુખ જીતુભાઈ ઠક્કરે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરતાં ડો. જીગ્નેશભાઈ ઠક્કરે પણ તમામ મહાજનોને પોતાની આગવી શૈલીમાં આવકારી રઘુવંશી સમાજની દિવ્યતા અને ભવ્યતા અંગે વાતો કરી હતી. તમામ મહાજનોનું રજીસ્ટ્રેશન નિષ્ઠાવાન કાર્યકરો નટુભાઈ ટી.સહાયતા અને એસ.જી.ઠક્કરે કર્યું હતું માંડવી, ભૂજ, ગાંધીધામ, વારાહી, રાધનપુર, થરા, ભાભર, દિયોદર, શિહોરી, ડીસા, પાલનપુર, મહેસાણા, હારિજ, સમી, અમદાવાદ, વઢિયાર, વડોદરા, કડીકલોલ, ગાંધીનગર, ભીલડી, પાટણ, ધાનેરા સહિત અંદાજે ૨૫ જેટલાં મહાજનોમાંથી પ્રતિનિધિઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રત્યેક મહાજનને પૂજ્ય જલારામબાપાનો મોમેન્ટો પણ અર્પણ કરાયો હતો. દિવંગતોને શ્રધ્ધાંજલિ તેમજ પ્રતિજ્ઞાપત્રનું વાંચન ભગવાનભાઈ બંધુએ કરાવ્યું હતું.

અનુસંધાન પાના નં.૬

થરાદ શહેરની માત્ર ૮૦૦ દુકાનો જ ગુમાસ્તાધારાનું લાયસન્સ ધરાવે છે

વિષ્ણુ દવે

પ્રતિ. થરાદ

થરાદમાં માર્ચ ૨૦૧૫ થી ગુમાસ્તા ધારાનો અમલ હોવા છતાં પણ તેનું જડબેસલાક પાલન કરવામાં આવતું નથી તેવી ફરીયાદો ઉઠવા પામી છે.તે ઉપરાંત પણ એક આશ્ચર્ય જનક બાબત એ છે કે નગરમાં કુલ કેટલી દુકાનો છે તથા તે પૈકીની (ગુમાસ્તાધારાના અમલમાં ન આવતી દુકાનોને બાદ કરતાં) કેટલી દુકાનોને ગુમાસ્તાધારાનો અમલ કરવાનો થાય છે અથવા તો કેટલી દુકાનો હજુ સુધી ગુમાસ્તાધારાનું લાયસન્સ ધરાવતી નથી તેની ચોક્કસ પ્રકારની આંકડાકીય માહિતીનો નગરપાલિકા પાસે જ અભાવ છે. આ અંગે નવગુજરાત સમય સાથેની વાતચિતમાં શોપ ઈન્સપેક્ટર ગૌતમભાઈ પરમારે ૮૦૦ જેટલી દુકાનોને લાયસન્સ આપવામાં આવ્યાં હોવાનું જ્યારે ચીફ ઓફીસર મયુર જોષીએ બાકીનાની હવે સર્વે કામગીરી હાથ ધરીશું તેમ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છેકે થરાદ નગરમાંની ૧૭,૦૦૦ જેટલી મિલકતો પાલિકાના આકારણી રજીસ્ટરે ચઢેલી છે. જેમાં ૨૫૦૦ જેટલી દુકાનો હોવાનો અંદાજ છે.પરંતુ પાલિકા પાસે માત્ર ૮૦૦ દુકાનો જ લાયસન્સ ધરાવતી હોઈ બાકીની દુકાનો પાસેથી ફી ની આવકનું પાલિકાને (સરકાર)ને નુકશાન થઇ રહ્યું છે. અત્રે નોંધનીય છે કે તાજેતરમાં જ થરાદ નગરમાં ગુમાસ્તા ધારાના ભંગ બાબતનો અહેવાલ પ્રકટ થતાં પાલિકાના ચીફઓફીસર દ્વારા મંગળવારની સાંજે નગરના શોપિંગ સેન્ટરમાં કર્મચારીઓ ને સાથે રાખીને શોપ લાયસન્સની ચકાસણી કરવામાં આવી હતી.

અનુસંધાન પાના નં.૬

ડીસાના રાજપુરમાં ગંદા પાણીની પાઈપ રીપેર કરાઈ

જમીલ મેમણ

પ્રતિ. રાજપુર

ડીસાના રાજપુર વિસ્તારમાં પાણીની પાઈપ લીકેજ થઈ જતા છેલ્લા દસ દિવસથી ગંદુ પાણી આવતુ હતું જેના રખેવાળ દૈનિકમાં સમાચાર છપાતા નગરપાલિકાની ટીમ દોડતી થઈ હતી ખાડો ખોદી લીકેજ પાઈપ રીપેર કરતા પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો.

મળતી માહિતી મુજબ ડીસાના રાજપુર પોલીસ ચોકી વિસ્તારમાં રહેતા મુન્નાભાઈ સિપાઈ સહિત દસથી વીસ ઘરોમાં ગંદુ પાણી આવતું હતું જેની જાણ રાજપુરના વિપુલ પઢિયાર તથા દિપક પઢિયારને કરતા તથા દૈનિક પેપરમાં સમાચાર છપાતા નગરપાલિકાની ટીમ દોડતી થઈ ગઈ હતી રાજપુર વિસ્તારમાં ત્રણ જગ્યાએ ખાડા ખોદતા તેના એક ખાડામાં પીવાના પાણીની પાઈપ લીકેજ થતા રીપેરીંગ કરવામાં આવી હતી જેના લીધે હવે શુધ્ધ પાણી આવે છે. ઉલ્લેખનીય છે કે નગરપાલિકા દ્વારા તાત્કાલિક સમગ્ર પાઈપ નવી નાંખવામાં આવે તેવી જનમાંગ છે. ઠેરઠેર સાંધા હોવાથી વારંવાર ગંદા પાણીના લીધે લોકો રોગના ભરડામાં સપડાય છે.

પાંથાવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડોક્ટરની ઘટ : દર્દીઓ હેરાન

રેફરલ હોસ્પિટલ
સામુહિક આરોગ્ય કેન્દ્ર, પાંથાવાડા
ઈશ્વર રબારી

પ્રતિ. દાંતીવાડા

બનાસકાંઠાના દાંતીવાડા તાલુકાના મુખ્ય વેપારી મથક પાંથાવાડા ગામમાં આવેલી રેફરલ હોસ્પિટલમાં ડોક્ટરોનિ કમિ છે. આ ગામ ને સાંસદ હરિભાઈ ચૌધરીએ દત્તક લીધેલુ છે.છતાં આ ગામમાં ડોક્ટરોની બહુ ઘટ્ટ જોવા મળી રહી છે.આટલી મોટી સરકાર દ્વારા કરોડના ખર્ચે બનાવેલ રેફરલ હોસ્પિટલમાં એક ડોક્ટર હોવાથી લોકોને ભારે મુશ્કેલી પડી રહી છે . જો સરકાર દ્વારા સત્વરે આ ગામમાં ચારેક ડોકટરોની ઘટ લોકોની માંગ પૂરી કરે તેવી લોકમાગણી વર્તાઈ રહી છે.

રાજસ્થાનને અડીને આવેલ પાંથાવાડા ગામમાં સૌથી મોટી રેફરલ હોસ્પિટલ બનાવવામાં આવી છે .છતાં આ ગામમાં કરોડો રૂપિયાની ગ્રાન્ટની બનાવેલ હોસ્પિટલમાં ફક્ત અને ફક્ત એક જ ડોક્ટર જોવા મળી રહ્યો છે.અને આ હોસ્પિટલમાં દરરોજ બસોથી અઢીસો ઓપેડી જોવામા આવે છે. તેમજ પાંથાવાડા ગામ રાજસ્થાન એકદમ સરહદ નજીક અડીને આવેલો છે જેથી આજુબાજુ રાજસ્થાન અને ગુજરાતના તમામ ગામના લોકો અહીયા સરકારી દવાખાનામાં આવે છે. તેમજ આજુબાજુ ગામોની સગર્ભા મહિલાઓ પણ અહીયા દવાખાનામાં આવે છે ત્યારે તેમને એક ડોકટર હોવાથી ખૂબ જ તકલીફ પડે છે .અને દર મહિને અહીયા ૩૦ જેટલી પ્રસૂતિ કરવામાં આવે છે. તે પણ ડોક્ટર ન હોવાને કારણે સિસ્ટરને કરવી પડે છે .અને ડોક્ટર ન હોવાને કારણે કરારયે કોઈ પણ પ્રોબ્લેમ થઈ શકે તો તેનો જવાબદાર કોણ.અને આ પાથાવાડા ગામમાં સૌથી મોટી અહીયા રેફરલ હોસ્પિટલ આવે છે એના સિવાય આખા પાથાવાડામાં કોઈપણ મોટી હોસ્પિટલ સારવાર મળી શકે તેવી કોઈ પણ હોસ્પિટલ આવેલી નથી. જેથી જે બહેનો પ્રસુતાની પીડાથી હોય અને તેને વધારે તકલીફ હોય તેને સરકારી હોસ્પિટલમાં જ સારવાર ન મળે તો તેમણે પાલનપુર જવું પડે છે

અનુસંધાન પાના નં.૬

સેવાના ભેખધારી અને જીવદયા પ્રેમી એવા

વાવના માડકા ગામના તબીબનો પક્ષીઓ પ્રત્યેનો ઉદાર પ્રેમ

કબૂતરો માટે લાખો રૂપિયાના ખર્ચે માડકામાં વી.આઈ.પી. પંખી ઘર બનાવ્યું

તા.પ્રતિ વાવ

વાવ તાલુકાના માડકા ગામના વતની અને થરાદ ખાતેની ધરતી હોસ્પિટલના ડો.કરશનભાઈ જે. પટેલ (એમ.ડી.ગાયનેક) પોતાના માદરે વતન માડકા ગામમાં આવેલા તળાવની પાળ પાસે લાખો રૂપિયાના ખર્ચે પાંચ ફૂટનો પથ્થરના ઉંચા સ્લેબ ઉપર ૨૦ ફુટ ઉચું વીઆઈપી પંખીઘર બનાવી પક્ષીઓ પ્રત્યેનો અનોખો ઉદાર પ્રેમને ઉજાગર કર્યો છે. માડકા ગામના તળાવની બાજુમાં પંખીઓના ચણ માટે ચબૂતરો છે. પીવા માટે તળાવમાં પાણીની વ્યવસ્થા છે. જ્યારે કબૂતરો રહેઠાણ માટે માળો બનાવી શકતા નથી જેથી કરીને ડો. કે.જે.પટેલે કબૂતરોના નિવાસ માટે વીઆઈપી પંખીઘર બનાવ્યું છે. જે સમગ્ર વાવ શહેરમાં આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. પંખીઓ પ્રત્યે ઉદાર પ્રેમ બતાવનાર એવા સેવાના ભેખધારી અને જીવદયા પ્રેમી ડો.કે.જે. પટેલની ઉમદા કામગીરીને સમગ્ર વાવ તાલુકાની જનતાએ તેમજ જીવદયા પ્રેમીઓએ બીરદાવી છે.માડકા ગામે બનેલા અદભુત પંખીઘરને જોઈ સૌ કોઈ મંત્રમુગ્ધ બની જાય છે.

વિષ્ણુ પરમાર

પાલનપુરમાં દાંપત્ય જીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર ભાગ્યશાળી દંપતિઓનું સન્માન

સંજય જોષી

પાલનપુર

વરિષ્ઠ નાગરિક સંગઠન, હનુમાન ટેકરી, હાઈવે પાલનપુર, અનેક રચનાત્મક સેવાકીય કાર્યો સાથે લોક જાગૃતિના કાર્યો કરી સમાજ માટે પ્રેરણારૂપ બનેલ છે.

તારીખ ૮ એપ્રિલ ૨૦૧૮ ના રોજ સર્જન હોલ, આબુ હાઈવે પાલનપુર ખાતે વરીષ્ઠ સંગઠનની તૃતિય વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવેલ હતું. સભાના અધ્યક્ષ તરીકે રાજેન્દ્રભાઈ ધુડાભાઈ જોષી (પૂર્વ પ્રમુખ જી.પંચાયત) તથા અતિથિ વિશેષ તરીકે કું. નિરંજનાબેન પટેલ (સંસ્થાપક વનિતાશીશુ વિહાર પાલનપુર) હાજર રહેલ હતા. આ પ્રસંગે આ વિસ્તારના જીવનના ૯૦ વર્ષ વટાવી ચુકેલા વરિષ્ઠ વડીલોનું અને દાંપત્યજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર ૧૪ ભાગ્યશાળી દંપતિઓનું શાલ મોમેન્ટો અર્પણ કરી સન્માન કરાયું હતું. અને સપ્તવાદીના સાત મંત્રો વાચન કરી ૧૪ ભાગ્યશાળી દંપતીઓના સન્માન સમયે તેઓના ૫૦ વર્ષ પહેલાના લગ્ન સમયના મનોભાવોનું દર્શન થવા પામેલ હતું. હાજર રહેલ તમામ સભ્યોએ ફુલોની વર્ષા કરી ૧૪ દંપતીઓ સમક્ષ કથાકાર પ્રવિણભાઈ રાવલએ સપ્તપદીના મંત્રોચાર કરી

અનુસંધાન પાના નં.૬

સમાજને વ્યસન મુક્ત બનાવવા અખિલ આંજણા યુવક મંડળ બનાસકાંઠાની અનોખી પહેલ

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

નશામુક્ત સમાજ સુખી સમાજ તથા વ્યસનમુક્ત સમાજનું નિર્માણ કરવાના પૂજ્ય બ્રહ્મલીન મહંત શ્રી ૧૦૦૮ દયારામજી મહારાજના મંત્રને સાર્થક કરવા અખિલ આંજણા યુવક મંડળ બનાસકાંઠા દ્વારા સમાજને કુરિવાજોમાંથી મુક્ત કરાવવા માટેનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ગત ૧લી એપ્રિલ ૨૦૧૮ ના રોજ અરંટવા ગામમાં યુવક મંડળના પ્રમુખ વેલજીભાઈ તથા મહામંત્રી ધનજીભાઈની અધ્યક્ષતામાં માંગીલાલ પટેલ, થાંનાભાઈ પટેલ, મોતીલાલ પટેલ, ભોગીલાલ પટેલ, સોમાભાઈ પટેલ, દાનાભાઈ, મદનલાલ તથા વીરાભાઈ સહિત યુવકોની યોજાયેલી મહત્વપૂર્ણ બેઠકમાં ઉપસ્થિત યુવાનો તથા વડીલોએ પણ સમાજમાં વ્યાપેલ કુરિવાજો જેવાકે મૃત્યુ ભોજ તથા મરણ, લગ્ન કે ગાંગાથાળી સહિત અન્ય પ્રસંગોએ યોજાતા રાવણામાં કરવામાં આવતા વ્યસનને આજથી જ તિલાંજલિ આપવાનો સંકલ્પ લીધા હતા.જેની શરુઆત જિલ્લા પંચાયતના યુવા અગ્રણી માંગીલાલ માળવીએ પોતાના ઘેરથી કરી હતી.

અનુસંધાન પાના નં.૬

લાલપુર ગામે સંતવાણી ડાયરો યોજાયો

ડીસા

સિધ્ધપુર તાલુકાના સરસ્વતી નદીના કાંઠે આવેલ ગોગામહારાજના ધૂણ ખાતે ઢબુબેન દ્વારા સંતવાણી ડાયરાનું આયોજન કરેલ. તેમાં સંતવાણી ભજનીક ગાયક રામનાથ ગોસ્વામી, સાહિત્ય ઉમેદકવિ, લેબુંજી ઝાલા, ગાયિકા ઢબુબેને સંતવાણીની મોજ રેલાવી હતી. સંગીતવૃંદમાં તબલાના તરવૈયા પારસભાઈ બેન્ઝોવાદક ધવલભાઈ ઢોલકમાં હાર્દિક સંગીત પીરસી ભક્તોને મંત્રમુગ્ધ કર્યા હતા. સંત જવાનજી મહારાજ અને બાબુગીરીએ આર્શિવચન પાઠવ્યા હતા.

ઉમરાસંઘમાં પ્રભુભક્તિનો કાર્યક્રમ : જન્મ કલ્યાણકની ઉજવણી અજન્મા બનાવે છે

સુરત

ઉમરા જૈન સંઘમા શ્રી સીમંધર સ્વામી જન્મ કલ્યાણક નિમિત્તે પ્રભુભક્તોએ વિવિધ મિષ્ટાન, ફળો, પુષ્પો સમર્પણ કર્યા હતા. પંન્યાસ રાજરક્ષિતવિજય-મુનિ યોગી રત્નવિજયજીએ જણાવ્યું કે, જન્મકલ્યાણકની ઉજવણી અજન્મા બનાવે છે. જ્યાં સુધી આત્મા પરમાત્મા ન બને ત્યાં સુધી શાન્તિ-સમાધી-સદ્ગતિ પ્રાપ્ત થાય છે. પ્રભુનો દાસ કદાપિ ઉદાસ ન હોઈ શકે.

પંન્યાસ રાજ રક્ષિતવિજયજી આદિ તા.૧૨ થી ૧૬ એપ્રિલ કતાર ગામ જૈન સંઘ-નિતિસૂરિ ઉપાશ્રયે રોકાણ કરશે સવારે ૯/૩૦ કલાકે પ્રવચન થશે.

ધાનેરાની સુર્યોદય સ્કુલના શિક્ષકને બેસ્ટ સિક્ષકનો એવોર્ડ

Rajasthan Haryana
Regional Science Techno Fair
એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરાની સુર્યોદય સાયન્સ સ્કુલના ઉત્સાહી શિક્ષક સુરેશભાઈ ચૌધરી ને શ્રેષ્ઠ વિજ્ઞાન ના શિક્ષકના એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. તાજેતરમાં રાજસ્થાન ના નાગોર જીલ્લાના ડેહ ખાતે આવેલ શ્રી ક્રુષ્ણ બાલ નિકેતન ઉચ્ચ માધ્યમિક વિધાલય ખાતે ગુજરાત, રાજસ્થાન અને હરીયાણા ના ૪૦૭ વિજ્ઞાનના શિક્ષકોએ ભાગ લીધો હતો. જેમાં ડૉ. જે.જે.રાવલ (સીનીયર સાયન્ટીસ્ટ ઈન્ડીયન પ્લેટેનરી સોસાયટી, મુંબઇ), ડૉ. ચંન્દ્રમોહન નોટીયાલ (સીનીયર સાયન્ટીસ્ટ અને અધ્યક્ષ વિજ્ઞાન પ્રોધોગિક પરીષદ, ઉત્તરપ્રદેસ) તથા ડૉ. ભરતભાઈ મણીયારા(સીનીયર સાયન્ટીસ્ટ ઈસરો, અમદાવાદ) દ્વારા વિજ્ઞાન બેસ્ટ શિક્ષક ટોપ થ્રી નો એવોર્ડ ધાનેરાની સુર્યોદય સાયન્સ સ્કુલના વિજ્ઞાનના શિક્ષક સુરેશભાઈ ચૌધરી ને આપવામાં આવ્યો હતો. આ એવોર્ડ મેળવીને તેઓએ સ્કુલ નહી પરંતુ ધાનેરા તાલુકા અને બનાસકાંઠા જીલ્લાનુ પણ ગૌરવ વધારેલ છે. જેથી ધાનેરા ધારાસભ્ય અને શિક્ષણપ્રેમી નથાભાઈ પટેલે પણ અભિનંદન પાઠવ્યા હતા.

થરાદ નગરમાં ભરાતા વરસાદી પાણીના નિકાલ માટે પાલિકાની મુખ્યમંત્રીને રજૂઆત

પ્રતિનિધિ થરાદ

રકાબી જેવો થરાદ નગરનો આકાર વચ્ચે નગરમાંથી પાણીના બહાર નીકળવાના કુદરતી વહેણનો માર્ગ દબાણોના કારણે અવરોધાઇ જતાં વધુ પ્રમાણમાં વરસાદ પડે ત્યારે પાણી આગળ વધવાને નગરમાં ભરાઈ જાય છે.જેના કારણે ૨૦૧૫ તથા ૨૦૧૭માં થયેલી અતિવૃષ્ટિના કારણે થરાદ નગરનો ૭૫ ટકા વિસ્તાર બેટમાં ફેરવાઇ જવા પામ્યો હતો.જેના કારણે નગરજનો તથા વ્યાપારીઓને ભારે હાલાકી સાથે વ્યાપક નુકસાન પણ વેઠવું પડ્યું હતું તેમ છતાં પણ થરાદ નગરમાંથી પાણીના કાયમી નિકાલની કોઈ વ્યવસ્થા નગરપાલિકા પાસે નહીં હોવાના કારણે થોડા જ મહિનાઓમાં ચોમાસાની દસ્તકના ભણકારા હોવાથી વિતેલા વર્ષોના પુનરાવર્તની દહેશતથી નગરજનો પણ ભય સાથે ફફડાટની ફફડાટની લાગણી ફેલાવા પામી છે.જોકે આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે નગરપાલિકામાં તાજેતરની ચુંટણીમાં બનેલી ભાજપની બોડી પણ ગંભીર બની છે જેની પ્રતીતિ સ્વરૂપે થરાદના ધારાસભ્ય અને રાજ્યમંત્રી પરબતભાઈ પટેલની ઉપસ્થિતિમાં નગરપાલિકાના પ્રમુખ લવજીભાઈ વાણિયા તથા ઉપપ્રમુખ ચોથાભાઈ રબારી

અનુસંધાન પાના નં.૬

હરતી ફરતી શેરડી રસની દુકાન.....

વિનોદ બાંડીવાલા

ઉનાળાની શરૂઆત થતાં જ લોકો ગરમીથી રાહત મેળવવા ઠંડા પીણા અને શેરડી રસ તથા જયુસનો ઉપયોગ કરતા હોય છે જેના પગલે ઠેરઠેર શેરડી રસ - જયુસના સ્ટોલ ધમધમવા લાગ્યા છે ત્યારે ડીસા શહેરમાં ચાર પૈડાની ગાડીમાં શેરીએ - શેરીએ અને સોસાયટીઓમાં ફરી શેરડી રસનું વેચાણ કરતો હરતો ફરતો સ્ટોલ નાના બાળકોમાં લોકપ્રિય બન્યો છે. બાળકોથી લઈ મોટેરાઓ આ હરતા ફરતા સ્ટોલ પરથી શેરડીનો રસ પીતા નજરે પડે છે.

વૈશાખ સુદ-૩ થી અંબાજી મંદિરમાં આરતી અને દર્શનના સમયમાં ફેરફાર

પાલનપુર

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટની અખબારી યાદીમાં જણાવાયું છે કે સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયમાં ઋતુ પ્રમાણે ફેરફાર થવાથી અંબાજી માતા મંદિર, અંબાજીમાં યાત્રાળુઓની સગવડતા ખાતર તા.૧૮/૪/૧૮ વૈશાખ સુદ-ત્રીજ થી તા.૧૩/૭/૧૮ અષાઢ સુદ-એકમ સુધી આરતી તથા દર્શનનો સમય નીચે મુજબ રહેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

સવારે આરતી- ૭.૦૦ થી ૭.૩૦ સવારે દર્શન- ૭.૩૦ થી ૧૦.૪૫ રાજભોગ આરતી- ૧૨.૩૦ થી ૧.૦૦ દર્શન બપોરે- ૧.૦૦ થી ૪.૩૦ આરતી સાંજે-૭.૦૦ થી ૭.૩૦ દર્શન સાંજે- ૭.૩૦ થી ૯.૧૫ નોંધ- તા.૧૮/૪/૧૮ થી તા.૧૩/૭/૧૮ સુધીમાં માતાજીનો અન્નકુટ થઈ શકશે નહી.

થરાદ તાલુકાના રાહ ગામે ઠંડા મિનરલ પાણીની પરબને ખુલ્લી મુકાઈ

સંગાથ યુવા ગ્રુપ
મિનરલ પાણીની પરબ

પ્રતિનિધિ રાહ

કાળા જાળ ગરમી ના દિવસો ની વચ્ચે સૌથી વધારે જરૂર હોય તો એ પાણી છે.અને જો ઠંડુ અને મિનરલ પાણી મળે તો.

થરાદ તાલુકાના રાહ ગામે સ્થાનિક આગેવાન મદન લાલ પટેલ ના સૌજન્ય થી આજે મિનરલ ઠંડા પાણી ની પરબ ને લોકો માટે ખુલ્લી મુકાઈ હતી.થરાદ તાલુકાનું રાહ ગામ મધ્યમ માં આવેલું છે.અહીં આસ પાસ ના ૩૦ ગામો ના હજારો લોકો રોજ ની અવર જવર કરે છે.અને હાલ ગરમી ની ઋતુ માં સ્થાનિક સંગાથ યુવા ગ્રુપ ના આયોજન ના ભાગ રૂપે સ્થાનિક સમાજ સેવક મદન લાલ પટેલ ના સહયોગ થી મુખ્ય માર્ગ પર આજે ઠંડા પાણી ની પરબ ને સ્થાનિક આગેવાનો ની હાજરી માં વિધિવત રીતે ખુલ્લી મુકાઈ હતી.જેમાં ધાનેરા તાલુકા વિકાસ અધિકારી મફત લાલ જોષી. થરાદ તાલુકા મહામંત્રી મેવા ભાઈ ખાટોણા .થરાદ તાલુકા ઉપ પ્રમુખ દાના ભાઈ માળી. સહિત મહંત જાનકી દાસ ની ખાસ ઉપસ્થિત રહી રાહ દારી ને ઠંડુ પાણી પીવડાવ્યું હતું.

અનુસંધાન પાના નં.૬

ધાનેરા તાલુકાની સરકારી પ્રાથમિક શાળામાં જોવા મળ્યા બાળકોના આંખમાં હર્ષના આંસુ

વિવિધ શાળા માં ધોરણ આઠના બાળકો એ લીધી શાળા માંથી વિદાય



પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકાની છેવાડે આવેલી ભાટરામ પ્રાથમીક શાળા માં વિદાય ની સાથે દીકરી ના ગુણો અને દીકરી ના કર્યો પર વિષેસ વાત કરવામાં આવી હતી. આજે આ શાળા માંથી ૨૭ જેટલી દીકરી શાળા પરિવાર અને પોતાના મિત્રો ને છોડી આગામી શિક્ષણ માટે બીજી શાળા માં જઈ રહી છે.જયારે આજે આ શાળા ના વેવસ્થાપકો દવારા દીકરી ના માન માં વિવિધ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું.

ભાટરામ શાળા ના બાળકો દવારા આજે દીકરી ના વિવિધ રૂપો ના દર્શન કારવાતું એક ગીત રજૂ કર્યું હતું.જેમાં બાળપણ થી લઇ ને વૃદ્ધ અવસ્થા સુધી એક સ્ત્રી કેવા કેવા રૂપ માં જોવા મળે છે.અને એક સ્ત્રી કેટલું બલિદાન આપે છે.તેવું ગીત રજૂ કરતા આખો માહોલ ગમગીન બની ગયો હતો.અને ભાગ લેનાર વિદ્યાર્થી ની આંખો પણ ભીની થઈ ગઈ હતી. ભાટરામ શાળા ના શિક્ષક ગણ દવારા ૨૭ બાળકી ને કલાઈ એ બાંધવાની ઘડિયાળ ભેટ કરી હતી.શાળા ના આચાર્ય શાંતિ ભાઈ ચૌધરી.રાષ્ટ્રીય શૈક્ષણિક મહા શંઘ ના પ્રમુખ નરભેરામ પુરોહિત.ભાટરામ પરેશ ભાઈ દેસાઈ સી આર સી. થાવર સી આર સી એ પણ બાળકો તેમજ શિક્ષણ કાર્ય ના ભારો ભાર વખાણ કર્યા હતા.

જયારે ધાનેરા તાલુકાની આલવાડા પ્રાથમીક શાળા ના બાળકો એ પણ નરમ આંખે આજે શાળા માંથી વિદાય લીધી હતી .કુલ ૫૫ જેટલા બાળકો એ આજે શાળા છોડી ને આગામી પોતાની કારકિર્દી ના નિર્માણ માટે આ શાળા માંથી વિદાય લીધી હતી.

રાષ્ટ્ર સૃજન અભિયાન અંતર્ગત કચ્છના ભરવાડ તેમજ અગ્રણીઓને સન્માનિત કરાશે

સમગ્ર આયોજન મેં મહિનામાં ભુજના ટાઉનહોલ ખાતે કેન્દ્રના રાજકીય અગ્રણીઓ રહેશે ઉપસ્થિત તેવું સંદથાના પ્રદ્યુમન સિન્હા એ તહેલકા ન્યૂઝ સાથે કરાઈ ચર્ચા

ડીસા

રાષ્ટ્ર સૃજન અભિયાન એક રાષ્ટ્રીય ચળવળ છે. જેનો એક માત્ર ઉદેશ "ભારતનું નવસર્જન છે." એવા ભારતનું સર્જન જેનું સપનું આપણા વીરપુરૂષો દેશની આઝાદી, એકતા, અખંડિતતા, ગૌરવ, વિકાસ, સંપ્રભુતા તેમજ સભ્યતાની રક્ષા માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરતા જોતા હતા રાષ્ટ્ર સૃજન અભિયાનની સ્થાપના ૭ સપ્ટેમ્બર ૧૯૯૪ ના રોજ કરવામાં આવી હતી આ અભિયાનના મુખ્ય પ્રેરણા સ્ત્રોત સ્વતંત્ર અભિયાનના અગ્રણી નેતા, ખેડુત નેતા તેમજ સમાજસેવી બાબુ રામવિલાસ સિંહજી છે. જેણે બિહારમાં ગયા સમાહરણાલયમા' અંગ્રેજોનો ધ્વજ "યુનિયન જેક" ઉતારી "ભારતીય તિર'ગો" લહેરાવ્યો તે દરમ્યાન તેઓ અંગ્રેજોની ગોળીઓને હસતા હસતા સહી જેલમાં ગયા હતા. જેલમાં તેને અનેક યાતનાઓ સહન કરી. તેમના દ્વારા ઉતારેલો "યુનિયન જેક" આજે પણ રાષ્ટ્ર સૃજન અભિયાન પાસે અમૂલ્ય સંપતિરૂપે સુરક્ષિત છે. ભારતના મહાપુરૂષો તેમજ સ્વાતંત્ર આંદોલનના અગ્રણી તેના જેવા કે, મહાત્મા ગાંધી, સુભાષચંદ્ર બોસ, ડો.રૂ જેન્દ્ર પ્રસાદ, ડો.ભીમરૂ વ આંબેડકર, શહિદ ભગતસિંહ, સુખદેવ, રાજગુરૂ, પંડિત શ્યામપ્રસાદ મુખર્જી, દિનદયાલ ઉપાધ્યાય, સરદાર વલ્લભભાઈ પટેલ, રાણી લક્ષ્મીબાઈ, રાણી ચિનમ્મા, તૃ ત્યૃ ટોપે, કિસાનોના બેલી સહજાનંદ સરસ્વતી, મહામના મદન મોહન માલવીયા, લોકનાયક જયપ્રકાશ નારાયણ, મંહત વિજયદાસ, શ્યામ કૃષ્ણ વર્મા જેવા અસંખ્ય વીર સપૂતોને રાષ્ટ્ર સૃજન અભિયાન હૃદયથી વંદન કરતા અભિનંદન કરે છે.

અનુસંધાન પાના નં.૬

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ
(ગુજરાત સરકારની સંપૂર્ણ માલિકીનું સાહસ)

ટેન્ડર નોટીસ નંબર/ કામનું નામ	(૧) ટેન્ડરની અંદાજીત રકમ (લાખ રૂપિયામાં) (૨) ટેન્ડર ફી (રૂપિયામાં) (૩) બાનાની રકમ (લાખ રૂપિયામાં) (૪) કલાસ (૫) સમય મર્યાદા	(અ) અપલોડીંગની તારીખ (બ) ટેન્ડર ડોકયુમેન્ટ ઓનલાઈન ભરવાની છેલ્લી તારીખ (ક) ટેન્ડર ડોકયુમેન્ટ રૂબરૂમાં સાદર કરવાની છેલ્લી તારીખ (ડ) પ્રાઈસ બીડ ઓન લાઈન ખોલવાની તારીખ
ટેન્ડર નોટીસ નં.૦૯ સને : ૨૦૧૮-૨૦૧૯ પ્રોવાઈડીંગ સર્વીસીસ ઓફ કંટીન્યુઅસ પેટ્રોલીંગ એન્ડ વિજીલન્ટ ઈન્સપેકશન ઓન કેનાલ એન્ડઓપરેશન ઓફ ગેટ્સ, મેન્યુઅલી/ઈલેકટ્રીકલી ફોર રેગ્યુલેટીંગ સ્ટ્રકચર્સ ઓન માડકા બ્રાન્ચ કેનાલ રીચઃ (૦ થી ૧૯.૫૦ કીમી) ઈન્કલુડીંગ સીકયુરીટી ઓફ સ્ટ્રકચર્સ કલીનીંગ ઓફ વેસ્ટ કલેકટેડ એટ એચ આર /સી આર ગેઈટ એન્ડ સપ્લાય ઓફ કોમ્યુનિકેશન સીસ્ટમ ટુ ઓલ ગેઈટ ઓપરેટર્સ ડયુરીંગ ઈરીગેશન એન્ડ નોન ઈરીગેશન સીઝન ઓન માડકા બ્રાન્ચ કેનાલ ફોર વન ઈયર.	(૧) રૂા.૪૯.૬૭ લાખ (૨) રૂા.૨૪૦૦/- (૩) રૂા.૦.૫૦ લાખ (૪) કલાસ 'ઈ-૧' અને ઉપર (૫) ૧૨ માસ	(અ) ૧૧-૦૪-૨૦૧૮ (બ) ૨૩-૦૪-૨૦૧૮ ૧૮.૦૦ કલાક સુધી (ક) ૨૪-૦૪-૨૦૧૮ ૧૦.૩૦ થી ૧૮.૦૦ કલાક સુધી (ડ) ૨૫-૦૪-૨૦૧૮ ૧૨.૦૦ કલાક પછી. (શકય હશે તો)

નોટીસ : ટેન્ડર ડોકયુમેન્ટ www.ssnnl.nprocure.com સાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે.
ક્રમાંકઃનામાનિ/પાલન/૨૨/૨૦૧૭-૧૮

તંત્રી સ્થાનેથી ...

નિરંતર અભ્યાસથી વિદ્યાની રક્ષા થાય છે.

ઉ.પ્રદેશમાં ગુન્હાખોરીને ડામી દેવાના પ્રયત્નો જરૂરી

ઉત્તર પ્રદેશમાં છેલ્લા કેટલાક સમયથી કાયદો-વ્યવસ્થા તદ્દન નિષ્ક્રિય બની ચૂકી છે. ગુન્હાખોરી આચરનારા તત્વો એટલા બેફામ બન્યા છે કે તેઓને કાયદા કાનૂનની પડી જ નથી. લુંટ, ધાડ, દુષ્કર્મ, અપહરણના બનાવોનો ગ્રાફ વધે જાય છે પરંતુ ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા કોઈ ઉચિત કાર્યવાહી થઈ શકી નથી. વળી રાજ્યની યોગી આદિત્યનાથ સરકારે એક તરફ 'એકાઉન્ટર' ની હારમાળા સર્જી છે.ગુનાખોરીને કાબૂ હેઠળ લેવા માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે પરંતુ બીજી બાજુ યોગી સરકાર વાસ્તવમાં શાસન સામેના પડકારોનો સામનો કરવામાં ઉણી ઉતરી રહી હોવાનું ચિત્ર નજરે પડી રહ્યું છે.

રાજ્યના ઉન્નાવ ગામની એક યુવતીએ સ્થાનિક ધારાસભ્ય કુલદિપસિંહ તથા તેમના મિત્રોએ ગેંગરેપ કર્પેટ હોવાનો આરોપ મૂક્યો હતો. આ આરોપો સાચા છે કે ખોટા તેની પુષ્ટિ કરવામાં જ લાંબો સમય લગાડવામાં આવ્યો, અને એફ.આર.આઈ. દાખલ કરવાનું ટાળવામાં આવ્યું. આથી આ મુદ્દે યુવતી તેમજ તેના પરિવારજનોએ મુખ્યમંત્રીના નિવાસ સ્થાન આગળ જ આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હોવાનું બહાર આવ્યું છે. પોલીસે યુવીતીની ફરિયાદ શા માટે રજીસ્ટમાં નોંધી નહિં ? આવા અનેક સવાલો રાજ્યમાં ઉઠ્યા છે. જો કે આત્મ વિલોપન કરવા જનાર યુવતીના પરિવારને બચાવી લેવાયો પરંતુ આ બનાવ સંદર્ભે દોષિત ધારાસભ્યના ટેકેદારો અને યુવતીના પરિવારજનો વચ્ચે મારામારી થઈ હતી જેથી સામસામી ફરિયાદના સંદર્ભમાં યુવતી અને તેના પિતાને કસ્ટડીમાં ધકેલી દેવામાં આવેલ. બાદમાં યુવતીના પિતાનું જેલની કોટડીમાં શંકાસ્પદ સંજોગોમાં મોત થતાં હવે આવિવાદ ગંભીર બનીને વકરી ઉઠ્યો છે. પિડીતાના પિતાનું મોત થતાં લખનઉ ક્રાઈમ બ્રાંચે ભાજપના બંગાર મઉના ધારાસભ્ય કુલદિપસિંહ ખેંગારના ભાઈ અતુલસિંહની ધરપકડ કરી હતી. તેમ જ પોલીસે અન્ય ત્રણ વ્યક્તિની પણ ધરપકડ કરી છે. વળી પી.એમ. રિપોર્ટ અનુસાર પિડીતાના પિતાનું મોત આંતરડા ફાટી જવાથી થયું હતું અને તેમના શરીર પર ગંભીર ઈજાના ૧૪ નિશાન મળી આવેલ છે. ગત સોમવારે જેલમાંથી હોસ્પિટલમાં લવાયેલ ગેંગટેપ પિડીતાના પિતાનું શંકાસ્પદ હાલતમાં મોત થયું હતું.

જો કે પિડીતા મહિલાનું કહેવું છે કે કુલદિપસિંહના ઈરાદે મારા પિતાની જેલમાં જ હત્યા કરી દેવામાં આવી છે કારણ કે મેં માર પર થયેલા ગેંગરેપની ફરિયાદ પાછી ખેંચવાનો ઈન્કાર કર્યો હતો.

ઉપરોક્ત બનાવ સંદર્ભ લખનૌથી જ ઉચ્ચ અધિકારીઓની દેખરેખ હેઠળ તપાસના આદેશો અપાયા છે. આમ તો આ બધું યોજના પૂર્વકનું નાટક જ માની શકાય, ગુનેગારને શા માટે છાવરવામાં આવી રહ્યો છે ત્યારે દેખીતી રીત મુળવાડી છે કે આરોપી સત્તાધિન સરકારનો સમર્થક છે અને તેને બચાવવાના યોગી સરકાર દ્વારા જે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે તેનો વિરોધ થઈ રહ્યો છે.

ગુન્હો આચરનાર ભલે ગમે તે પાર્ટીનો હોય પરંતુ કાયદાનુસાર તેની ધરપકડ થવી વ્યાજબી છે અને આ બાબતે સરકારે પણ દરમ્યાનગીરી કરવી જોઈએ.

આ સમગ્ર પ્રકરણમાં ભાજપ પક્ષ અને યોગી સરકારની આબરૂનું ભારે ધોવાણ થયું છે, ભાજપની રાષ્ટ્રીય નેતાગીરીએ પણ આ પ્રકરણમાં ફોલોઅપ કરી સત્ય બહાર લાવવામાં કાયદેસરની કાર્યવાહી થાય તે માટે સક્રિય રસ લેવો જોઈએ.

ઝી અનમોલ રજૂ કરે છે, ઝિંદગી કી મહેક, ૯મી એપ્રિલ, ૨૦૧૮થી દર સોમવારથી રવિવાર રાત્રે ૯ વાગ્યે

ચમચા, પેન અને એપ્રનથી સજ્જ, એવો ભાગ્યે જ કોઈ દિવસ હશે કે જ્યારે મહેકના રસોડામાંથી તેને બનાવેલા કોઈ સ્વાદિષ્ટ ભોજનની સુગંધ ન આવી હોય. તેની સ્વાદિષ્ટ ડિશથી લોકોના ચહેરા પર સ્મિત લાવવામાં આત્મવિશ્વાસુ એવી મહેક, લોકોને ભોજનની સાથે જોડે છે. નાની ઊંમરમાં જ તેના માતા-પિતાને ગુમાવી દેનારી, મહેકની જિંદગી રસોઈ અને તેનો ઉછેર કરનારા તેના વિસ્તૃત પરિવારની આસપાસ ફરે છે. તેની માતાના વારસા તરીકે તેને મળેલી અસાધારણ કુશળ રાંધણકળાની સાથે તે ખુશી ફેલાવે છે અને તે તેને અત્યંત સંતોષ આપે છે. દર્શકોની સામે મહેકના એક સરળ અને સામાન્ય છોકરીથી, જે લોકોને તેના ભોજનથી ખુશી આપે છે, ત્યાથી લઈને એક એવી મહિલા જે પોતાની ઓળખ બનાવે છે, આ અલગ પ્રવાસને જૂઓ ઝી અનમોલ- ભારતની અગ્રણી એફટીએ ચેનલમાં તેની આગામી શ્રેણી ''ઝિંદગી કી મહેક''. શો તૈયાર છે, ૯મી એપ્રિલ, ૨૦૧૮થી દર સોમવારથી રવિવાર રાત્રે ૯ વાગ્યે પ્રસારિત થવા માટે ઘણી વખત ઘણા લોકો તેના પ્રેમની મહત્વતા સમજતા નથી અને તેના જીવનમાં તેના ફાળાને ભૂલી જાય છે, ઝિંદગી કી મહેક, ઝી અનમોલ પર, દરેકના જીવનમાં તેના ફાળાની ઉજવણી કરે છે. આ શોની વાર્તા દિલ્હીની એક ૨૦ વર્ષની છોકરીની છે, જે સરળ, સ્માર્ટ, પ્રેક્ટિકલ, ટેક-સેવી અને પોતાની મસ્તીમાં જીવનારી છે, તેના જીવનમાં સૌથી મહત્વનું રસોઈ છે. અને તે કોઈપણ પ્રકારની બદલાની ભાવના નગર કંઈપણ કરે છે. અભિનેત્રી સમિક્ષા જયસ્વાલ મહેકનું મુખ્ય પાત્ર નિભાવે છે, દિલ્હીનો છોકરો કરણ વોહરા, શૌર્યના મુખ્ય પુરુષ પાત્રમાં જોવા મળશે અને આ ઉપરાંત અન્ય નોંધનીય કલાકારો જેવા કે, હરીશ છાબરા અને કિરણ પણ જોવા મળશે જે અનુક્રમે જીવન ચાચા અને કાંતા ચાચીના પાત્રમાં છે.

આત્મચિંતન

એકલા ચાલવું પડશે

તમને તમારા જેવું વ્યક્તિત્વ કયારેય પ્રાપ્ત નહીં થાય તમારે જીવનપંથ પર એકલા જ આગળ રહેવું પડશે. કોઈ તમારી સાથે દુર નહીં ચાલી શકે, એકલા ચાલો.

જીવનને એક યાત્રા માનજો. યાત્રામાં થોડા સમય માટે એક બે સંગી સાથી પ્રાપ્ત થઈ ગયા છે.તમે ચાર દિવસ તેમની સાથે બોલો છો, વર્તો છો, હસી મજાક સંઘર્ષ ચાલે છે સાથે સાથે થોડાક સમય માટે આગળ વધો છો, પરંતુ ધીરે ધીરે તેમની જીવનયાત્રા સમાપ્ત થતી જાય છે. એક પછી બીજો પોતાના ગંતવ્ય સ્થાન પર રોકાઈને તમને છોડીને ચાલ્યા જાય છે. તમારી સાથે અત્યારે છથી સાત વ્યક્તિઓનો પરિવાર હતો. સાતમાંથી છ રહી જાય છે અને પછી ક્રમશઃ આપ એકલા રહી જાઓ છો. 'અરે હું એકલો રહી ગયો, બિલકુલ એકલો..' તમારૂં મન થોડાક સમય માટે અશાંત થઈ જાય છે તેમાં એક કડવાહટ આવી જાય છે પરંતુ વાસ્તવમાં જીવનનું આ એકલાપણું જ માનવ જીવનનું પરમ સત્ય છે.

બધાને મેળવીને પણ આપણે બધા એકલા છીએ આપણી સાથે કોઈપણ દુર સુધી ચાલવાવાળા નથી. જેને ભ્રમમાં કે માયાવશ પોતાની સાથે ચાલતા સમજીએ છીએ વાસ્તવમાં તેઓ આપણા થોડાક સમયના સહયાત્રી માત્ર હતા. આપણા એકલાપણામાં કોઈપણ હાથ ફેલાવવાવાળો કે દિલાસો આપવાવાળા નથી.

- ગાયત્રી શક્તિપીઠ,ડીસા

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

કેડી પોલીટેક્નિક સીડીટીપી દ્વારા ડ્રેસ મેકિંગના સર્ટીફિકેટનું વિતરણ

ગામ-પુનાસણ,તા-સિધ્ધપુર,જી-પાટણ- આ પ્રોગ્રામમાં કેડી પોલીટેક્નિક સીડીટીપીના જુનિયર કન્સલ્ટન્ટ ઠક્કર રેણુકાબેન, આંગણવાડી ના કાર્યકર પ્રફુલાબેન બી.બારોટ,શ્રીમાળી ભગ્વતી બેન તથા તેડાગર ચંચીબેન.આર.ઠાકોર દ્વારા ૨૨ બહેનો ને ડ્રેસ મેકિંગ સર્ટીફિકેટ ના વિતરણ કરવામાં આવ્યું.

આર્થિક પ્રગતિ માટે ઉદ્યમશીલતાનો વિકાસ કરવો ખુબ જરૂરી

TRUST AND CREATIVITY
Fostering Entrep eurship in Developing C ntries

ફોટો : શાંતી શાહ

લક્ષ્મી મિત્તલ સાઉથ એશિયા ઈન્સ્ટિટ્યુટ, હાર્વર્ડ યુનિવર્સિટીએ ઓપન હાઉસ સાથે ભારતીય હેડ ક્વાર્ટરની શરૂઆત કરી લક્ષ્મી મિત્તલ સાઉથ અશિયા ઈન્સ્ટિટ્યુટ, હાર્વર્ડ યુનિવર્સિટીએ આજે ભરોસો તથા રચનાત્મકતા વિકાસશીલ દેશોમાં ઉદ્યમશીલતાના વિકાસ પર એક ઓપન હાઉસનું આયોજન કર્યું હતું. આ દિલ્હીમાં તેના ભારતીય હેડક્વાર્ટરની શરૂઆત માટે યોજનાબદ્ધ કરવામાં આવેલા આયોજનોમાં અંતિમ હતું. લક્ષ્મી મિત્તલ સાઉથ એશિયા ઈન્સ્ટિટ્યુટ, હાર્વર્ડ યૂનિવર્સિટીના ડાયરેક્ટર પ્રો. તરૂણ ખન્ના તથા હાર્વર્ડ બિજનેશ સ્કૂલ ના પ્રોફેસર, જ્યોર્જ પાઉલો લેમાને વિકાસશીલ દેશોમાં ઉદ્યમશીલતાને પ્રોત્સાહન આપવાના વિવિધ પક્ષો અંગે માહિતી આપી હતી. માનનીય સિવીલ એવિએશન રાજ્યમંત્રી અને પૂર્વ ઈન્વેસ્ટમેન્ટ ફંડ મેનેજર તથા મેનેજમેન્ટ કંન્સલટંટ, શ્રી જયંત સિન્હાએ આ ચર્ચામાં ભાગ લીધો અને પ્રશ્નોત્તર સત્રનું સચાલન કર્યું હતું. એલએમ સાઈ ઈન્ડિયા ઓફિસ આ ક્ષેત્રમાં હાર્વર્ડ યુનિવર્સિટીનો સિધો સંપર્ક સ્થાપિત કરવાનો નવો યુગ શરૂ કરશે. ઉદ્યમશીલતા કોઈપણ પ્રકારે ભારત જેવા વિકાસશીલ દેશોની આર્થિક પ્રગતિ કરવામાં સમર્થ છે.ઉદ્યમશિલતા પર જો ભાર મુકવામાં આવે તો આપણા દેશને યુવાઓ માટે વિભીન્ન સંભાવનાઓના દ્વાર ખોલી પ્રગતિ કરવામાં મદદ મળશે. લક્ષ્મી મિત્તલ સાઉથ અશિયા ઈન્સ્ટિટ્યુટ, હાર્વર્ડ યુનિવર્સિટી દક્ષિણ એશિયાના ક્ષેત્રમાં શોધના માધ્યમથી જ્ઞાનના પ્રસારણ, ક્ષમતા નિર્માણ, પોલિસીની જાણકારી દેવી અને તેની સમસ્યાઓના નિરાકરણ માટે સમર્પિત છે, જે આજે દક્ષિણ એશિયાને આકાર આપી રહી છે. આજના ઓપન હાઉસ એલએમ સાઈ દ્વારા યોજનાબદ્ધ કરવામાં આવેલા માસિક સેમીનારની શ્રૃંખલાનો ભાગ છે, જેના માધ્યમથી વૈચારિક નેતૃત્વકર્તાઓ વચ્ચે જ્ઞાનનો પ્રસાર કરી શકાય છે.

અમદાવાદમાં લિબર્ટીના એક્સ્લુઝિવ સ્ટોરની ૧૫ મી વર્ષગાંઠની ઉજવણી

અમદાવાદ

લિબર્ટી નવા મર્કેન્ડાઈઝ અને રિનોવેટેડ વિશિષ્ટ શોરૂમ સાથે આવી છે, આ શોરૂમ નવરંગપુરામાં ૧૭૩૦ સ્ક્વેર ફૂટના વિસ્તારમાં ફેલાયેલો છે, લિબર્ટી ૫૦ વર્ષોથી ફૂટવેર ઉદ્યોગમાં સામેલ છે અને તેનું વાર્ષિક ટર્નઓવર ૫૦૦ કરોડ રૂપિયાથી વધુ છે.લિબર્ટીએ ફેશન અને કમ્ફર્ટ ઈચ્છતા દરેક ગ્રાહકોને સેવા આપવા માટે વન સ્ટોપ સોલ્યુશન તરીકે અમદાવાદમાં પોતાની ઉપસ્થિતિમજબૂત કરી છે. આ નવો સ્ટોર શોપ નં. ૧થી ૫, અપર ગ્રાઉન્ડ ફ્લોર, આશિષ કોમ્પ્લેક્સ, સ્વસ્તિક ચાર રસ્તા કોર્નર, સી.જી. રોડ,નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯ ખાતે આવેલો છે. લિબર્ટી નાગરિકોની પ્રાથમિકતા અને ડેમોગ્રાફિક્સનો અભ્યાસ કરીનેઅમદાવાદ વિસ્તારના માર્કેટને સર કરવાની યોજના ધરાવે છે. સમગ્ર શહેરમાં આ સ્ટોર તમે ખરીદવા ઈચ્છો છો તેવી શ્રેષ્ઠ વિવિધતાધરાવતા તમામ પ્રકારના ફૂટવેર ઉપલબ્ધ કરાવતી એક માત્ર જગ્યા છે.લિબર્ટીના એક્સ્લુઝિવ સ્ટોરનો શોપિંગ અનુભવ ગ્રાહકો માટે ટ્રીટ સમાન છે જેમાં લિબર્ટી તેની ટેગલાઈન ફેશન ઈઝ કમ્ફર્ટ અનુસારઓફરિંગ્સ રજૂ કરે છે અને તે તેની આગામી વ્યાપક રેન્જ એસએસ'૧૮ અને ૪૫૦ પ્રોડક્ટ્સથી વધુ વેરાઈટી કંપનીની માલિકીની બ્રાન્ડકૂલર્સ સાથે જોવા મળશે કે જે ફોર્મલ અને કેઝ્યુઅલ એમ બંને એકસાથે ઈચ્છતા પુરૂષો માટે અનુરૂપ છે. જ્યારે તેમાં મહિલાઓ માટેસિનોરિટા બ્રાન્ડ છે જે ટ્રેન્ડ અને સ્ટાઈલીંગને એકસાથે રાખે છે તો ફૂટફન કે જે ફન્કી ફૂટવેર બાળકોને આમતેમ રમવા માટે ઉપયોગી છે.

બ્લુ સ્ટારના ૧૦૦ નવા એર કન્ડિશનર્સમાં ૪૦ અતિ- ઊર્જા બચાવતા ઈન્વર્ટર સ્પિલટ એર કન્ડિશનર્સનો સમાવેશ, અસામાન્ય લાભ આપે તે રીતે ડિઝાઈન કરાયા છે

એર કન્ડિશનીંગ અને કોમર્શિયલ રેફ્રિજરેશન ક્ષેત્રની અગ્રણી કંપની બ્લુ સ્ટાર લિમિટેડએ ૪૦ નવા ઊર્જાની ઉચ્ચ બચત કરતાં થ્રી- સ્ટાર અને ફાઈવ- સ્ટાર ઈન્વર્ટર સ્પિલટ એસી બજારમાં મૂકવા સાથે ઉદ્યોગમાં નવો માપદંડ સ્થાપ્યો છે. આ એસી અસામાન્ય લાભ આપવા માટે ડિઝાઈન કરાયા છે. આ શ્રેણી ૩૦ ટકા સુધીની વધારાની કૂલિંગ ક્ષમતાની બાંયધારી આપે છે પરિણામે અતિશય ઠંડક મળે છે, અંદરના તાપમાનમાં ઝડપથી ઘટાડો થાય છે અને ઊર્જાની વધુ બચત થાય છે, તાપમાનમાં તબક્કાવાર ૦.૧ ડિગ્રી સેન્ટિગ્રેડથી ૦.૫ ડિગ્રી સેન્ટિગ્રેડ સુધીના ચોક્કસ સેટીંગ દ્વારા વધારાની આરામદાયકતા પ્રાપ્ત કરી શકાય છે, કોમ્પ્રેસર માટે 'ધ્વનિમુક્ત' જેકેટ વધુ શાંતિનો અનુભવ અને શુદ્ધ હવા માટે વિશિષ્ટ ટેકનોલોજી પૂરી પાડે છે. બ્લુ સ્ટારના આ સ્ટેટ- ઓફ ધ-અ ર્ટ, સ્માર્ટ શ્રેણીના ઈન્વર્ટર સ્પિલટ એર કન્ડિશનર્સ વર્ષ ૨૦૧૮ ના બીઈઈ એનર્જી - એફિશિયન્સી નિયમોને અનુરૂપ છે. આ એરકન્ડિશનર્સ વિવિધ રહેણાંક, વ્યાપારી અને ઔદ્યોગિક ક્ષેત્રની ઠંડકની તમામ જરૂરિયાત સંપૂર્ણ રીતે પૂરી પાડે છે. આ વર્ષે ૭૫ મા વર્ષમાં પ્રવેશેલી બ્લુ સ્ટારે વર્ષ ૨૦૧૧ માં રહેણાંક ક્ષેત્રે ઝંપલાવ્યું ત્યારથી તેની ક્ષમતામાં સતત વૃદ્ધિ થતી રહી છે, ઉદ્યોગ વૃદ્ધિ કરતાં બ્લુ સ્ટારે વર્ષોવર્ષ વધુ વૃદ્ધિ નોંધાવી છે. કંપનીનો બજાર હિસ્સો ૧૧.૫ ટકા છે.

ગુજરાતના વિદ્યાર્થીઓ બાયર સેફ યુઝ એમ્બેસેડર પ્રોગ્રામમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે

ગુજરાતની બી.એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચર, આણંદ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી (એએયુ)ના વિદ્યાર્થી દર્શનકુમાર પટેલની પસંદગી ૨૦૧૭ના 'બાયર સેફ યુઝ એમ્બેસેડર' તરીકે થઈ છે. દર્શન રૂરલ એગ્રીકલ્ચર વર્ક એક્સ્પિરિયન્સ (આરએડબલ્યુઈ) પ્રોગ્રામના ૭મા સેમેસ્ટરનો વિદ્યાર્થી છે. જેની પસંદગી 'યુઝ ઓફ સેફટી કિટ બાય ઈન્ડિયન ફાર્મર્સ : ઈસ્યુઝ એન્ડ વે ફોરવર્ડ' અંગેના અનોખા વિચારો અને સલાહો માટે થઈ છે.દર્શન જર્મનીમાં ૧૪ મેથી ૧૮ મે, ૨૦૧૮ દરમિયાન બાયરના 'સેફ યુઝ એમ્બેસેડર' એજ્યુકેશનલ વર્કશોપમાં સામેલ થશે. તે ઈન્ડોનેશિયા, મલેશિયા, પાકિસ્તાન અને વિયેતનામના એક એક વિદ્યાર્થી સાથે જોડાશે. જેઓ તમામ પાકની સુરક્ષા કરતી પ્રોડકક્ટસના જવાબદાર ઉપયોગ અંગેના શિક્ષણ માટે તેની સાથે જોડાશે. વર્કશોપ ઉપરાંત, તેમના આ પ્રવાસમાં બાયર આરએન્ડડી સુવિધાઓની મુલાકાત તથા બાયર એક્સપર્ટ અને વિજ્ઞાનીઓ સાથેની વાતચીત સામેલ છે.એએયુના વાઈસ ચાન્સેલર ડો. એન. સી. પટેલે બાયર સેફ યુઝ એમ્બેસેડર પ્રોગ્રામ અંગે જણાવતા એગ્રોકેમિકલ્સના સુરક્ષિત ઉપયોગ અંગે કૃષિ વિદ્યાર્થીઓને શિક્ષિત કરવાના બાયરના આ કદમની પ્રશંસા કરી હતી. આરએડબલ્યુઈ પ્રોગ્રામના વિદ્યાર્થીઓએ પસંદગી માટે પાકને સુરક્ષિત રાખતી પ્રોડક્ટસના સુરક્ષિત ઉપયોગના મહત્ત્વને પ્રમોટ કરવાનું હોય છે અને તેમના સેમેસ્ટર દરમિયાન ગામડા સાથેના જોડાણ વખતે આ ઉપરાંત તેમણે પર્સનલ પ્રોટેકશન ઈક્વિપમેન્ટનો ઉપયોગ દર્શાવવાનો હોય છે. તેમણે રોજિંદી પ્રવૃતિઓનો રિપોર્ટ, વીડિયો, ફોટોઝ બાયર વેબસાઈટ પર અપલોડ કરવાના હોય છે. તેમના આ સબમિશન્સના આધારે, એએયુના એન્ટોમોલોજી વિભાગના ફેકલ્ટી મેમ્બર્સ અને બાયરના અધિકારીઓ વિદ્યાર્થીઓને વધુ માર્ગદર્શન આપે છે. વિગતવાર સ્ક્રીનીંગ પ્રોસેસ પછી, દર્શનની પસંદગી ભારતમાંથી 'બાયર સેફ યુઝ એમ્બેસેડર' તરીકે થઈ છે.

શ્રદ્ધા અને સબુરીના સાંઈબાબાના ઉપદેશથી મને અત્યંત મદદ મળી છે - તરૂણ ખન્ના જે સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનના શોમાં મીરે સાંઈમાં રત્નાકરની ભૂમિકા ભજવે છે.

પ્ર ૧- તમે સાંઈબાબાના ઉપદેશોનો અનુયાયી છો. શું તમે સાંઈબાબા સાથેના તમારા જોડાણ પર વિગતવાર કહી શકો છો અને કેવી રીતે તેમની ઉપદેશોથી તમારા જીવનમાં પરિવર્તન આવ્યું છે?

તરૂણ ખન્ના- એક એવો સમય હતો જ્યારે હું જીવનમાં નીચા તબક્કામાંથી પસાર થઈ રહ્યો હતો અને તે સમયે કામ પણ થતું ન હતું. એક પરિચિતે મને સાંઈબાબા, શ્રદ્ધા અને સબુરી (ધીરજ) ના ઉપદેશો વિશે કહ્યું. તે મારામાં એક તાર ત્રાટકી હતી અને તરત જ મને સમજાયું કે સાચી દિશામાં શ્રમ સાથે શ્રદ્ધા હોવી જોઈએ. મેં એવું કહ્યું કે હું એક ખૂબ સફળ અભિનેતા રહ્યો છું અથવા મારી સફર સરળ છે પરંતુ હું પ્રગતિ કરી રહ્યો છું અને તે બાબાના આશીર્વાદથી જ છે.

પ્ર ૨- એક અનન્ય સેટમાં કામ કરવું કેવું લાગે છે, જેમાં ઉત્પાદકોએ પહેલાના યુગમાં શિરડીનું પુનઃ નિર્માણ કર્યું છે?

તરૂણ ખન્ના- આ પ્રથમ વખત હું દસ્મી પ્રોડક્શન સાથે કામ કરું છું. સૌંદર્યલક્ષી રીતે સંપૂર્ણ સેટ બનાવવામાં આવ્યો છે, તે હમ્મોંગસ છે અને તે નાયગાંવમાં શિરડી ફરીથી બનાવવા માટે કરવામાં આવેલા તમામ સંશોધન અને પ્રયાસોની કલ્પના કરવા માટે દ્વિધામાં છે. સમૂહમાં પ્રવેશ્યા બાદ હકારાત્મક કંપનોને તરત જ સમજી શકાય છે, તે ખૂબ જ શાંત અને ઠંડુ છે. હું એ પણ ખાતરી કરું છું કે બાબા આ સમગ્ર પ્રયત્નો સફળ બનાવવા અમને આશીર્વાદ આપશે.

ક્યુ ૩- મેઈ સાંઈ એ એક શો છે જે સાંઈ બાબાના ઉપદેશો દ્વારા કરુણા અને દયાનો પ્રચાર કરે છે. શો અને મેસેજિંગ પર તમારા વિચારો શેર કરો.

તરુણ ખન્ના- સાંઈબાબા, કરુણા અને દયા વિશે બધા હતા, આજની દુનિયામાં આપણે જે જરૂર છે તે કરુણા અને દયા છે. લોકોને યાદ રાખવાની જરૂર છે કે આપણેપૈસા, વીજળી, તેલ વગેરેની જરૂર નથી. દિલગીરી અને આપણા હૃદયમાં એકબીજા પ્રત્યેના પ્રેમ. લોકોએ યાદ રાખવું જોઈએ કે આપણે પહેલા આપણા ધર્મને પ્રથમ મૂકવા પહેલા મનુષ્ય છીએ. સાંઇ બાબા એ મસીહા છે કે 'માનવતા' એ સૌથી મોટો ધર્મ છે અને 'દયા' એ સૌથી મોટો સદ્ગુણ છે. અમે આ શો દ્વારા આશા રાખીએ છીએ કે સાંઈબાબાના મૂલ્યો અને ઉપદેશો મોટી સંખ્યામાં લોકો સુધી પહોંચે છે.

લારા દત્તાની પુત્રી સાયરાનું ટેલિવિઝન પદાર્પણ!

બર્થડે હંમેશાં અત્યંત વિશેષ હોય છે અને &TVપર હાઈ ફીવર ૫ ડાન્સ કા નયા તેવરે લાલા દત્તાની બર્થડે મિજબાની તેના મનમાં હંમેશાં વિશેષ સ્થાન જમાવી રાખશે તેની ખાતરી રાખી છે. ૧૬ મી એપ્રિલે આભૂતપૂર્વ મિસયુનિવર્સ, ઉત્તમ અભિનેત્રી અને સમર્પિત માતા લાલાદત્તાનો ૪૦ મો જન્મદિવસ છે. આથી એપિસોડની થીમ પણ તેના મનની નિકટ- બોલીવૂડ તરીકે સમર્પિત રાખતાં હાઈફીવરે આ બર્થડે ગર્લને વિશેષ સરપ્રાઈઝ આપ્યુંહતું.

નામાંકિત કોરિયોગ્રાફર, ડાયરેક્ટર અને અભિનેત્રી ફારાહખાનની બારીકાઈ ભરી નજરો હેઠળ સ્પર્ધકોએ તેમના ઉત્તમ બોલીવૂડ ફૂટની જમાવટ કરી હતી. પરફોર્મન્સ વચ્ચે અહમદખાન, ડેનાએલેક્સાઅનેફારાહખાન (સાયરા તેની માતાને સરપ્રાઈઝ આપવા માટે આવી રહી છે એ તેઓ જાણતાંહતાં) જજો પાસેથી કોલઆઉટ માટે બેકસ્ટેજમાં રાહ જોતા સ્પેશિયલ વિઝિટર વિશ વાત કરવાનું શરૂ કરેછે. આ વિઝિટર કોણ હશે તે વિશે અજાણ લારા પણ તેમની સાથે જોડાઈ અને વિઝિટરને પધારવા માટે હાકલ કરી, જે સમયે પડદો ઊંચકાતા સુંદર નાની છોકરીપધારીહતી, જેણેપોતાનો ચહેરો ફુગ્ગાઓ પાછળ છુપાવી રાખ્યોહતો અને હેપ્પી બર્થડે મા એવું કહ્યુ હતું ત્યારેમાતાનેપોતાનીબાળકીનેઓળખીશકવાથીકોઈરોકીશક્યુંનહોતું. લારાએ તાત્કાલિક આ વિઝિટરને ઓળખી કાઢી હતી. તે આંખોમાં ખુશીમાં આંસુ સાથે ઊભી થઈ હતી અને મંચ પર પોતાની પુત્રી તરફ દોડી ગઈ હતી. બધાજ તેના આ વહાલથી ખુશ થઈ ગયા અને તેમણે બર્થડે ગીત ગાયું હતુ ત્યાર અહમદખાને બીજુ સરપ્રાઈઝ જાહેર કર્યું હતું. આ અવસર અને હાઈફીવર૫ ડાન્સ કા નયા તેવર પર અદભુત વારતાઓ જોવાનું ચૂકશોનહીં. વધુજાણકારી માટે જોતા રહો હાઈ ફીવર૫ ડાન્સ કા નયા તેવર, દર શનિવાર- રવિવારે રાત્રે ૯.૩૦, ફક્ત &TV પર!

રેનેસાંસ દ્વારા અમદાવાદ શહેરમાં આર ફુડ ટ્રકનો પ્રારંભ

અમદાવાદ

તાજેતરમાં ફુડ એન્ડ ટ્રક કન્સેપ્ટને પ્રાપ્ત થયેલી લોકપ્રીયતાને પગલે તથા અમદાવાદીઓમાં સ્ટ્રીટ ફુડ કલ્ચરના ઈતીહાસને જોઈને અમદાવાદમાં નવી શરૂ થયેલી રેનેસાંસ હોટલ અને ફોર પોઈન્ટ શેરેટન દ્વારા અમદાવાદમાં આર ફુડ ટ્રકનો પ્રારંભ કરવામાં આવ્યો છે. અમદાવાદમાં બંને હોટલોની લીડરશીપ ટીમ સાથે મહત્વના સ્થળોએ જશે અને કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવેલી આરોગ્યપ્રદ વાનગીઓ પીરસશે જેથી અમદાવાદના સ્વાદશોખીન લોકો પોતાને મનગમતો આહાર તેમની પસંદગીની રીતે માણી શકશે. આર ફુડ ટ્રક શહેરનાં ૧૯ ટ્રાફીક જંકશનની નજીક ઉભી રહેશે જે અંતર્ગત આજના દીવસે પરસેવો નીતરે તેવી ગરમીમાં ફરજ બજાવતા પોલીસ સ્ટાફને તાજગીદાયક પીણાં આપીને તેમની કામગીરીની કદર કરી હતી. આ પહેલને અમદાવાદ ટ્રાફીક પોલીસના ડીસીપી ડૉ. સુધીર દેસાઈએ બીરદાવી હતી. અમદાવાદ ટ્રાફીક પોલીસના પો.ઈન્સ્પે.કે.ડી.નકુમ તથા રેનેસાંસ હોટલ અમદાવાદના જનરલ મેનેજર વિશ્વપ્રીત સીંઘ અને હોટલની લીડરશીપ ટીમે લીલી ઝંડી આપી હતી. આર ફુડ ટ્રક અપંગ માનવ મંડળની પણ મુલાકાતે ગઈ હતી અને ૧૪૦ દીવ્યાંગ બાળકોને ફુડ પેકેટનું વિતરણ કર્યું હતું.

હીરાલાલ ગોવિંદલાલ લાખીયાની જન્મ શતાબ્દીની ઉજવણી

અમદાવાદમાં કો.ઓપ.હાઉસીંગ પ્રવૃત્તિના પાયાના નિર્માતા સ્વ. હીરાલાલ ગોવિંદલાલ લાખીયા ઈ.સ.૧૮૭૯-૧૯૪૬ ની જન્મ શતાબ્દીની ૧૯૮૦ માં ઉજવણી દરમ્યાન અમદાવાદ મહા નગરપાલીકએ કોચરબ ગામ તળથી માંદલપુર રેલ્વે અન્ડરબ્રીજ સુધીના માર્ગને એમનું નામ આપ્યું હતું. સ્વ.હીરાલાલભાઈએ ૧૯૨૪ માં અમદાવાદની સૌ પ્રથમ હાઉસીંગ સોસા.બ્રહ્મક્ષત્રીય કો.ઓપ. હાઉસીંગ સોસા.પ્રીતમનગરની સ્થાપના કરી હતી. જેનું ઉદ્ઘાટન સરદાર વલ્લભભાઈ પટેલે કર્યું હતું. એમના ગામના માર્ગની ભુંસાઈ ગયેલી તખ્તી નવેસરથી તૈયાર કરી રવિવારના રોજ ૯-૪ ના રોજ અનાવરણ કરવામાં આવ્યું હતું.

અમદાવાદીઓ મોટાપો ઘટાડવા હવે ''સૈલુલાઈટ થેરાપી'' તરફ વળ્યા

અમદાવાદ

આજના રોજિંદા જીવનમાં મોટાપો એક શ્રાપ જેવો લાગે છે. બધાને સુંદર અને સુડોળ દેખાવું છે. પણ એના માટે વ્યાયામ કે ખોરાકમાં નિયમિતતા જળવાઈ શકતી નથી.બજારમાં ઘણા બધા વિજ્ઞાપનો દ્વારા અનેક દાવા કરવામાં આવે છે, પણ આખરે બધા ખોખલા જ સાબિત થાય છે. કોઈક ભૂખ્યા રાખે છે, કોઈકને આડ અસર થાય છે. આ બધી તકલીફોનો શું ઈલાજ છે?, હવે અમદાવાદીઓ માટે પ્રહલાદનગર વિસ્તારમાંમાં ૭ સ્ટાર સ્પા એન્ડ સલૂને આનો સરળ ઉપચાર ચાલું કરે છે, ''સૈલુલાઈટ થેરાપી''. આ થેરાપીથી તમે તમારા શરીરના કોઈપણ અંગને સુડોળ બનાવી શકો છો. ના તો આમાં કોઈ ઓપરેશન કરાવાનું છે, ના કોઈ દવાઓ , ના કોઈ સાઈડ ઈફેકટ. આ સ્પેશિયલ થેરાપીમાં અલગ અલગ જાતની ટ્રીટમેન્ટનો સમાવેશ થાય છે. જેમાં આર્યુવેદિક ઉપચારનો પણ સમાવેશ થાય છે.''અમદાવાદમાં સૌ પ્રથમ વાર સૈલુલાઈટ થેરાપી શરૂ થઈ રહી છે. આ થેરાપીની કોઈ આડઅસર પણ થતી નથી. વધુમાં વધુ લોકો આ થેરાપીનો લાભ લઈ શકે છે.જેથી મોટાપો ઘટી શકે છે.'' ઉપરાંત, યોગગુરુ પ્રવિણ પટેલે યોગાના ડેમો દ્વારા યોગાનું જીવનમાં શું મહત્વ છે તે અંગે પણ સમજાવ્યું.૭ સ્ટાર એ આ ટ્રીટમેન્ટ ખાસ મધ્યમ વર્ગને ધ્યાનમાં રાખીને લોન્ચ કરી છે. જેથી વધુને વધુ લોકો આનો ફાયદો લઈ શકે અને એમના જીવનમાં આનંદથી રહી શકે.

એડીડાસની નવીન રજુઆત આલ્ફા બાઉન્સ બિયોંડ રૂ.૯,૯૯૯ માં

પ્રત્યેક રમતનો ખેલાડી તેનુ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન મળે તેવા સર્વશ્રેષ્ઠ ઉપકરણો અને સાધનોની શોધમાં હોય છે જેમ કે ક્રિકેટમાં સ્પાઈક, ફૂટબોલમાં સ્ટડ કે ઈન્ડોર ગેમ્સમાં ગમ સોલયુકત ઈન્ડોર શૂ વગેરે. મોટાભાગની ગેમ્સની ટ્રેનિંગ અને મેદાન પર કંડીશનિંગ ડ્રિલ માટે યોગ્ય ગ્રિપ, સ્પોર્ટ, કુશનિંગ, સંતુલન અને સ્થિરતા સાથે દોડવું સરળ બને તેવા મેચ-ડેના શ્રેષ્ઠ ફૂટવેર હોવા જોઈએ. ઉપરોકત જરૂરીયાતોને ધ્યાન રાખીને એડીડાસ એ આલ્ફા બિયોંડ રજુ કર્યા છે, આ રનિંગ શૂ છે જેમાં એથલીટો માટે વ્યુહાત્મકરીતે ડિઝાઈન કરાયેલ સિલ્હૂટ છે. આ શૂ પોતાની રમતમાં વર્ચસ્વ બનાવવા માટે દોડવાને પ્રાથમિકતા આપતા રમતવીરો માટે નિર્માણ કરવા આવ્યા છે. પહોળા પ્રોફાઈલ અને વિસ્તૃત હિલ કાઉન્ટર સાથે તે સ્થિરતામાં વૃદ્ધિ કરે છે, બાઉન્સ કુશનિંગ સમગ્ર દિવસ આરામ આપે છે, ટ્રેકશન તથા ડ્યુરેબિલિટી માટે તેમાં કોન્ટિનેંટલ રબર આઉટસોલ લગાવવામાં આવેલ છે, જે એથલીટોને સ્પર્ધામાં અગ્રસેર રહેવામાં સહયોગ પ્રદાન કરે છે. આલ્ફા બાઉન્સ બિયોંડનું નિર્માણ દોડથી પણ આગળ લઈ જતી નવીનતમ મોશન કેપ્ચર ટેકનોલોજી અને અવરોધવિહિન ડિઝાઈન સાથે કરવામાં આવ્યું છે જે ટ્રેનિંગને એક નવા સ્તરે લઈ જાય છે. 'ધ બિયોંડ' એકમાત્ર રનિંગ શૂ છે જેને એડી થી પંજા સુધી કુશનિંગ સાથે નિર્માણ કરવામાં આવેલ છે. આ શૂ ની વિશેષ ડિઝાઈનમાં સ્ટાઈલ અને ટેકનોલોજીનું ઈનોવેશન (નવીનતા) છે. બાઉન્સ મિડસોલઃ પ્રત્યેક પગલું ઉર્જાયુકત આરામ પ્રદાન કરે છે. ફોર્ઝ્ડ મેશ- સીમલેસ સ્ટ્રેચેબલ મેશ તમારા પંજાને પકડી રાખે છે, જે લેટરલ અને લિનિયર મૂવમેંટને પર્યાપ્ત આરામ અને સપોર્ટ આપે છે.

ખેલફલક

જેમાં ક્રિકેટથી
માંડીને તમામ રમતોની રસપ્રદ માહિતી...

વેટલિફ્ટર સંજીતા ચાનુએ ૫૩ કિગ્રા કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો

ઑસ્ટ્રેલિયાના ગોલ્ડ કોસ્ટમાં ચાલી રહેલ ૨૧મી કોમનવેલ્થ ગેમના પહેલાં દિવસે ભારતીય એથ્લીટોનું પ્રદર્શન સારું રહ્યું. ભારતને વેટલિફ્ટિંગમાં બે મેડલ મળ્યા. બીજા દિવસે ભારતના કેટલાંય મોટા એથ્લીટ હાથ અજમાવશે. તેમને પણ મેડલ મળવાની આશા રહેશે.

ભારતની સ્ટાર વેટલિફ્ટર સંજીતા ચાનુએ ૫૩ કિલોગ્રામ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. તેની સાથે જ વેટલિફ્ટિંગ ઈવેન્ટમાં ભારતને બીજો ગોલ્ડ મેડલ મળ્યો. પહેલાં દિવસે ભારતની મીરાબાઈ ચાનુએ ભારતને પહેલો ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. આ સિવાય પુરુષ કેટેગરીમાં ભારતના ગુરૂરાજાએ સિલ્વર મેડલ જીત્યો હતો. તેની સાથે જ ભારતને ત્રણ મેડલ મળ્યા છે.પહેલાં મુકાબલામાં વેલ્સથી ૩-૨થી હરાવ્યા બાદ આજે ભારતીય મહિલા હોકી ટીમ મલેશિયાની સામે મુકાબલા માટે મેદાન પર ઉતરશે. મેડલની રેસ સુધી પહોંચવા માટે ભારતીય હોકી ટીમને આ મુકાબલામાં કોઈપણ સ્થિતિમાં જીત નોંધાવી પડશે. **અનુસંધાન પાન નં. ૬ ઉપર**

વેઈટલિફ્ટર રાહુલ રાગલાએ ૮૫ કિગ્રા કેટેગરીમાં જીત્યો ગોલ્ડ

કોમનવેલ્થ ગેમ્સમાં શુક્રવારે ભારતીય વેઈટલિફ્ટર્સે બે ગોલ્ડ જીત્યા. વેઈટલિફ્ટર સતીશ કુમાર શિવલિંગમે શનિવારે ૭૭ કિલો કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો. જ્યારે ૮૫ કિગ્રાની કેટેગરીમાં વેંકટ રાહુલ રાગલાએ પણ ગોલ્ડ જીત્યો. રાહુલ માતાની બીમારીના કારણે રિયો ઓલિમ્પિકમાં દાવેદારી કરી શક્યા ન હતા. કોમનવેલ્થમાં અત્યાર સુધીમાં ભારતને ચાર ગોલ્ડ મેડલ મળી ચૂક્યા છે. આ પહેલાં સંજીતા ચાનૂ અને મીરાબાઈ ચાનૂને પણ ગોલ્ડ મેડલ મળી ચૂક્યા છે. નોંધનીય છે કે, કોમનવેલ્થ ગેમ્સની શરૂઆત ૧૯૩૦થી થઈ હતી.

૨૫ વર્ષના સતશે સ્નેચના પહેલા પ્રયત્નમાં ૧૩૬, બીજા પ્રયત્નમાં ૧૪૦ અને ત્રીજા પ્રયત્નમાં ૧૪૪ કિલો વજન ઉપાડ્યું હતું. ક્લીન એન્ડ જર્કમાં પહેલાં પ્રયત્નમાં ૧૬૯ અને બીજા પ્રયત્નમાં ૧૭૩ કિલો વજન ઉપાડ્યું હતું. તે સાથે જ તેનો ગોલ્ડ મેડલ પાક્કો થઈ હયો હતો. તેથી તેમણે ત્રીજો પ્રયત્ન ન કર્યો.

સતીષે ૨૦૧૪માં ગ્લાસ્લો કોમનવેલ્થ ગેમ્સમાં આ કેટેગરી (૭૭ કિલો)માં ગોલ્ડ જીત્યો હતો. ત્યારે તેમણે ૩૨૮ (સ્નેચમાં ૧૪૯ અને ક્લીન એન્ડ જર્કમાં ૧૭૯) કિલો વજન ઉપાડ્યું હતું. ૨૦૧૬ રિયો ઓલિમ્પિકમાં તેઓ ૧૧માં સ્થાને રહ્યા હતા. રિયોમાં તેમણે ૩૨૯ (સ્નેચમાં ૧૪૮ અને ક્લીને એન્ડ જર્કમાં ૧૮૧) કિલો વજન ઉપાડ્યું છે.

કોમનવેલ્થ ગેમ્સમાં સારા પ્રદર્શનને લઈને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ખેલાડીઓને અભિનંદન આપ્યા હતા.તેમણે ટ્વીટ કરીને જણાવ્યુ કે ત્રીજા દિવસે પણ વેઈટ લિફ્ટિંગમાં દેશને ગૌરવ થયુ છે.સતીષ કુમાર શિવલિંગમના ૭૭ કિલોગ્રામ કેટેગરીમાં ગોલ્ડ જીતવા પર અભિનંદન.

કોમનવેલ્થ ગેમ્સ : વેઈટલિફ્ટિંગમાં પૂનમ, શૂટિંગમાં મનુએ ગોલ્ડ જીત્યો

ટીમ સ્પીરીટ

૨૧માં કોમનવેલ્થ ગેમ્સના ચોથા દિવસે વેઈટ લિફ્ટિંગ બાદ શુટિંગમાંથી ભારત માટે સારા ખબર આવ્યાં છે. ૧૬ વર્ષની મનુ ભાકેરએ મહિલાઓની ૧૧૦ મીટર એર પિસ્ટલમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. આ ઉપરાંત આ જ સ્પર્ધામાં હીના સિદ્ધુએ સિલ્વર મેડલ પોતાના નામે કર્યો છે. ફાઈનલ મુકાબલામાં મનુએ ૨૪૦.૯ અંક મેળવ્યા હતા, અને હિનાને ૨૩૪ અંક મળ્યા છે. આ સાથે જ ભારતે ૬ ગોલ્ડ, ૨ સિલ્વર, ૧ બ્રોન્ઝની સાથે કુલ ૯ મેડલ મેળવ્યા છે અને મેડલ ટેલીમાં તે ત્રીજા નંબર પર છે.

ભારતીય નિશાનેબાજ રવિ કુમારે શાનદાર પ્રદર્શન કરતા પુરુષોની ૧૦ મીટર એર પિસ્ટલ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. રવિએ ફાઈનલમાં કુલ ૨૨૪.૧ અંક મેળવ્યો અને ત્રીજા સ્થાન પર રહીને બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યું. આ સાથે જ ભારતે ૬ ગોલ્ડ, ૨ સિલ્વર, ૨ બ્રોન્ઝ સાથે મળીને કુલ ૧૦ મેડલ મેળવ્યા છે. તેમજ મેડલ ટેલીમાં તે ત્રીજા નંબર પર છે.

આ પહેલા રવિવારે ભારતની મહિલા વેટ લિફ્ટર પૂનમ યાદવે ૬૯ કિલો ભારવર્ગમાં ભારતને ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. પૂનમે સ્નૈચમાં ૧૦૦ અને ક્લીન એન્ડ જર્કમાં ૧૨૨ કિલોગ્રામની સાથે કુલ ૨૨૨ કિલો ગ્રામ વજન ઉઠાવ્યું હતું. ભારતને ૫ ગોલ્ડ ૫૬ ભારોત્તોલનમાં મળ્યાં છે.બોક્સિંગમાં ભારતની મહિલા બોક્સર એમસી મેરીકોમે સ્કોટલેન્ડના બોક્સરને ૫-૦થી માત આપીને સેમીફાઈનલમાં પ્રવેશ કર્યો છે. આ સાથે જ ભારતનો એક મેડલ પાક્કો થઈ ગયો છે. મેરી કોમનો સામનો હવે સેમ ફાઈનલમાં શ્રીલંકાની અનુષા દિલરુક્ષી સાથે થશે.

એથ્લેટિક્સમાં ભારતના મનીષ સિંહ પુરુષોની ૨૦ કિલોમીટર વોકમાં ૧.૨૨. ૨૨ ના સમયની સાથે છઠ્ઠા સ્થાન પર રહ્યાં છે. તો કેટી ઈરફાન નિરાશાજનક રૂપે ૧.૨૭.૩૪ના સમયની સાથે ૧૩માં સ્થાન પર રહ્યાં છે.

૬ ગોલ્ડ મેડલ ભારતના નામે,હીનાએ સિલ્વર મેડલ અને રવિએ બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો

૬ ગોલ્ડ, ૨ સિલ્વર, ૧ બ્રોન્ઝ મેડલ સાથે કુલ નવ મેડલ ભારતે પ્રાપ્ત કર્યા

વેસ્ટ ઈન્ડીઝનો યુવા ખેલાડી 'શાઈ હોપ'

ખેલના મેદાનમાંથી

કમલેશ કંસારા

જે બેટસમેનની ટેસ્ટ પહેલા જ કેરીયરમાં બેટીંગની એવરેજ ૧૮.૬૧ ની હોય તેની શી આશા રાખી શકાય. કદાચ કોઈ ટીમમાં તે ૧૧ મો ખેલાડી તરીકે પણ પસંદ ના પામે. લગભગ ૨ વર્ષ પહેલાં જયારે કલાઈવ લોયડે યુવા ખેલાડી શાઈ હોપને એની ટેસ્ટ કેપ આપતા એની પાસે ઘણી આશા રાખી હતી. એમાંની સંભવ: હેડીંગ્લે ટેસ્ટથી પહેલા કોઈપણ પુરી થઈ ન હતી.

શાઈ હોપે હેડીંગ્લેના ઈતિહાસમાં પ્રથમ શ્રેણી મેચમાં બે સદી બનાવનાર સૌ પ્રથમ બેટસમેન બન્યો હતો. એના સ્કોરના કારણે વેસ્ટ ઈન્ડીઝે હેડીંગ્લેના ઈતિહાસમાં જીતવાને માટે બીજો સૌથી મોટો જુમલો નોંધાવ્યો હતો.

અત્યાર સુધી માત્ર ૧૧ ખેલાડીઓએ પોતાની પ્રથમ બે સદી એક જ ટેસ્ટમાં બનાવી હોય વેસ્ટ ઈન્ડિઝમાં આ પહેલાં માત્ર લોરેન્સ રોવે ૨૧૪ -અને ૧૪ રન બનાવ્યા હતા.

બંને દાવમાં બ્રેથવેટ અને હોપ મોટીએ ભાગીદારી નોંધાવી હતી. બંને જણા બાર્બાડોસના ક્રિકેટરો છે અને છેલ્લા કેટલાક વર્ષોથી એક સાથે રમી રહ્યા છે. શાઈ હોપે જ્યારે ટેલીવિઝન પર ઈન્ટરવ્યુ આપ્યો ત્યાં સુધી તેને એ પણ ખબર નહોતી કે એણે હેડીગલે ટેસ્ટ પહેલાં કોઈએ આવો રેકોર્ડ બનાવનાર પ્રથમ બેટસમેન બનત પણ ભાગ્યે એને સાથ ન આપ્યો.

પ્રથમ દાવમાં ૩૫-૩ અને બીજા દાવમાં ૫૩-૨ પર એ બંને વચ્ચે ભાગીદારી શરૂ થઈ હતી. સ્પષ્ટ હતું કે ઈનીંગ્સ પર સંકટ હતું. બંનેએ ક્રમશ: ૨૪૬ અને ૧૪૪ રન જોડયા.

ઈંગ્લેન્ડની ટીમ એ વાત પર ગર્વ કરતી હતી કે શાઈ હોપના ક્રિકેટમાં એમનો પણ યોગદાન રહ્યો હતો. તે સસેકસમાં સેંટ બેડે સ્કૂલમાં અભ્યાસ કર્યો અને ક્રિકેટ રમ્યો હતો. ત્યાં આજે પણ એને એવા બેટસમેન તરીકે યાદ કરવામાં આવે છે કે જે કયારે આઉટ થવા માંગતો જ નહોતો.

એલન વૈલ્સ એક સ્પોન્સરશીપ માટે બારબાડોસ ગયા હતા અને ત્યાંથી શાઈ હોપને પોતાની સાથે લઈને આવેલ. આ સ્કીમના હેઠળ તેઓ સેંટ બેડે સ્કૂલમાં ભણ્યા હતા. સ્કૂલના હેડ ઓફ ક્રિકેટ એલન વેલ્સે શાઈ હોપને સ્કૂલની ક્રિકેટ ટીમનો કેપ્ટન બનાવતા વાર ના લાગી. એની સાથે ટીમ બે ટુર્નામેન્ટમાં ૧૦૦૦ ની નજીક રન બનાવ્યા હતા. બધા કહેવા લાગ્યા કે તે જલદીથી વેસ્ટ ઈન્ડિઝ માટે ક્રિકેટ રમશે. વેલ્સ ખુદ ઈંગ્લેન્ડને માટે ટેસ્ટ રમ્યા છે. એમને વિશ્વાસ હતો કે એણે પ્રતિભા શોધવામાં કોઈ જ ભુલ કરી નથી.

શાઈ હોપે હેડીંગ્લે ટેસ્ટના બંને દાવમાં સદી ફટકારનાર વેસ્ટ ઈન્ડીઝનો ૧૨ મો ખેલાડી બન્યો હતો. ઈંગ્લેન્ડમાં સૌથી નાની ઉંમરે આ રેકોર્ડ બનાવનાર ખેલાડી બન્યો હતો. શાઈ હોપે બંને દાવમાં સદી લગાવી હોય ત્યારે એની ઉંમર ૨૩ વર્ષ ૨૮૮ દિવસની હતી.

શાઈ હોપે પ્રથમ દાવમાં ૧૪૭ રન અને બીજા દાવમાં અણનમ ૧૧૮ રન નોંધાવ્યા હતા.

હેડીગ્લે ખાતે પ્રથમ શ્રેણી ક્રિકેટમાં આ રેકોર્ડ બનાવનાર સૌ પ્રથમ બેટસમેન બન્યો હતો. જે ૭૬ મી ટેસ્ટ અને ૫૩૪ મી પ્રથમ શ્રેણીની મેચ હતી.

-કમલેશ કંસારા

કોમનવેલ્થ ગેમ્સ : શૂટર જીતૂ રાયે ભારતને ૮મો ગોલ્ડ મેડલ અપાવ્યો, મિથરવાલને બ્રોન્ઝ

૨૧મા કોમનવેલ્થ ગેમ્સમાં પાંચમા દિવસે પુરુષોની ૧૦ મીટર એર પિસ્ટલ સ્પર્ધામાં જીતુ રાયે ગોલ્ડ મેડલ જીતી લીધો છે. આ સ્પર્ધામાં ભારતના ઓમ મિથરવાલને બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. ફાઈનલ મુકાબલામાં જીતુએ ૨૩૫.૧ અંક મેળવ્યા હતા. જ્યારે કે મિથરવાલને ૨૧૪.૩ અંક મળ્યા હતા. આ સાથે જ ભારતના ખાતામાં ૮મો ગોલ્ડ આવ્યો છે.

આ પહેલા સોમવારે વેઈટ લિફ્ટિંગમાં પ્રદીપ સિંહે પુરુષોના ૧૦૫ કિલો ભારવર્ગમાં સિલ્વર મેડલ જીત્યું હતું. પ્રદીપે કુલ ૩૫૨ કિલોગ્રામ વજન ઉઠાવ્યું હતું. તેમણે સ્નૈચમાં ૧૫૨ અને ક્લીન એન્ડ જર્કમાં ૨૦૦ કિલોગ્રામ વજન ઉઠાવીને આ મેડલ જીત્યું હતું.

આ સાથે જ ભારતે ૮ ગોલ્ડ, ૩ સિલ્વર, ૪ બ્રોન્ઝ મળીને કુલ ૧૫ મેડલ મેળવ્યા છે. મેડલ ટેલીમાં તે ત્રીજા સ્થાન પર છે.

ભારતના સ્ટાર ટેબલ ટેનિસ પ્લેયર અચંતા શરત કામલના શાનદાર પ્રદર્શનના દમ પર ભારતની પુરુષની ટેબલ ટેનિસની ટીમ ફાઈનલમાં જગ્યા બનાવી ચૂકી છે. ભારતે ઓક્સેનફોર્ડ સ્ટુડિયોઝમાં રમાયેલા સેમી ફાઈનલ મેચમાં સિંગાપુરને ૩-૨થી માત આપી હતી. આ સાથે જ ભારતે પોતાનું રજત પદક તો નક્કી કરી જ લીધું છે

આઈસીસી ટેસ્ટ ક્રમાંકમાં કોહલી –પૂજારાનો ક્રમ યથાવત

ટર્નીંગ પોઈન્ટ

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલના ટેસ્ટ ક્રમાંકમાં ભારતીય ટીમનો સુકાની વિરાટ કોહલી અને ટેસ્ટ નિષ્ણાત બેટસમેન ચેતેશ્વર પૂજારા તેમના ક્રમે યથાવત રહ્યા છે. વિરાટ કોહલીએ બીજો તથા પૂજારાએ સાતમો ક્રમ જાળવી રાખ્યો છે. ૨૯ વર્ષીય વિરાટ કોહલી ૯૧૨ પોઈન્ટ ધરાવે છે અને ઓસ્ટ્રેલિયાના સ્ટિવન સ્મિથ કરતાં ૧૭ પોઈન્ટ પાછળ છે. આમ સ્મિથ હાલમાં મોખરાના ક્રમે છે પરંતુ તે આગામી એક વર્ષ સુધી રમવાનો નથી તે જોતાં કોહલી પાસે પહેલા ક્રમની નજીક પહોંચવાની તક રહેલી છે.

ચેતેશ્વર પૂજારા હાલમાં ૮૧૦ પોઈન્ટ ધરાવે છે અને તે સાતમા સ્થાને છે. ભારતનો ટેસ્ટ સ્પિનર રવિચંદ્રન અશ્વિન બોલિંગ ક્રમાંકમાં ૮૦૩ પોઈન્ટ સાથે પાંચમા ક્રમે છે. યારે રવીન્દ્ર જાડેજા ઓલરાઉન્ડર્સના ક્રમાંકમાં બીજા ક્રમે છે. દરમિયાન સાઉથ આફ્રિકન ઓપનર એડિયન માર્કરામે ટેસ્ટ ક્રિકેટમાં પોતાના પ્રથમ જ વર્ષમાં સારી સફળતા હાંસલ કરી છે. તાજેતરમાં ઓસ્ટ્રેલિયા સામે ઉમદા પ્રદર્શન કરનારા માર્કરામે બેટિંગ ક્રમાંકમાં નવમું સ્થાન હાંસલ કરી લીધું છે. ન્યૂઝીલેન્ડ અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી બીજી ટેસ્ટને અંતે આઈસીસીએ ક્રમાંક જારી કર્યા હતા જેમાં માર્કરામે સારી પ્રગતિ કરી હતી.

કોમનવેલ્થ ગેમ્સ: બેડમિંટન મિક્સ્ડ ટીમે ઈતિહાસ રચ્યો

૨૧માં કોમનવેલ્થમાં ભારતે હજુ સુધી ૧૦ ગોલ્ડ જીત્યાભારતે પ્રથમ વખત સુંવર્ણ ચંદ્રક જીતી લીધો

ભારતે કોમનવેલ્થ ગેમ્સમાં શાનદાર દેખાવ કર્યો હતો. ભારતીય બેડમિંટન મિક્સ્ડ ટીમે તમામને ચોંકાવી દીધા હતા. મલેશિયાને ૩-૧થી હરાવીને સુવર્ણ ચંદ્રક જીતીને ઈતિહાસ સર્જ્યો હતો. ટીમ ઈવેન્ટમાં ભારતે પ્રથમ વખત ગોલ્ડ મેડલ જીત્યો છે. આ પહેલા પાંચમાં દિવસે જીતુ રાયે ૧૦ મીટર એર પિસ્તોલમાં ગોલ્ડ જીતીને ભારતને મોટી સફળતા અપાવી હતી. ભારતીય ટીમ હજુ સુધી ૧૦ સુવર્ણ ચંદ્રક જીતી ચુકી છે. સીડબ્લ્યુજી ૨૦૧૮માં સોમવારે ભારતે મિકસ્ડ ટીમ બેડમિન્ટનમાં મલેશિયાની ટીમને ૩-૧થી હરાવીને તેમાં ગોલ્ડ હાંસલ કરી લીધો છે. આ ઈવેન્ટમાં ભારતે ૪૦ વર્ષ પછી ગોલ્ડ જીત્યો છે. કોમનવેલ્થ ગેમ્સમાં ૧૯૭૮માં પહેલીવાર બેડમિન્ટનમાં મિકસ્ડ ટીમ ઈવેન્ટ સામેલ કરવામાં આખી હતી. આ સાથે જ મેન્સ ટેબલ ટેનિસ ટીમ ઈવેન્ટમાં પણ ભારતે ગોલ્ડ જીતી લીધો છે, જેમાં તેણે નાઈજિરિયાને ૩-૦થી હરાવ્યું. આ સાથે જ ભારતમે મિકસ્ડ ટીમ બેડમિન્ટનમાં મલેશિયાની ટીમને ૩-૧થી હરાવીને તેમાં પણ ગોલ્ડ હાંસલ કરી લીધો છે. ઉલ્લેખનીય છે કે, રવિવારે ભારતીય વુમન્સ ટેબલ ટેનિસ ટીમે પણ સિંગાપુરને હરાવીને ગોલ્ડ જીત્યો હતો. અશ્વિની પોનપ્પા અને સાત્વિક રકીરેડ્ડીએ મલેશિયાની લિયુ યિંગ ગોહ અને પેંગ સૂન ચાનની જોડી વિરુદ્ધ પહેલો સેટ ૨૧-૧૫ના અંતરથી જીત્યો બીજા સેટમાં અશ્વિની અને સાત્વિક વચ્ચે તાલમેલના બેઠો અને ગોહ-ચાનની જોડીએ સ્કોર ૨૧-૧૪ કરીને જીતી લીધો. ત્રીજા સેટમાં એક સમયે ભારતીય જોડી ૭-૧૨થી પાછળ હતી, પરંતુ તેણે સતત આઠ પોઈન્ટ્સ લીધા. સ્કોર ૧૫-૧૨ કરી લીધો. પછી લીડ જાળવી રાખીને ૧૨-૧૫થી સેટ અને પહેલો મિકસ્ડ ડબલ્સ પોતાના નામે કરી લીધો. પહેલા સિંગલ્સમાં ભારતનાં અંચત શરત કમલે નાઈજીરિયાના બોડે અબિયોદુનને ૪-૧૧, ૧૧-૫, ૧૧-૫ અને ૧૧-૯થી હરાવ્યો. મેચ દરમિયાન શરતે ૨૦ સર્વિસ પોઈન્ટ્સ લીધા, જ્યારે અબિયોદુને ૧૫ સર્વિસ પોઈન્ટ્સ લીધા. બીજા સિંગલ્સમાં સાથિયાન ગણશેખને નાઈજીરિયાના સેગુન ટોરિઓલાને ૧૦-૧૨, ૧૧-૩, ૧૧-૪થી હરાવ્યો. સાથિયાને મેચ દરમિયાન ૨૨ સર્વિસ પોઈન્ટ્સ લીધા, જ્યારે સેગુન ૧૨ જ હાંસલ કરી શક્યા. ડબલ્સમાં હરમીત દેસાઈ અને સાથિયાન ગણશેખરનની જોડીએ નાઈજીરિયાના ઓલજુજિડે ઓમોટાયો અને બોડે અબિયોદુનની જોડીને ૧૧-૮, ૧૧-૫, ૧૧-૩થી હરાવી. મેચ દરમિયાન સાથિયાન અને હરમીતે ૧૬ સર્વિસ પોઈન્ટ્સ લીધા ત્યારે ઓલજુજિડે અને બોડેની જોડી ફક્ત નવ સર્વિસ પોઈન્ટ્સ જ લઈ શકી.

સ્પોર્ટસ ક્વીઝ **ડૉ.પી.ડી.શર્મા**

સવાલ :

૧.હાલમાં જ કયા ખેલાડીએ ઈન્ડિયન વેલ્સ માસ્ટર્સ ટેનિસ ચેમ્પિયનશીપ જીતી હતી ? કયા ખેલાડીને હરાવીને ?

૨. હાલમાં જ ગુજરાતની કઈ મહિલા ટેનીસ ખેલાડીએ ફ્રાન્સની અમાન્ડા ઈન હેસેને ૬-૨, ૭-૫ થી હરાવીને આઈટીએફ વિમેન્સની ફાઈનલ સ્પર્ધા જીતી હતી ?

૩.હાલમાં જ પૂર્ણ થયેલ ઓલ ઈંગ્લેન્ડ બેડમીન્ટન ચેમ્પિયનશીપનખી હાઈવોલ્ટેજ સેમીફાઈનલમાં ભારતની પી.વી.સિંધુને કઈ મહિલા ખેલાડી સામે હારનો સામનો કરવો પડયો હતો ?

૪. હાલમાં જ કઈ ટીમે ક્રીકેટમાં 'ઈરાની ટ્રોફી' જીતી હતી ? કઈ ટીમને હરાવીને ?

૫. હાલમાં જ માયામી ટેનીસ ટુર્નામેન્ટમાં કયા ખેલાડીએ વર્લ્ડ રેન્કીંગમાં વન ટેનીસ ખેલાડી રોજર ફેડરરને હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો ?

૬. 'બોલ ટેમ્પરીંગના કારનામાથી ઓસ્ટ્રેલિયન ક્રિકેટના આત્માને ફટકો પડયો ?' હાલમાં જ આ વિધાન કોણે કર્યું હતું ?

૭. હાલમાં જ જુનીયર શુટીંગ વર્લ્ડકપનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?

૮.ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડ બોલ ટેમ્પરીંગ વિવાદથી ખરડાયેલી છબીને સુધારવાનો પ્રયાસ કરતા ષડયંત્રમાં સામેલ કોટન સ્વીમ સ્મીથ અને વાઈસ કેપ્ટન ડેવીડ વોર્નર પર કેટલા વર્ષનો પ્રતિબંધ મુકી દીધો છે ?

૯. હાલમાં જ પુર્ણ થયેલ જુનીયર શુટીંગ વર્લ્ડકપમાં કઈ ભારતીય મહિલા ખેલાડીએ ચાર ગોલ્ડમેડલ જીતીને ઈતિહાસ સર્જ્યો હતો ?

૧૦. હાલમાં જ પુર્ણ થયેલ જુનીયર શુટીંગ વર્લ્ડકપમાં મેડલટેલીમાં બીજું સ્થાન પ્રાપ્ત કરનાર દેશ કયો છે ?

૧૧. સાઉથ આફ્રીકા સામેની કેપટાઉન ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયા પાસે કરેલા બોલ ટેમ્પરીંગનો માસ્ટર માઈન્ડ ખેલાડી કોણ ?

૧૨. ૨૦૧૮ માં ઓસ્ટ્રેલિયામાં કેટલામી વાર કોમનવેલ્થ ગેમ્સ આયોજીત થયા હતા ?

૧૩. 'મુંબઈના ક્રિકેટની પડતી માટે આઈપીએલ જવાબદાર' હાલમાં જ આ વિધાન કોણે કર્યું હતું ?

જવાબ:

૧.હાલમાં જ આર્જેન્ટીનાના ડેલ પોટ્રોએ સ્વીત્ઝરલેન્ડના રોજર ફેડરર નામના ખેલાડીને હરાવીને ઈન્ડિયન વેલ્સ માસ્ટર્સ ટેનિસ ચેમ્પિયનશીપ જીતી હતી.

૨. હાલમાં જ ગુજરાતની અંકિતા રૈના નામની મહિલા ટેનીસ ખેલાડીએ ફ્રાન્સની અમાન્ડા ઈન હેસેને ૬-૨, ૭-૫ થી હરાવીને આઈટીએફ વિમેન્સની ફાઈનલ સ્પર્ધા જીતી હતી.

૩.હાલમાં જ પૂર્ણ થયેલ ઓલ ઈંગ્લેન્ડ બેડમીન્ટન ચેમ્પિયનશીપનખી હાઈવોલ્ટેજ સેમીફાઈનલમાં ભારતની પી.વી.સિંધુને જાપાનની યામાગુચી મહિલા ખેલાડી સામે હારનો સામનો કરવો પડયો હતો.

૪. હાલમાં જ વિદર્ભની ટીમે ટેસ્ટ ઓફ ઈન્ડિયાની ટીમને હરાવીને ક્રીકેટમાં 'ઈરાની ટ્રોફી' જીતી હતી.

૫. હાલમાં જ માયામી ટેનીસ ટુર્નામેન્ટમાં ઓસ્ટ્રેલિયાના કોકીનાકીસ નામના ખેલાડીએ વર્લ્ડ રેન્કીંગમાં વન ટેનીસ ખેલાડી રોજર ફેડરરને હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો.

૬. 'બોલ ટેમ્પરીંગના કારનામાથી ઓસ્ટ્રેલિયન ક્રિકેટના આત્માને ફટકો પડયો ?' હાલમાં જ આ વિધાન ઓસ્ટ્રેલિયાના લેજન્ડરી કેપ્ટનોમાં સ્થાન ધરાવતી સ્ટીવ વોએ કર્યું હતું.

૭. હાલમાં જ જુનીયર શુટીંગ વર્લ્ડકપનું આયોજન ઓસ્ટ્રેલિયામાં સીડની મુકામે કરવામાં આવ્યું હતું.

૮.ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડ બોલ ટેમ્પરીંગ વિવાદથી ખરડાયેલી છબીને સુધારવાનો પ્રયાસ કરતા ષડયંત્રમાં સામેલ કોટન સ્વીમ સ્મીથ અને વાઈસ કેપ્ટન ડેવીડ વોર્નર પર એક વર્ષનો પ્રતિબંધ મુકી દીધો છે.

૯. હાલમાં જ પુર્ણ થયેલ જુનીયર શુટીંગ વર્લ્ડકપમાં માનુ ભાકેરે નામની ભારતીય મહિલા ખેલાડીએ ચાર ગોલ્ડમેડલ જીતીને ઈતિહાસ સર્જ્યો હતો.

૧૦. હાલમાં જ પુર્ણ થયેલ જુનીયર શુટીંગ વર્લ્ડકપમાં મેડલટેલીમાં બીજું સ્થાન પ્રાપ્ત કરનાર દેશ ભારત છે.

૧૧. સાઉથ આફ્રીકા સામેની કેપટાઉન ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયા પાસે કરેલા બોલ ટેમ્પરીંગનો માસ્ટર માઈન્ડ ખેલાડી ડેવિડ વોર્નર છે.

૧૨. ૨૦૧૮ માં ઓસ્ટ્રેલિયામાં પાંચમી વાર કોમનવેલ્થ ગેમ્સ આયોજીત થયા હતા ?

૧૩. 'મુંબઈના ક્રિકેટની પડતી માટે આઈપીએલ જવાબદાર' હાલમાં જ આ વિધાન મુંબઈના ભૂતપૂર્વ કેપ્ટન અને ભારતીય ટીમના કોચ તરીકેની જવાબદારી સંભાળી ચુકેલા લાલચંદ રાજપુતે કર્યું હતું.

-ડૉ.પી.ડી.શર્મા (અમદાવાદ)

મિતાલી રાજ ૧૯૨ મેચ રમનાર દુનિયાની પ્રથમ મહિલા ખેલાડી

ઈન્ડિયન વીમેન્સ ક્રિકેટ ટીમની કેપ્ટન મિતાલી રાજે ક્રિકેટની દુનિયામાં એક અનોખો ઈતિહાસ રચ્યો છે. શુક્રવારે ઈંગ્લેન્ડ સામે રમાયેલી વનડે મેચમાં મિતાલી રાજે એક નવો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. તે મહિલા ક્રિકેટમાં પહેલી ખેલાડી બની ગઈ છે તેણે ૧૯૨ વન ડે મેચ રમી હોય. વિશ્વ ક્રિકેટમાં અત્યાર સુધી કોઈ પણ મહિલાએ આટલી મેચ રમી નથી. ૩૫ વર્ષીય મિતાલી રાજે પોતાની પહેલી વન ડે મેચ ૨૬ જૂન ૧૯૯૯ના રોજ રમી હતી.

મિતાલી અતયાર સુધી આટલી મેચોમાં ૬૨૯૫ રન બનાવી ચુકી છે. તેમાં ૬ સદી અને ૪૯ અડધી સદી ફટકારી ચુકી છે. આ ઉપરાંત ૧૦ ટેસ્ટ મેચ અને ૭૨ ટી૨૦ મેચ રમી ચુકી છે. અગાઉ સૌથી વધુ વન ડે મેચ રમવાનો રેકોર્ડ ચારલોટ એડવર્ડ્સના નામે હતો.

ઉલ્લેખનીય છે કે મિતાલી રાજ વન ડે મેચમાં સતત સાત અડધી સદી ફટકારનાર દુનિયાની એક માત્ર ખેલાડી છે. હવે તે ટી ૨૦માં સતત ચાર અડધી સદી ફટકારનાર દુનિયાની પહેલી બેટ્સમેન બની ચુકી છે.

ડીસા હાઈવે...

પાના નં.૧ ચાલુ

પ્રશ્ન માટે તે સમયે વિધાનસભાના ઉમેદવાર શશીકાંતભાઈ પંડયાએ ખાત્રી આપેલ હતી કે જો હું ચૂંટાઈશ તો મારું પ્રથમ કાર્ય ઓવરબ્રિજ મંજુર કરવા માટેનું હશે. જે મુજબ તેઓએ વચન પાલન કરીને મીટીંગોનો દોર ચાલુ કરેલ છે. ઉચ્ચકક્ષાએ રજુઆત કરીને ડીસાવાસીઓનું સ્વપ્ન ત્વરીત સાકર કરવા ચક્રો ગતિમાન કરેલ છે.

થરાદ તાલુકાના...

અનુસંધાન ૩ નુ ચાલુ..

સાથે જાનકી દાસ મહંત શ્રી એ દરેક જગ્યા પર ઠંડા પાણી ની પરબ બને અને લોકો જાતિ વાદ છોડી એક થઇ એક ઘડે પાણી પીવે આવી શુભેચ્છા આપી હતી.

સોમનાથ યુનિવર્સિટીના...

અનુસંધાન ૨ નુ ચાલુ..

અને દેશભરમાં ખ્યાતિ મેળવી. સંસ્કૃત દર્શનશાસ્ત્રમાં એમ.એ.ની પદવી મેળવનાર પ્રો.અર્કનાથ ચૌધરીએ વ્યાકરણ શાસ્ત્રમાં અભ્યાસ કરી સંસ્કૃત આચાર્ય ની પદવી પણ હાંસલ કરી છે. સંસ્કૃતમાં વ્યાકરણ, સાહિત્ય, દર્શન, તંત્ર અને વેદ જેવા વિષયોમાં એમના ગહન અભ્યાસ - સંશોધનના પરિપાક રૂપે પ્રો.શ્રી અર્કનાથે ૨૧ પુસ્તકો લખ્યા છે તો ૩૫ જેટલા સંશોધન - પત્રો પણ લખ્યા છે.

ડૉ.અર્કનાથને કેન્દ્ર સરકાર, વિવિધ રાજ્ય સરકારો સહિત અનેક સંસ્થાઓ દ્વારા વિવિધ માન સન્માનો પણ હાંસલ થયા છે.

આવતીકાલ તા.૧૨ એપ્રિલ, ૨૦૧૮ અને ગુરૂવારના રોજ ગણપત યુનિવર્સિટી ઓડિટોરીયમ (ન્યૂ એમબીએ બિલ્ડિંગ) ખાતે બપોરે ૩ થી ૫ દરમિયાન યોજાઈ રહેલા આ ૧૨ મા સ્થાપના દિન વ્યાખ્યાનમાં ગણપત યુનિ.ના ડાયરેકટર જનરલ પ્રો.ડૉ. મહેન્દ્ર શર્મા, બોર્ડ ઓફ ગવર્નસ, યુનિ.ની વિવિધ ફેકલ્ટીના ડીન, આચાર્યો, વિભાગીય વડાઓ, સંસ્થાના ટ્રસ્ટીઓ, વિશેષ આમંત્રિત મહેમાનો સહિત સેંકડો પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી ઉજવણીને વધુ શાનદાર યાદગાર અને સાર્થક બનાવશે.

ભૂજ ખાતે...

અનુસંધાન ૨ નુ ચાલુ..

આ દિવ્ય અવસરે રઘુવંશી શૌર્યગીતનું સામૂહિક ગાન પણ કરવામાં આવ્યું હતું ભૂજ લોહાણા મહાજનના સર્વ કિશોરભાઈ, જીતુભાઈ અને કેતનભાઈ ઠક્કરે પોતાના વિચારો પ્રગટ કર્યા હતા. રઘુવંશી સમાજનું આદરણીય ગૌરવ એવા પ્રોફેસર ચીનુભાઈ ઠક્કરે સાંપ્રત સમયમાં અંગ્રેજીની જરૂરિયાત અંગે વાત કરી પોતાના પુસ્તકો મહાજનોને અર્પણ કર્યા હતા.

સમાજ વિકાસ માટે ખુલ્લી ચર્ચામાં તમામ મહાજનોના પ્રતિનિધિઓએ ઉમળકાભેર ભાગ લઈ લગ્નપરિચય મેળો, શિક્ષણ, આરોગ્ય, સંગઠન, સમાજ વિકાસ, સરકારી યોજનાઓની જાણકારી, વિધવા સહાય, મહાજન મિલન સમારોહ જેવા અનેક મુદાઓની ચર્ચા કરી હતી. સગાઈ, લગ્ન કે મરણ જેવા શુભાશુભ પ્રસંગોએ સ્વયંશિસ્ત કેળવી સૌએ મર્યાદા કેળવવા અંગેની ચર્ચા પણ થઈ હતી. અમદાવાદ ખાતે નિર્માણ પામી રહેલ કન્યા છાત્રાલયની વિસ્તૃત વાત અમદાવાદ મહાજનના પ્રમુખ વિનોદભાઈ ઠક્કરે કરતાં સૌએ સંપૂર્ણ સહકારની ખાત્રી પણ આપી હતી. હારિજના પ્રવીણભાઈ જીનવાળાએ વિવિધ મુદાઓની છણાવટ કરી હતી. અધ્યક્ષ સ્થાનેથી પોપટભાઈ અખાણીએ રઘુવંશી સમાજ સેવા ટ્રસ્ટમાં અલગ અલગ મહાજનોમાંથી ૩૧ સભ્યોને કાર્યરત કરવાની તેમજ તાત્કાલિક ધોરણે ખરેખર જેને જરૂર છે એવી આર્થિક જરૂરિયાત ધરાવતી વિધવા બહેનોને સહાય કરવાની પણ વાત કરી હતી.

આગામી લગ્ન પરિચય મેળો તેમજ મહાજન મિલન સમારોહ માટે ડીસાના સર્વ ભગવાનભાઈ બંધુ, અમૃતલાલ એન.ઠક્કર, રજનીભાઈ કુવરવાળા, દિનેશભાઈ દીપવાળા, બાબુભાઈ પ્રાઈમવાળા, નંદુભાઈ કાનાબાર અને આનંદભાઈ પી.ઠક્કરે યજમાન બનવા અને ડીસા ખાતે બંન્ને કાર્યક્રમો કરવા જાહેર આમંત્રણ આપ્યું હતું જેનો સર્વ મહાજનોએ હર્ષભેર સ્વિકાર કર્યો હતો. સમગ્ર કાર્યક્રમની આભારવિધિ પ્રોફેસર મહેશભાઈ ઠક્કરે કરી હતી. ભૂજ લોહાણા મહાજનના અનેક નિષ્ઠાવાન કાર્યકરોએ સાચા દિલથી મહેનત કરી સંમેલનને સફળ બનાવ્યું હતું. ભૂજ લોહાણા મહાજનના નિષ્ઠાવાન આગેવાન રઘુરામબાપા તેમજ મુકેશભાઈ પારીએ પણ શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો.

સૌના માટે રહેવા, જમવા, નાસ્તો, બેઠક વ્યવસ્થા સહિતની તમામ સુવિધા ખૂબ જ સારી રીતે કરવામાં આવી હતી. આ દિવ્ય અવસરે ઉપસ્થિત રહેલ તમામ મહાજનોના પ્રતિનિધિઓએ ભૂજ લોહાણા મહાજનની મહેમાનગતિની મુક્તકંઠે પ્રશંસા કરી ભૂજ લોહાણા મહાજનની ટીમને બિરદાવી આર્શીવાદ અને અભિનંદન આપ્યા હતા.

થરાદ નગરમાં...

અનુસંધાન ૩ નુ ચાલુ..

સહિત સદસ્યો ગાંધીનગર મુકામે રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીને મળ્યા હતા.

તેમણે મુખ્યમંત્રીની મુલાકાત લઈ વરસાદી પાણીથી સર્જાતી નગરની સ્થિતિ અંગે ચિતાર રજુ કરી ભૂતકાળનું પુનરાવર્તન ન થાય તે માટે પાણીના કાયમી નિકાલ માટેની યોજનાને મંજૂરી આપવાની માગણી કરતું આવેદનપત્ર પણ આપ્યું હતુ.મુખ્યમંત્રીએ પણ રાજયમંત્રી પરબતભાઇ પટેલની દેખરેખમાં કામગીરી ટુંકસમયમાં ચાલુ થશે તથા બે દિવસમાં વરસાદી પાણી ને લગતા કામોની મંજુરી પણ મળી જશે તેવી ખાતરી આપી હોવાનું પ્રમુખ લવજીભાઇ વાણિયાએ જણાવ્યું હતું.મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ૨૦૧૮ નું ચોમાસુ થરાદવાસીઓને હાલાકીરૂપ ન નિવડે તેવી કામગીરી કરવાની સરકારની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી થરાદ નગરપાલિકાના શાસકોને અભિનંદન આપ્યા હતા.

પાલનપુરમાં દાંપત્ય...

અનુસંધાન ૩ નુ ચાલુ..

વાતાવરણને લાગણી સભર બનાવી દરેક દંપતીઓને ભૂતકાળમાં ડોક્યુ કરાવ્યું હતું. આ સમારંભમાં બહોળી સંખ્યામાં આ સમારંભમાં બહોળી સંખ્યામાં વરિષ્ઠ ભાઈઓ - બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

આગામી વર્ષોમાં વરિષ્ઠ નાગરિક સંગઠનને વધુ મજબુત બનાવી તથા સૌ મિત્રો પોતાના જીવન માટે સુચારૂ આર્થિક આયોજન તથા તન - મનની તંદુરસ્તી સ્વરૂચી પૂર્ણ પ્રવૃતિ કરી, સામાજિક સંબંધો જાળવવાનું આયોજન અને પરિવારજનો સાથે સુમેળભર્યા સંબંધો વિકસાવી ક્રમશઃ વૃતિમાંથી નિવૃતિ મેળવી શ્રધ્ધા - ભક્તિ - સમર્પણની ભાવના કેળવવા માટે સામૂહિક રીતે આયોજન કરવા વિચારાણા કરેલ હતી. સંગઠનના પ્રમુખ પ્રતાપરાય ધતુરિયા તથા મંત્રી ચંદુભાઈ ઠક્કરે તથા કારોબારી સભ્યોએ શુભકામના વ્યક્ત કરી હતી. કેશુભાઈ પટેલ, નટુભાઈ સોની, ઈશ્વરભાઈ પટેલ, લાલજીભાઈ પ્રજાપતિ, હીરાભાઈ પટેલ, ચંપકભાઈ જોષી, બાલાશંકરભાઈ જોષી, રામભાઈ આઈ.પટેલ, અનિલભાઈ મેવાડા, જગદીશભાઈ ચાવડા, રમેશભાઈ પુરોહિત, પુરષોત્તમભાઈ પટેલ, દિનેશભાઈ ચૌહાણ, કનુભાઈ ઠક્કર, રામજીભાઈ પટેલ, શ્રીમતી નયનાબેન મહેતા, દિલીપભાઈ વ્યાસ વગેરે વરિષ્ઠ મિત્રોએ હાજર રહી પ્રસંગને અનુરૂપ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરી સમગ્ર પ્રસંગને સફળ બનાવેલ હતો.

રાષ્ટ્ર સૃજન...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આ લોકોની પ્રેરણા “એક નવું વિકસિત અને સમૃધ્ધ ભારત”ની સંકલ્પના માટે દ્રઢ નિશ્ચયી છે.

આ દિશામાં એક કદમ આગળ વધારતા “રાષ્ટ સૃજન અભિયાન” વર્તમાન મોદી સરકારના “ન્યુ ઈન્ડીયાના સપનાનું ભારત એક સંકલ્પ”ના રૂપમાં લીધુ છે અને “રાષ્ટ્ર સૃજન અભિયાન એક સંકલ્પ” નું સુત્ર આપતા ભારત સરકારની મહત્વકાંક્ષી યોજનાઓનો અમલ કરી લોકો સુધી પહોંચાડવા તમામ સફળતાપુર્વક્ના પ્રયત્નો કરી રહી છે. અભિયાન અંર્તગત રાષ્ટ્રીય સ્તર પર કેમ્પો, સંમેલનોં, સેસિનાર વર્કશોપ, રવયંસેવી સમૂહો દ્વારા આવા કાર્યક્રમોને વાસ્તવિક સ્તર પર પહોંચાડવાનું કાર્ય સફળતાપુર્વક કરી રહી છેપ લોકોને પ્રોત્સાહિત કરવા માટે “રાષ્ટ્ર સૃજન અભિયાન" “બેટી બચાવો-બેટી પઢાઓ” “સ્વચ્છ ભારત અભિયાન” તથા દેશના વિભિન્ન ક્ષેત્રમાં સમપિત લોકો તથા ભારતની પ્રતિભાશાળી લોકોને સન્માનિત કરવા માટે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે “સૃજન સન્માન સમારોહ”નું આયોજન છેલ્લા કેટલાક વર્ષોથી સફ્ળતાપુર્વક નિરંતર કરતી રહી છે.

પાંથાવાડા પ્રાથમીક...

અનુસંધાન ૩ નુ ચાલુ..

પણ પાંથાવાડા થી પાલનપુર જવા માટે ૫૦ કિલોમીટરનું અંતર છે. જો વધારે તકલીફ હોય તો તેમને પાલનપુર જવું પડે છે અને રસ્તામાં જ તેમની ડિલિવરી થઈ જાય છે. અને આ પાંથાવાડા વિસ્તારમાં આજુબાજુ ચાલીસ ગામ આવેલ છે અને તેમાં સૌથી વધારે અહિ અભણ લોકો હોવાથી લોકોને વધારે મુશ્કેલી પડી રહી છ.તમે જોઇ શકો છો આ છે પાંથાવાડા આવેલું જે સાંસદ હરિભાઇ ચૌધરીનું દત્તક ગામ છે તેમાં સરકારી રેફરલ હોસ્પિટલ જો શોભાના ગાઠીયા સમાન હોય તો આ ગામ કેવી રીતે કહેવાય દતક એ પ્રજાનો પ્રશ્ન છે. જો ભારત સરકાર દ્વારા જો આ ગામ દત્તક લીધેલું હોય તો આ ગામમાં તમે જોઇ શકો છો અને રેફરલ હોસ્પિટલમાં એક જ ડોક્ટર જોવા મળી રહ્યો છે ડોક્ટર ન હોવાના કારણે અહી પ્રજાને ખૂબ ભારે મુશ્કેલી વેઠવી પડી રહી છ.ત્યારે સરકાર દ્વારા જો અહી જે ડોક્ટરોને ઘટ છે તેમને જો પૂર્તિ કરવામાં આવે તેવી લોકોની માંગ છે આ સાંસદ ગામ માં એક તો ડોક્ટર છે છતાં અહી પોલીસ કેસ વધારે બને છે ડોક્ટરને વારંવાર કોર્ટમાં જવું પડે છે . ત્યારે જે દર્દીઓ આવે છે તેમને બહુ પરેશાની થાય છે અને તંત્ર દ્વારા જે ડોક્ટરો ડેપ્યુટેશન મૂકવામાં તે ફક્ત અને ફક્ત દસ દિવસ માટે મૂકવામાં આવે છે તેથી સરકાર દ્વારા અમને કાયમી કરવામાં આવે તેવી માંગ છે.

સમાજને વ્યસન...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ત્યારબાદથી આજ સુધીમાં યુવકમંડળે થરાદ તાલુકાના ૨૫ ગામોમાં જઈ શિવમંદીરમાં બેઠક બોલાવીને ૧૦ કરતાં પણ વધુ રાવણાંને અને ૧૦૦ જેટલા યુવક તથા વડીલોને સ્વેચ્છાએ વ્યસનુમુક્ત બનાવી તેમના સંકલ્પપત્રો લેવામાં સફળતા મેળવી હતી. સમાજના યુવા અગ્રણી થાંનાભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે તાલુકાના ૬૩ ગામમાં યુવકમંડળની ટીમ ફરશે તથા બનાસકાંઠાના થરાદ, વાવ, ડીસા, ધાનેરા તથા દિયોદર તાલુકામાં પણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.યુવકમંડળ દરેક ગામમાં શિવમંદિર જઈ ગામના યુવા તથા વડીલોને વડીલોને એકત્રિત કરી તેઓને પ્રેમથી વ્યસન તથા મૃત્યુ ભોજ પાછળ થતા આર્થિક ખર્ચ વિશે સમજાવવામાં આવે છે.તેમ જ તેઓને તેવી રકમ શિક્ષણ અને કેળવણી કે ગામના વિકાસમાં વાપરવાની સલાહ આપી તેઓને સ્વેચ્છાએ સંમત કરવામાં આવે છે.અત્યાર સુધીમાં ૧૦ કરતાં પણ વધારે રાવણામાં વ્યસન અને સંપૂર્ણપણે તિલાંજલિ આપવામાં આવી છે. પત્રિકાઓમાં પણ વ્યસનમુક્ત રાવણા તેવી નોંધ અચૂક લખવામાં આવેછે. જો મંડળને અભિયાનના પ્રારંભે આવી જ રીતે સફળતા મળશે તો એક વર્ષ પછી સમાજની જનરલ મિટિંગ બોલાવીને ભવિષ્યમાં કાયમી તિલાંજલી માટેનાં નક્કર સામાજિક પગલાં પણ ભરી શકાશે.

થરાદ નગરની...

અનુસંધાન ૩ નુ ચાલુ..

જેમાં અસંખ્ય દુકાનદારોએ લાયસન્સ ન મેળવેલ હોવાની હકીકત પણ ધ્યાનમાં આવી હતી. જે તમામ દુકાનદારોને સત્વરે લાયસંસ મેળવવાની તાકીદ કરવામાં આવી હતી.નગરપાલિકાના રેકર્ડ પર શોપ લાયસન્સ ધારકોની સંખ્યા ઓછી હોવાના કારણે આકસ્મિક ચકાસણીની કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પાલનપુરના શાહીબાગ...

પાના નં.૮ ચાલુ

ખળભળાટ મચી ગયો છે.

શાહીબાગ વિસ્તારમાં આવેલી ઉક્ત જગ્યામાં અગાઈ પાલિકાના શાશકો દ્વારા પત્રમપુષ્પમ કરી નીતિ નિયમોને નેવે મૂકી બાંધકામ ની મંજૂરી અપાઈ હતી. જોકે, પાલિકાના તા.૨૩-૪-૧૦ના ઠરાવ નં.૧૪ થી અપાયેલી મંજૂરી દરમિયાન નિયત સમય મર્યાદામાં બાંધકામ શરૂ થયું ન હતું. ત્યારે હયાત કાયદામાં ફેરફાર થતા વિવાદિત બાંધકામ રેખાનિયંત્રણ નો ભંગ કરતું હોઈ તેની સામે વિરોધ વ્યક્ત કરતા જાગૃત નાગરિક બાબુલાલ સૈનીએ અરજી કરી હતી. આમ છતાં વિવાદિત બાંધકામ ચાલુ રહેતા મામલો ગુજરાત હાઈકોર્ટમાં ગયો હતો. જ્યાં હાઈકોર્ટે પણ ઓરલ ઓર્ડર કરી બાંધકામ સામે મનાઈ હુકમ આપ્યો હતો.

જોકે, પાલિકાના ઠરાવ નં.૧૪ ને રદ કરી બાંધકામ સામે સ્ટે અપાયો હતો. આમ છતાં પાલિકા ની છત્રછાયા તળે ધમધોકાર બાંધકામ ચાલુ રહેતા આ જગ્યા પર શો-રૂમ પણ બની ગયા છે. હાઈકોર્ટ અને પાલિકાના મનાઈ હુકમ અને નોટીસોને ઠોકરે ચડાવી માલેતુજાર લોકોએ બાંધકામ પૂર્ણ કરી વ્યવસાય પણ શરૂ કરી દીધો છે. ત્યારે જિલ્લા કલેક્ટર દિલીપ કુમાર રાણાએ તમામ વિગતોનો તલસ્પર્શી અભ્યાસ કરી સદરહુ પાકું બાંધકામ દૂર ૩૦ દિવસમાં દૂર કરવાનો હૂકમ કરતા પાલિકા ના શાસકો સહિત કાયદાને ખિસ્સામાં લઈ બાંધકામ કરી રહેલા બિલ્ડરો હચમચી ગયા છે.

પાલનપુર સિવિલના...

પાના નં.૮ ચાલુ

ધારાસભ્યોએ લેખિત વિરોધ નોંધાવ્યો છે. પાલનપુર સિવિલના ખાનગીકરણનો વિરોધ જારી રાખવાનું એલાન કરતા દિનેશ ભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે, ભાજપ સરકાર પ્રજાનો અવાજ દબાવી રહી છે. ત્યારે કૉંગ્રેસ આગામી દિવસોમાં સિવિલના ખાનગીકરણના મુદ્દે ન્યાયાલયના દ્વાર ખખડાવી કાયદાકીય લડત આપશે.

પાલનપુર નગરપાલિકામાં વિપક્ષની ભૂમિકા ભજવવામાં કોંગ્રેસ નિષ્ફળ રહી હોવા અંગે દિનેશભાઈ ગઢવીએ નિખાલસ એકરાર કરતા જણાવ્યું હતું કે, પાલનપુરમાં જ નહી દેશભરમાં કોંગ્રેસ અસરકારક વિપક્ષની ભૂમિકા ભજવવામાં નિષ્ફળ રહી છે. આ સ્નેહ મિલનમાં જિલ્લા પ્રમુખ દિનેશ ગઢવી, જિલ્લા પંચાયત પ્રમુખ પીનાબેન ઠાકોર, વિરજીભાઈ જુડાલ, લક્ષ્મીબેન કરેણ, સેનજીભાઈ દેલવાડીયા સહિતના અગ્રણીઓ અને પ્રિન્ટ તથા ઈલેક્ટ્રોનિક મીડિયાના મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

ડીસામાં ચાલકે...

પાના નં.૮ ચાલુ

મહંમદભાઈ પાર્લરની દુકાન ધરાવે છે ત્યારે રાત્રિના સુમારે ગવાડી તરફથી આવતી ગાડી નં. જી .જે.૦૨ સી એ. ૯૧૬૧ ના ચાલકે કાબુ ગુમાવતા ગાડી શટર તોડી દુકાનમાં ઘુસી જતાં અંદાજે ૨૦ થી ૨૫ હજારનું નુકશાન થવા પામ્યું હતું. જો કે સદનસીબે ઘરવાળા દુકાનની પાછળ આવેલ ઘરમાં હોવાથી આબાદ બચાવ થવા પામ્યો હતો ગાડી ચાલક ગાડી મૂકી ફરાર થઈ જવા પામ્યો હતો.

ધાનેરામાં ચેક...

પાના નં.૮ ચાલુ

રીટર્ન થયેલ ત્યારબાદ વકીલ મારફત નોટીસ આપેલ છતાં પેમેન્ટ ન ચુકવાતા ધાનેરાની નામદાર વી.એસ.ઠાકોર સાહેબની કોર્ટમાં ૧૩૮ મુજબ કેશ કર્યો હતો. જે કેશ ચાલી જતાં ગતરોજ તા.૧૦/૪/૧૮ ના રોજ સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં આરોપી પટેલ જયંતિભાઈ રગાભાઈને છ માસની સજા તથા ફરીયાદીને વળતર ચુકવવું અને જો વળતર ન ચુકવે તો વધુ એક માસની સખત કેદની સજા ફટકારી હતી.

થરાદ ૧૦૮માં...

પાના નં.૮ ચાલુ

જન્મ આપ્યો હતો. આમ સમયસર સારવાર મળવાના કારણે યુવતી અને નવજાત બાળકોનો જીવ બચી જવા પામ્યો હતો.

આ અંગે ૧૦૮ની ઈએમટી હિના સિપાઈએ જણાવ્યું હતું કે સુરેખાબેનને રસ્તામાં પ્રસવની અસહ્ય પીડા ઉપડતાં ૬.૫૪ મિનીટે બાળકીને તથા ૭.૦૫ મિનીટે બાળકને જન્મ આપ્યો હતો.જોકે ચોંકાવનારી બાબત એ હતી કે ગર્ભાવસ્થા દરમ્યાન કોઇ પણ પ્રકારની તબીબી સારવાર નહી લેવાના કારણે માતાને ખુદને પણ ઉદરમાં બે બાળકો હોવાની કોઇ જ ખબર ન હતી.જન્મ સમયે બાળકોનું વજન ઓછું હોવાના કારણે ઓક્સીજન હેઠળ સારવાર અપાઇ હતી.થરાદની ૧૦૮માં આમતો અગાઉ પણ હિના સિપાઇ દ્વારા પ્રસુતી કરાવવામાં આવી હતી.પરંતુ જોડીયાં બાળકોની ડિલીવરીની પ્રથમ ઘટના હતી.સમયસર પ્રસૂતિ થઇ જતા નવજાત શીશુઓ અને માતા સુરેખાબેન જોખમમાંથી મુક્ત પ્રસુતી રહેતાં પરિવારજનોએ ૧૦૮ સેવાનો ગદગદિત થઇ પાડ માન્યો હતો.સરકારી હોસ્પીટલમાંથી માતા તથા નવજાત બાળકોને ખાનગી હોસ્પીટલમાં લઇ જવાયાં હતાં.

સ્થાનિક બજાર ભાવ

ચોકસી બજાર(કીલોના)	
ચાંદી ચોરસા	**૩૯૦૦૦-૩૯૩૦૦**
રૂપુ કાચું	૩૯૦૦૦-૩૯૩૦૦
સોનુ તોલો	૩૧૨૫૦-૩૧૪૦૦
તેલ બજાર	
રાધે પામોલીન	**૧૧૯૦**
પામોલીન	૧૧૭૦
સોયા રીફાઈન	૧૪૧૦
રાયડાતેલ ૧૫કી.	૧૧૨૦-૧૨૫૦
સીંગતેલ૧૫ કી.	**૧૪૭૦**
સીંગતેલ ૧૫ લી.	૧૪૭૦
સીગતેલ ૫ લી.	**૪૫૫**
તિરૂપતી કપા.	૧૩૫૦
૫ લીટર	૪૨૮
વનસ્પતિ ઘી	૧૦૩૦
કોપરેલ ૧૫ કિલો	૩૩૦૦
૫ કે. કોપરેલ	૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ	૪૫૫
૧૫ લીટર સનફલાય	**૧૩૩૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી.	૧૨૬૦
૫ લી.	૪૦૦
૨ લી.	૧૬૫
ચોખા-દાળ બજાર	
(૧૦૦ કીલોના ભાવ)	
કીચન ચેમ્પીયન કલાસીક	૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર	૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર	૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર	૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના	૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર	૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર	૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા	૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા	૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન	૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક	૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક	૯૫૦૦
દાવત સ્પેસીયલ	૭૮૦૦
દાવત	૭૭૦૦
દાવત તીબાર	૭૭૦૦
દાવત દિલખુશ	૭૮૦૦
દાવત રોજાના	૬૮૦૦
દાવત મોગરા	૪૮૦૦
દાવત મીની મોગરા	૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.	૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.	૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.	૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.	૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.	૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.	૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.	૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.	૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.	૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.	૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.	૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.	૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.	૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.	૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.	૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.	૮૦૦૦
દુન પ્રીમીયમ	૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.	૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.	૭૨૦૦
નર્મદા મગ પોલીસ	૫૯૫૦
મગદાળ નર્મદા સુપર	૬૦૦૦
નર્મદા મગ મોગર	૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી	૬૯૦૦
નર્મદા અડદદાળ	૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના	૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો	૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી	૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા	૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા	૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫	૯૦૦૦
તુવરદાળ ખીડીયાર	૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક	૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ	૮૦૦૦
લાલ કીલ્લો તીબાર	૭૦૦૦
લાલ કિલ્લો દુબાર	૫૫૦૦
લાલ કિલ્લો મોગરો	૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ	૯૦૦૦
હેરીટેજ તીબાર	૮૦૦૦
હેરીટેજ દુબાર	૬૨૦૦
હેરીટેજ મીની દુબા	૫૦૦૦
કાયનાત પોપુલર	૬૪૦૦
કાયનાત સુપર	૮૧૦૦
કાયનાત	૬૮૦૦
કાયનાત પ્રીમીયમ	૮૮૦૦
રાજા બાસમતી	૪૦૦૦
કુરૂક્ષેત્ર	૫૮૦૦
પરી નં.૧	૯૨૦૦
પરી નં. ૭ તીબાર	૮૨૦૦
પરી સુપર દુબાર	૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ	૭૨૦૦
એપ્પલ પ્રીમીય	૪૮૦૦
ઓરેન્જ	૬૦૦૦
દાવત અપ્સરા	૫૦૦૦
જીરાસર ચંદન	૩૮૦૦
ચણાદાળ ૪૪૪	૭૧૦૦
મગદાળ સમરદીપ	૭૨૦૦
મગમોગર રીયલ	૮૦૦૦
અડદદાળ અક્ષર	૮૩૦૦૦
મગ	૫૭૦૦
અંગુર તુવેરદાળ	૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી	૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ	૬૦૦૦
કિસાન તુવેરદાળ	૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ	૬૦૦૦
પરખ સ્પેશીયલ	૫૨૦૦
લાલપરી તીબાર જુના	૪૨૦૦
લાલપરી દુબાર જુના	૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા	૪૪૦૦
લાલપરી દુબાર નવા	૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી	૪૦૦૦
લાલમંદિર બાસમતી	૩૬૦૦
ખાંડ બજાર	
(બોરીના ભાવ)	
ખાંડ એસ.	૩૨૦૦-૩૩૦૦
ખાંડ એમ.	૩૪૦૦-૩૪૫૦
ખાંડએલ.	૩૪૦૦-૩૫૦૦
ચા-બજાર	
સુરજ છાપ ચા	૩૦૦
હરણ છાપ ચા	૨૨૦
આખા મરચાં-હળદર	
હળદર આખી રાજાપુરી	૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા	૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ	૯૦
હળદર તળેલી સાંગલી	૮૦
મરચા વન્ડર હાટ	૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ	૧૭૦૦
મરચા તેજા	૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ	૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો	૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ	૧૯૦૦
કાશ્મીરી	૯૦
કાશ્મીરી મમરી	૯૦
સુપર પટની	૧૦૫
સુપર રજવાડી	૧૯૦
મરચા ડેડીકટ	૧૨૫
મરચાં	૫૮૦૦
ગોળ બજાર	
વડેચા ગોલ્ડ ૧૦ કે	૪૪૦૦
વડેચા રજી ૧૦ કે.	૪૬૦૦
વડેચા ૫ કી.	૪૮૦૦
વડેચા ૧ કી.	૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ	૫૦૦૦
સાંગલી ૧૦ કે.	૪૩૦૦
ખોળ બજાર	**૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.	૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ	૧૦૫૦-૧૧૦૦
જીરાળુ	૧૬૮૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા.	૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા.	૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.	૫૭૦
પરચુરણ	
સોજી	૭૮૦
મેંદો	૭૫૦
શ્રીફળ એમ.	૧૨૮૦
નિરમા સાબુ	૫૨૫
મેદી	૬૦-૧૦૦
અજમો	૧૪૦-૧૭૦
સાકરીયા	૩૮૦૦
ખાંડ બુરૂ	૪૦૦૦
કોકમ ફુલ	૧૮૦
એલચી	૧૧૦૦-૧૪૦૦
મોરૈયો	૬૫-૮૦
તલ	૯૦-૧૦૦
ખસ-ખસ	૩૫૦-૫૮૦
સીંગદાણા	૬૫-૮૦
શાકભાજી(૨૦ કિલોના ભાવ)	
દુધી	૧૨૦-૧૮૦
સુકી ડુંગળી	૧૮૦-૨૦૦
લસણ	૩૦૦-૭૦૦
ધાણા	૪૦૦-૫૦૦
મરચાં	૫૦૦-૬૦૦
લીંબુ	૧૪૦૦-૧૬૦૦
અડવી પત્તા	૨૦૦-૩૦૦
આદુ	૮૦૦-૮૪૦
રીંગણ	૩૦૦-૪૦૦
ટામેટા	૧૦૦-૧૪૦
ભીંડા	**૭૦૦-૭૪૦**
કોબી	૧૨૦-૧૪૦
વટાણા	૫૦૦-૧૧૦૦
ટીંડસા	૫૦૦-૮૦૦
ગવાર	૮૦૦-૧૬૦૦
બાદશાહ બટાકા	૨૦૦-૩૨૦
સાંગા બટાકા	**૨૦૦- ૨૪૦**
તુવેર	૬૦૦-૮૦૦

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામૂલ્ય જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★ 'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

જન્મદિન મુબારક

નામ :......................... પતિ/પિતા :...........................
માતા : .... જ.તા. ....ઉ.વ.
પરિચય: ....
સરનામુ : ....
મોકલનારની સહી : ....

વિકેટની પાછળ ધોની હમેંશા બેસ્ટ : કોહલી

સેહવાગને કોહલી કરતાં ધોનીના માર્ગદર્શન પર વધુ વિશ્વાસ છે..!!

વિરેન્દ્ર સેહવાગનું કહેવું છે કે આવતા વર્ષે ઈંગ્લેન્ડ અને વેલ્સમાં રમાનાર વાળી વર્લ્ડકપ ટુર્નામેન્ટને ભારતીય ટીમ ત્યારે જ જીતી શકે છે અને જો યુવા ખેલાડીઓને મહેન્દ્ર સિંહ ધોનીના માર્ગદર્શનમાં પ્રશિક્ષિત કરાય.ભારતીય ક્રિકેટ ટીમને પુર્વ ઓપનિંગ બેટ્સમેન વિરેન્દ્ર સેહવાગનું કેહવું છે કે આવતા વર્ષે ઈંગ્લેન્ડ અને વેલ્સમાં રમાનાર વાળી વર્લ્ડકપ ટુર્નામિન્ટમાં ભારતીય ટીમ ત્યારે જીત મેળવી શકે છે અને યુવા ખેલાડીઓ મહેન્દ્ર સિંહ ધોનીના માર્ગદર્શનમાં પ્રશિક્ષિત કરવામાં આવે સેહવાગે કીધું કે ધોનીના પ્રદર્શન અને રણનીતિના કારણે ભારતને ૨૦૧૧માં વર્લ્ડકપનો ખિતાબ જીત્યો હતો

ગ્લોબલ ઈન્ડિયન ઈન્ટરનેશનલ સ્કુલ (જી.આઈ.ઈ.એસ)માં આયોજીત એક પરિચર્ચામાં સેહવાગે કીધું હતુ કે , એક યુવા ખેલાડીના રૂપમાં મે પોતાનીં પેહલી વર્લ્ડકપ ટૂર્નામેન્ટ સૌરવ ગાંગુલી, સચિન તેંદુલકર , રાહુલ દ્રવિડ અને અનિલ કુંબલેની સાથે ૨૦૦૩માં રમી હતી. એ બધા મારી મદદ કરી રહ્યા હતા

સેહવાગે જણાવ્યું હતુ કે વર્તમાનમાં ભારતીય ટીમમાં શામિલ યુવા ખેલાડીઓની પાસે ધોની જેવા સારા વરિશ્ઠ ખેલાડી છે તે બધાનું માર્ગદર્શન કરી શકે છે એમને ૨૦૧૯ વર્લ્ડકપની તૈયારીને લઈ પ્રશિક્ષિત કરી શકે છેપોતાની બેટિંગમાં અનેક ઉતાર ચઢાવ પછી પણ ધોનીએ વિકેટની પાછળ શાનદાર પ્રદર્શન જાળવી રાખ્યું. એ ઉપરાંત ધોની ભારતીય સ્પિન બોલરોને મહત્વપૂર્ણ સલાહ આપવામાં ખાસા ચર્ચામાં રહ્યો. કુલદીપ યાદવ અને યુજવેદ્ર ચહલનો દક્ષિણ આફ્રિકી પિચોના કોઈ અનુભવ ન હોવાથી ધોનીએ ગાઈડ કર્યુ હતું અને એમની સલાહ આપ્યાના દમ પર જ બંન્ને રિસ્ટ સ્પિનર્સને શાનદાર પ્રદર્શન કર્યુ જેનાથી ભારત વનડે સિરિઝ પર કબ્જો જમાવી શકી.

સનરાઈઝર્સ હૈદરાબાદમાં વોર્નરનું સ્થાન ઈંગ્લેન્ડના ઓપનર એલેક્સ હેલ્સ લેશે

આઈપીએલ-૨૦૧૮માં સનરાઈઝર્સ હૈદરાબાદ તરફથી ડેવિડ વોર્નરની જગ્યાએ ઈંગ્લેન્ડના ઓપનિંગ બેટ્સમેન એલેક્સ હેલ્સને સ્થાન આપવામાં આવ્યું છે. સનરાઈઝર્સ હૈદરાબાદે પોતાના ટ્વિટર એકાઉન્ટ મારફતે આ અંગે જાણકારી આપી હતી. સાઉથ આફ્રિકામાં ચાલી રહેલી ટેસ્ટ સીરિઝમાં બોલ ટેમ્પરિંગને કારણે એક વર્ષના પ્રતિબંધનો સામનો કરી રહેલા વોર્નરને સનરાઈઝર્સ હૈદરાબાદની ક્પ્તાની પણ છોડવી પડી હતી. જે પછી ક્રિકેટ ઓસ્ટ્રેલિયા બાદ મ્ઝ્રૈં પણ સ્ટીવ સ્મિથ અને ડેવિડ વોર્નર પર ૈંઁન્મા રમવા પર પ્રતિબંધ લગાવી દીધો હતો.

એલેક્સ હેલ્સે ઈંગ્લેન્ડ તરફથી ૧૧ ટેસ્ટ મેચ, ૫૯ વન-ડે અને ૫૨ ટી-૨૦ મેચ રમી છે. વન-ડેમાં તેની સ્ટ્રાઈક રેટ ૯૫ની છે, જ્યારે ટી-૨૦ ઈન્ટરનેશનલમાં તેની સ્ટ્રાઈક રેટ ૧૩૬ની છે. હેલ્સ ટી-૨૦ ક્રિકેટનો સૌથી અનુભવી અને વિસ્ફોટક બેટ્સમેનોમાંથી એક છે. તેણે ૧૭૪ ટી-૨૦ મેચોમાં ૨૮.૮૫ની સરેરાશથી ૪૭૦૪ રન બનાવ્યા છે, જેમાં તેના નામે ૨ સદી અને ૩૦ અડધી સદી પણ શામેલ છે. હેલ્સ અગાઉ ૈંઁન્મા મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમી ચૂક્યો છે.

સંજીતા ચાનુ

અનુસંધાન પાના નં.૫ નું ચાલું

શુક્રવારથી મહિલા જીમનાસ્ટનું અભિયાન શરૂ થશે. ભારતની પ્રણતિ દાસ, અરૂણા રેડ્ડી, અને પ્રણતિ નાયક મહિલા ઈન્ડિવિઝ્યુઅલ ઑલરાઉન્ડના ક્વોલિફિકેશન રાઉન્ડમાં પહેલો હિસ્સો લેશે. રેડ્ડી જિમનાસ્ટિક વિશ્વ કપમાં સિંગલ્સ કેટેગરીમાં પદક જીતનાર પહેલી મહિલા ખેલાડી છે. મેલબર્નમાં યોજાયેલ વિશ્વ કપમાં રેડ્ડીએ બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો હતો. ત્યારબાદથી જ તેની પાસેથી મેડલની આશા વધી ગઈ છે.

ભારતીય યુવા બોક્સર નમન તંવર શુક્રવારના રોજ ૯૧ કિલોગ્રામમાં ઉતરશે. તંવરે આ વર્ષે ઈન્ડિયન ઓપનમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. આની પહેલાં તેમણે કઝાકિસ્તાનમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ વખતે દેશને ફરીથી તેની પાસેથી મેડલની આશા હશે. આ સિવાય મુક્કેબાજ અમિત પંઘાલ પણ મેદાનમાં ઉતરશે.

લેફ્ટ આર્મ સ્પિનર અક્ષર પટેલ કન્ટ્રી ક્રિકેટમાં દુરહામ માટે રમશે

ભારતીય લેફ્ટ આર્મ સ્પિનર અક્ષર પટેલ વર્ષ ૨૦૧૮ સીઝનમાં સિક્સ કન્ટ્રી ગેમ દુરહામ માટે રમશે. દુરહામ સીસી ધ્વારા સોમવારે મેલ ધ્વારા તેની જાહેરાત કરવામાં આવી છે. ભારતીય સ્પિનર અક્ષર પટેલ હાલમાં તેની સ્ટેટ ટીમ ગુજરાત માટે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ, ભારતની ટીર૦ અને વનડે ટીમ અને આઈપીએલમાં પંજાબ ટીમનો હિસ્સો છે. અક્ષર પટેલ ઓગસ્ટ મહિનામાં ચેસ્ટર લી સ્ટ્રીટ જશે અને ૧૯ ઓગસ્ટ દરમિયાન ગ્લેમોર્ગન ટીમ સામે પોતાનો ડેબ્યુ મેચ રમશે. પોતાનો ફર્સ્ટ ક્લાસ ડેબ્યુ વર્ષ ૨૦૧૨ દરમિયાન કર્યા પછી અક્ષર પટેલે પોતાની મેડન ૫ વિકેટ તેની બીજી જ મેચમાં લીધી હતી. તેને દિલ્હી વિરુદ્ધ ગુજરાત તરફથી રમતા ૪૫ ઓવરમાં ૫૫ રન આપી ૬ વિકેટ લીધી હતી.

અક્ષર પટેલ વિશે ઓવરઓલ વાત કરવામાં આવે તો તેને ૭૯ ફર્સ્ટ ક્લાસ વિકેટ ૨૩ મેચોમાં લીધી છે. હવે જો અક્ષર પટેલની બેટિંગ વિશે વાત કરવામાં આવે તો તેને એક ફર્સ્ટ ક્લાસ સેન્ચુરી પણ ફટકારી છે. વર્ષ ૨૦૧૬ દરમિયાન અક્ષર પટેલે બરોડા સામે ૧૧૦ અણનમ રન બનાવ્યા હતા. તેને ૧૦ ફિફટી પણ ફટકારી છે. તેને ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૧૧૬૩ રન ૪૮.૪૫ એવરેજ સાથે બનાવ્યા છે. અક્ષર પટેલ ભારત તરફ થી ૩૮ વનડે અને ૧૧ ટીર૦ મેચ રમી ચુક્યા છે અક્ષર પટેલ હાલમાં આઈસીસી ‘ૈં બોલિંગ રેક્રિંગમાં ૧૪મુ સ્થાન ધરાવે છે. વિરાટ કોહલી પછી અક્ષર પટેલ લેટેસ્ટ ક્રિકેટર છે જેઓ કન્ટ્રી ક્રિકેટ જોઈન કરી રહ્યા છે. બીજા ક્રિકેટરમાં વરુણ એરોન, ચેતેશ્વર પુજારા, ઈશાંત શર્મા બીજા દેશો સાથે રમવા માટે પહેલા જ ડીલ કરી ચુક્યા છે.ભારતે ૮ ગોલ્ડ, ૩ સિલ્વર, ૪ બ્રોન્ઝ મળીને કુલ ૧૫ મેડલ મેળવ્યા.

Website : www.rakhewaldaliy.com
E-mail : rakhewal@gmail.com
મહેસાણા, પાટણ, રાધનપુર, સિદ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

શંખલપુર-અંબાજી બસ મૂળ રૂટ ઉપર ચલાવવા લેખીત રજુઆત

ચાણસ્મા

બહુચરાજી ડેપો દ્વારા સંચાલિત બહુચરાજીથી ૧૩.૦૦ કલાકે ઉપડતી વાયા શંખલપુર-અબાજી લોકલ બસના રૂટમાં વિભાગીય અધિકારી મહેસાણા મારફતે અચાનક નિર્ણય લઈ આ બસને વાયા સાપાવાડા થઈને ચાલુ કરવાનો આદેશ કરવામાં આવતા આ રૂટ ઉપરના યાત્રાધામ બહુચરાજી, શંખલપુર, ડોડીયાવાડા અને મીઠી ધારીયાલ ગામની એસ.ટી. સેવા છીનવાઈ જવાના કારણે આ બસને તેના મૂળ રૂટ ઉપર ચાલુ કરવા લેખિત પત્ર લખી એસ.ટી. સત્તાવાળાઓનું ધ્યાન દોરવામાં આવ્યું છે અને જો તા.૧ મી મે સુધીમાં ઘટતું કરવામાં ન આવે તો એસ.ટી. તંત્ર સામે ચક્કાજામ જેવા જલદ કાર્યક્રમો આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. એસ.ટી. તંત્ર દ્વારા એક સ્થળથી બીજા યાત્રાસ્થળને જોડતી સીધી બસ સેવા શરૂ કરવાની યાત્રિકોની માગણીને અગ્રીમતા અપાય છે અને તે મુજબ બહુચરાજી યાત્રા સ્થળ અને શંખલપુર ટોડા માતાજીના ધાર્મિક સ્થળને અંબાજીને જોડતી બસ સેવા ચાલુ હતી. પરંતુ બહુચરાજીથી ૧૨ કિમી દૂર આવેલા એક માત્ર સપાવાડા ગામની માગણી સંતોષવા ખાતર આ રૂટ પરના ચાર ગામોની આશરે ૧૫ હજાર કરતાં વધારે લોકોની સેવા મહેસાણા એસ.ટી. તંત્ર દ્વારા અયોગ્ય નિર્ણ લઈ છીનવી લેવામાં આવી છે. જેથી આ લોકલ બસે તેના મૂળ રૂટ પર ચાલુ કરવા લોક માંગણી હોવા છતાં એસ.ટી. તંત્ર દ્વારા તેનો કોઈ ઉકેલ લાવવામાં આવતો નથી. હાલના સાપાવાડાના રૂટમાં ટ્રાફિક મળતું ન હોવા છતાં મહેસાણા એસ.ટી. વિભાગીય તંત્ર ઉપરોક્ત ગામોના લોકોએ ભળતો જવાબ આપી માગણી સ્વીકારવા ધરાર ઈન્કાર કરતાં આ ગામોના લોકોને આગામી ૧ મી મે થી એસ.ટી. તંત્ર સામે બસ રોકો જલદ કાર્યક્રમો આપવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે.

એસ.આર.પી. ગ્રૃપ-૫ મેદાન, લુણાવાડા રોડ, ગોધરા (જીલ્લો પંચમહાલ) ખાતે યોજાશે

પાટણ

ભારતીય લશ્કરમાં જોડાઈને ઉજજવળ કારકિર્દી બનાવવાની સુવર્ણ તક ગુજરાતના યુવાનો માટે ઉપલબ્ધ બની છે. પંચમહાલ જિલ્લાના ગોધરાના એસ.આર.પી. ગ્રૃપ-૫ મેદાન, લુણાવાડા રોડ ખાતે તા.૨૦ મે થી ૩૧ મે ૨૦૧૮ દરમ્યાન લશ્કરી ભરતી મેળો યોજાશે. જેમાં સોલ્જર (જનરલ ડયુટી), સોલ્જર ટેક (ટેકનીકલ), સોલ્જર ટેકનકલ (એ.વી.એન. શ્એ.એમ.એન. એકઝામીનર), સોલ્જર ટ્રેડમેન (વોશરમેન, શેફ ડ્રેસર ઈકવીપમેન્ટ રીપેરર અને હાઉસકીપર), સોલ્જર (કલાર્ક/સ્ટોરકીપર) ની જગ્યા માટે ભરતી કરવામાં આવશે. જેમાં ગુજરાતના તમામ ઉમેદવારો ભાગ લઈ શકશે. લશ્કરી ભરતી મેળામાં ભાગ લેવા માટે ભારતીય સેનાની વેબસાઈટ www.joinindianarmy.nic.in પર ફકત ઓનલાઈન અરજી કરેલ ઉમેદવારોને જ ભરતીમેળામાં પ્રવેશ મળશે. ઓનલાઈન અરજી કરવાનો સમયગાળો તા.૨૧/૦૩/૨૦૧૮ થી ૦૪/૦૫/૨૦૧૮ સુધી કરવાની રહેશે. વધુ માહિતી માટે ભારતીય સેનાની વેબસાઈટ www.joinindianarmy.nic.in અથવા જિલ્લા રોજગાર કચેરી, પાટણ નો ટે.નં.૦૨૭૬૬-૨૨૩૧૭૮ પર સંપર્ક કરવો તેમ રોજગાર અધિકારીશ્રી, પાટણની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

પાટણમાં સાલવીવાડા ચોકમાં ૧૪ વર્ષ બાદ ૧૦૮ ચૈત્રી ગરબા યોજાયા

પાટણ

પાટણ ખાતે ચૈત્ર માસ દરમિયાન વિવિધ મહોલ્લા, પોળ, ચોક અને સોસાયટી વિસ્તારોમાં ચૈત્રી ગરબાનું આયોજન થયું હતું. જે અંતર્ગત શહેરના સાલવીવાડા ચોકમાં મોઢ મોદી જ્ઞાતિ સમાજ દ્વારા ૧, વર્ષ બાદ એક મહિનાના ચૈત્રી ૧૦૮ ગરબાના ધાર્મિક પ્રસંગનું આયોજન કરાયું હતું. પરિવારમાં પ્રથમ પુત્ર જન્મની બાધા માનતા રૂપે આ ચૈત્રી ગરબા મહોત્સવનું આયોજન થયું હતું.માતાજીના ચોકમાં ગરબા મુકીને સંગીતના તાલે ગરબા રમવાનો લ્હાવો સૌ કોઈએ લીધો હતો, જેમાં બહેનોએ અવનવા ટ્રેડીશનલ વસ્ત્ર પરિધાન કરીને ઉમંગ-ઉત્સાહથી ગરબાનો લાભ લીધો હતો. બહેનો ઉપરાંત ભાઈઓએ પણ ગરબામાં ઝુંકાવ્યું હતું. ગરબા ચોકમાં સુંદર રંગીન લાઈટીંગ કરવામાં આવ્યું હતું. રોજ સાંજે માતાજીની આરતી કર્યા બાદ ગરબાનો શુભારંભ કરવામાં આવેલ. અગાઉ ૧૯૮૭ માં અને છેલ્લે ૨૦૦૪ માં ૧૦૮ ગરબા યોજાયા હતા.

વિવિધ બજાર ભાવ

ડીસા	
એરંડા	૭૮૦-૭૮૭
રાયડો	૬૬૦-૭૦૫
ઘઉં	૩૦૦-૩૪૧
બાજરી	૨૪૩-૨૭૦
રાજગરો	૮૦૦-૯૭૫
જીરૂ	૨૨૬૧-૨૭૭૦
સુવા	૬૭૮-૭૮૯
વરી.	૧૦૦૦-૧૨૦૦
ઈસ.	૧૧૦૦-૧૩૨૬
તમાકુ	૮૫૦-૧૨૭૦

લાખણી	
એરંડા	૭૭૬-૭૮૨
રાયડો	૬૪૦-૭૦૦
વરી.	૯૫૦-૧૪૦૦
બાજરી	૨૬૫
જીરૂ	૨૪૮૦-૨૬૦૦
સવા	૭૨૦-૭૯૭
રાજગરો	૭૦૦-૮૮૯
અજમો	૯૦૦
ચીકુડી	૧૧૨૯
ઈસ.	૧૧૦૦-૧૩૩૫

પાલનપુર	
એરંડા	૭૭૫-૭૯૫
રાયડો	૬૫૦-૭૦૪
ઘઉં	૨૯૦-૪૩૭
ચણા	૬૩૦-૬૭૦
વરી.	૧૦૦૦-૧૨૭૫
રાજગરો	૭૫૧-૯૮૫

પીલુડા	
એરંડા	૭૭૫- ૭૯૧
રાયડો	૬૮૦ - ૭૧૪
જીરું	૨૬૦૦ - ૨૯૨૫
વરિયાળી	૧૦૦૦ - ૧૨૭૭
સુવા	૭૫૦ - ૮૦૧
ઈસબગુલ	૧૨૦૦ - ૧૫૫૦
ચીકુડી	૧૧૬૨-૧૧૬૨
અજમો	૧૪૦૦ - ૧૮૧૧
ચીકુડી	૧૧૦૦-૧૧૦૦
મઠ	૫૬૦ -૫૬૦
બાજરી	૨૬૫ -૨૬૫
અસળ્યો	૭૦૦ -૭૦૦

ભીલડી	
એરંડા	૭૬૫-૭૮૧
રાયડો	૬૧૧-૬૯૦
રાજગરો	૮૩૦-૯૧૭
બાજરી	૨૪૦-૨૬૪
ગવાર	૭૪૦

ઘઉં	૨૯૦-૩૪૧
ઈસ.	૯૫૦-૧૧૯૧
વરી.	૧૦૦૦-૧૧૬૪
જીરૂ	૨૫૬૦-૨૭૨૧
તમાકુ	૮૦૨-૯૫૨

થરા	
જીરૂ	૨૬૫૦-૩૧૦૦
એરંડા	૭૮૫-૮૭૦
રાયડો	૬૦૫-૭૦૦
ઘઉં	૨૮૫-૪૦૬
ગવાર	૬૬૫-૬૬૬
બાજરી	૨૩૦-૨૬૦
સુવા	૭૨૦-૭૫૦
બંટી	૩૪૫-૩૫૦

ઊંઝા	
જીરૂ	૨૪૦૦-૩૬૨૫
વરીયાળી	૯૦૦-૩૦૦૦
ઈસબગુલ	૧૧૮૦-૧૮૭૧
સુવા	૮૬૩-૮૮૫
અજમો	૩૦૦-૧૬૭૫
રાયડો	૬૯૫-૮૦૦

સિદ્ધપુર	
જીરૂ	૨૫૦૦-૨૬૬૦
વરી.	૧૦૨૫-૧૨૬૦
ઈસ.	૧૦૮૪-૧૨૬૦
ઘઉં	૨૯૫-૪૭૦
એરંડા	૭૧૪-૭૮૭
રાયડો	૬૦૦-૭૩૦
મેથી	૫૧૨-૫૮૫
ગવાર	૭૩૧-૭૬૪
બાજરી	૧૯૦-૨૫૭
જુવાર	૭૭૯-૯૦૦
જવ	૨૮૦-૩૦૦
સવા	૭૫૦-૮૬૦

પાટણ	
જીરૂ	૨૩૦૦-૨૮૨૧
વરી.	૯૦૦-૧૬૧૬
મેથી	૪૩૭-૬૦૦
સુવા	૭૫૦-૮૯૧
રાયડો	૬૫૦-૭૩૮
એરંડા	૭૭૦-૭૮૫
અજમો	૮૪૦
ઘઉં	૨૮૦-૪૪૦
બાજરી	૧૮૦-૨૪૫
રાજગરો	૭૦૦-૮૩૦
જવ	૨૮૯
કપાસ	૭૭૦-૧૦૮૮

ગંદકીને કારણે લોકોમાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત ફેલાઈ

મોડાસામાં ઠેર ઠેર ગંદકી અને કચરાના ઢગનું રાજ

મોડાસા

અરવલ્લી જિલ્લાનું મોડાસા હાલ ગંદકીના ઢગમાં ખદબદી રહ્યું છે. ડોર ટુ ડોર કચરો ઉપાડવાના નગરપાલિકાના દાવા વચ્ચે પણ ભયંકર ગંદકીનું સામ્રાજ્ય ઉભુ થઈ ગયું છે. જે સ્વચ્છતા અભિયાનની ચાડી ખાય છે.

જુઓ આ છે અરવલ્લી જિલ્લાનું મોડસા. જ્યાં નજર નાંખો ત્યાં કચરો અને ગંદકી જ નજરે ચઢે. મોડાસાનો એકપણ વિસ્તાર કે એકપણ રસ્તો એવો નહીં હોય કે જ્યાં ગંદકી અને કચરાના ઢગ ન હોય. મોડાસા નગરપાલિકા દ્વારા ડોર ટુ ડોર કચરો ભેગો કરીને કોલેજ રોડ પર ડમ્પીંગ સાઈટમાં નાંખવામાં આવે છે. પરંતુ કેટલોક કચરો નદી નજીક પણ ઠાલવવામાં આવે છે. સમગ્ર જગ્યાએ ગંદકીને કારણે રોગચાળો ફાટી નીકળવાની દહેશત ફેલાઈ છે. અહીં નજીકમાં સ્કૂલ પણ આવેલી છે. ત્યારે પાંચથી છ કલાક સુધી ગંદકી નજીક ભણવાથી આ વિદ્યાર્થીઓના આરોગ્ય પર પણ અસર થવાની ભીતી સેવાઈ રહી છે. ગંદકીમાંથી મંદિરો પણ બાકાત નથી. મંદિરની આસપાસ પણ ગંદકીના ઢગ જોવા મળે છે. સ્થાનિકોનું કહેવું છે કે તંત્રમાં વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. એક બાજુ સ્વચ્છતા અભિયાનની મોટી મોટી વાતો થાય છે ને લાખો રૂપિયા પ્રચાર પ્રસાર પાછળ ખર્ચ કરવામાં આવે છે ત્યારે મોડાસામાં સર્વત્રે પથરાયેલી ગંદકીએ સ્વચ્છતા અભિયાનની પોલ ખોલી છે.

બંધ થયેલી પોલિસીની રકમ આપવાની લાલચ આપી ૧૩.૭૦ લાખની છેતરપિંડી

હિંમતનગર

મહેતાપુરામાં રહેતા વ્યક્તિને દોઢેક વર્ષ અગાઉ ફોન કરીને બંધ થયેલ પોલિસીના ભરેલ પૈસા રૂ.૨.૫૦ લાખ પરત આપવાની લાલચ આપી રૂ.૫૧,૭૭,૨૮૪ના ચેકનો ફોટો વોટસએપ પર મોકલી ટેકસા નામે રૂ. ૧૩.૭૦ લાખ ખંખેરી લેતા બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. મહેતાપુરના સિદ્ધાર્થનગરમાં ટેલિફોન સોસાયટીમાં રહેતા દિનેશ કુમાર ખટીકે એચડી એફસીની પોલીસી લીધી હતી અને ૨.૫૦ લાખ જેવી રકમ રકમ ભરેલ હતી. જોકે, પૈસા ભરવાનું બંધ કરતાં પોલીસી બંધ થઈ ગઈ હતી ત્યારે દિનેશકુમાર ઉપર ફોન કરી પોલીસીના પૈસા પરત આપવાની લાલચ આપી એસ.કે. નારાયણ, રાજેન્દ્ર સિંહ, રાહુલ અને વિકાસ નામના શખસોએ દિલ્હી, હૈદરાબાદથી બોલતા હોવાનું જણાવી અલગ અલગ કંપનીઓની ૧૦ પોલિસીઓ લેવડાવી હતી. જે બાદ રૂ.૫૧,૭૭,૨૮૪નો ચેક બનાવી દીધો છે અને આ પેટે રૂ.૧૦ લાખ કમિશન આપવુ પડશે એવું જણાવી ચેકનો ફોટો વોટસએપ મોકલી આપતા લાલચમાં કુલ રૂ.૧૩.૭૦ લાખ અલગ અલગ સમયે એકાઉન્ટમાં જમા કરાવ્યા હતા. દિનેશકુમારે હૈદરાબાદ તપાસ કરતાં છેતરપિંડી થઈ હોવાનું જણાતા ચારેય વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો.

પોલીસે મોબાઈલ નંબર અને બેન્ક એકાઉન્ટની વિગતોના આધારે તપાસ હાથ ધરી હતી. બંધ થઈ ગયેલ વીમા પોલીસી ચાલુ કરાવવા કે ભરેલ પ્રિમિયમના નાણાં પરત અપાવવા આવતા કોલ ફ્રોડ હોય છે. બી-ડીવીઝન પીએસઆઈ વીયુ ગડરિયાએ જણાવ્યું કે, વીમા કંપનીઓ કે બેંક આવા કોલ કરતા જ નથી તેમ છતાં જેના પર ફોન આવે તેણે જે તે વીમા કંપનીમાં જાતે રૂબરૂ જઈ તપાસ કરવામાં આવે તો છેતરપિંડીનો ભોગ બનવાથી બચી શકે છે

પાટણમાં 'સિવિલ બચાવો' અભિયાન અંતર્ગત સહી ઝુંબેશ હાથ ધરાઈ

પાટણ

પાટણ શહેર કોંગ્રેસ દ્વારા 'સિવિલ' બચાવો અભિયાન અંતર્ગત ૧૪૦ મા સોમવારે સિવિલ હોસ્પિલ આગળ એકત્ર થઈ સરકાર વિરોધી સૂત્રોચ્ચાર પોકારી દેખાવો કર્યા હતા. અને સહી ઝુંબેશ કાર્યક્રમ હાથ ધર્યો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકોએ પોતાના હસ્તાક્ષર કરી કોંગ્રેસને સમર્થન આપ્યું હતું.

આ પ્રસંગે શહેર કોંગ્રેસ પ્રમુખ લાલેશ ઠક્કર જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષથી આ કાર્યક્રમ કરવામાં આવી રહ્યો છે. તેમ છતાં સરકાર દ્વારા કોઈપણ પ્રકારની કામગીરી કરવામાં આવી નથી જેથી આગામી ૧૪૧ માં સોમવારે પાટણના ત્રણ ધારાસભ્યો તથા ઉત્તર ગુજરાતના ધારાસભ્યોની હાજરીમાં પાટણ સિવિલ દર્દીઓ માટે નિષ્ણાંત તબીબો સાથે ધમધમતી થાય તે માટે સરકારને સદ્બુધ્ધિ આવે તે માટે સદબુધ્ધિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

ડાભી ઉનરોટ ખાતે ગુણોત્સવ

વિદ્યાર્થીઓના પ્રતિભાવ થી પ્રભાવિત થતા અનુસૂચિત જાતિ કલ્યાણ નિયામક : કે.ડી.કાપડીયા

પાટણ

અનુસૂચિત જાતિ કલ્યાણના નિયામક શ્રી કે.ડી.કાપડિયાએ જીવન વિકાસમાં શિક્ષણના મહત્વનો ઝીક કરતાં જણાવ્યું હતું કે, શિક્ષણ જીવન-વિકાસ ની પગથી છે. પ્રાથમિક શિક્ષણ પાયાનું શિક્ષણ છે. પ્રાથમિક શિક્ષણ જેટલું ગુણવત્તા પૂર્ણ હશે તેટલું વિદ્યાર્થીની કારકિર્દી સફળ બની રહેશે. સાંતલપુર તાલુકાના ડાભી ઉનરોટની પ્રાથમિક શાળામાં ગુણોત્સવ કાર્યક્રમના મૂલ્યાંકન માટે આવેલા અનુસૂચિત જાતિ કલ્યાણ નિયામકશ્રીએ શાળાની સુવિધાઓ ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા મળેલા પ્રતિભાવોને સરાહતાં જણાવ્યું કે સર્વગ્રાહી મૂલ્યાંકનમાં વિદ્યાર્થીઓએ વાંચન-ગણન – લેખનમાં સંતોષકારક પ્રતિભાવો આપ્યા છે. શાળાની પ્રાર્થના સભામાં સંબોધન કરતાં શ્રી કે.ડી.કાપડિયાએ વિદ્યાર્થીઓને ખુબ ભણી-સારી રીતે ભણી જીવનમાં આગળ આવવાનો અનુરોધ કર્યો હતો.

ડાભી-ઉનરોટ પ્રાથમિક શાળામાં ૧૫૪ કુમાર અને ૧૪૦ કન્યા મળી કુલ ૨૯૪ ના વિદ્યાર્થીઓ છે. ધોરણ-૧ થી ૮ સુધીની શાળાને સુવિધાસંપન્ન શાળા ભવન પ્રાર્થના માટેનો શેડ, લાયબ્રેરી, મધ્યાહન ભોજનનું રસોડુ, સેનીટેશન સંકુલ છે. કુલ-૮ શિક્ષકો શાળામાં ફરજ બજાવે છે. ગુણોત્સવ કાર્યક્રમમાં નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ શ્રી બી.પી.સોયંતર, પાટણના નાયબ નિયામક શ્રીમતી જે.પી. સોલંકી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તુલસીભાઇ સાધુ, બી.આર.સી. બ્રિજેશ પ્રજાપતિ, સી.આર.સી. મહેન્દ્ર ચૌધરી, જયેશ પ્રથાપતિ, શાળાના આચાર્ય શ્રીમતી અમીતાબેન રાવતતેમજ વાલી મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

પાટણની સમર્પણ સેવા સંસ્થા અને આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા જળ સેવા કેન્દ્રોનો શુભારંભ

પાટણ

પાટણની સમર્પણ સેવા સંસ્થા અને આશીર્વાદ ફાઉન્ડેશન તેમજ પાલિકાના સંયુક્ત ઉપક્રમે બગવાડા દરવાજા નજીક ઠંડા મિનરલ પાણી જળ સેવા કેન્દ્રોનો શુભારંભ કર્યો સંસ્થાના સભ્યો જળનો બગાડ કરનારાઓને અને પાણી બચાવો જેવા સંકલ્પ લીધા હતાં. સમર્પણ સંસ્થાના પ્રમુખ મેહુલ પટેલ, વિપુલ પટેલ, જીગ્નેશ મોદી, સુનિલ પટેલ, આશીર્વાદ ફાઉન્ડેશનનાં કમલેશ ઠક્કર, ચેતન ઠક્કર, નાગરિક બેંક ના સુરેશભાઈ સી.પટેલ સહિતનાં સેવાભાવી લોકો હાજર રહયા

રાધનપુરમાં પાલિકા દ્વારા

રૂા.૩૬ લાખના ખર્ચે ૨૮ પોઈન્ટ ઉપર ૫૫ સી.સી.ટી.વી.કેમેરા કાર્યરત બન્યા

કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર શહેરમાં નગરપાલિકા દ્વારા ૧૪માં નાણાપંચની ગ્રાન્ટમાંથી રૂ.૩૬ લાખના ખર્ચે સંવેદનશીલ ૨૮ પોઈન્ટ ઉપર સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબની ક્ષમતા ધરાવતા ૫૫ સી.સી.ટી.વી. કેમેરા લગાવ્યા છે,જેનો કંટ્રોલ રૂમ પોલીસ સ્ટેશનમાં પાલિકા દ્વારા તૈયાર કરી આપવામાં આવ્યો છે, જેનું લોકાર્પણ ધારાસભ્ય અલ્પેશ ઠાકોર, જિલ્લા પોલીસ વડા અશ્વિન ચૌહાણ, એ.એસ.પી. પાર્થરાજસિંહ ગૉહીલ,પ્રાંત અધિકારી એસ.ડી.ગિલવા, પાલિકા પ્રમુખ કમુબેન ઠાકોર સહિતની ઉપસ્થિતિમાં ભુજ રેન્જના આઈ.જી.વિપુલ પટેલે કર્યું હતું. નગરપાલિકામાં ભાજપની બોડી હતી ત્યારે એ.એસ.પી. પાર્થરાજસિંહ ગોહિલે પાલિકા તંત્રને શહેરમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવા જણાવ્યું હતું, જેને પાલિકાના સત્તાધીશોએ સકારાત્મક વલણ સાથે ૧૪માં નાણાપંચની ગ્રાન્ટમાંથી શહેરના સંવેદનશીલ પોઈન્ટો ઉપર સી.સી.ટી.વી. કેમેરા લગાવવાનું નક્કી કર્યું હતું, અને ટેન્ડર બહાર પાડીને કામગીરી પણ હાથ ધરી હતી, આ કામગીરી પૂર્ણતાના આરે હતી ત્યાંજ નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપની હાર થઈ અને કોંગ્રેસ સત્તા ઉપર આવી, અને આ કામગીરી પૂર્ણ કરીને તેનું લોકાર્પણ મંગળવારે કોંગ્રેસના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરની ઉપસ્થિતિમાં રાખવામાં આવ્યું હતું. નેત્રા સેફ સીટી યોજના અંતર્ગત સી.સી.ટી.વી. કેમેરા લગાવ વામાં આવ્યા છે.

જેમાં કે.એમ. ઈલેક્ટ્રોનિક્સ કેબલ્સ પ્રાઈવેટ કંપની દ્વારા સમગ્ર કામગીરી કરવામાં આવી છે.૪ મેગા પિક્સલના બુલેટ કેમેરા કે જે ત્રીસ મીટર અંતર સુધીના દ્રશ્યોને કેચ કરે છે, અને કોઈપણ ઋતુમાં કાર્ય કરે છે. ૪ મેગા પિક્સલના આઈ.પી. સ્પીડ ડોમ લગાવ્યા છે, જે ૩૬ ગણો ઝૂમ થઈ શકે છે અને ૧૨૦ મીટર દૂરના દ્રશ્યો પણ કેચ કરે છે. આમ સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈનનો અનુરૂપ કામગીરી કરવામાં આવી છે.

આ પ્રસંગે પોલીસ સ્ટેશનમાં લોકાર્પણ કાર્યક્રમમાં પાલિકાના પૂર્વ પ્રમુખો પ્રવીણભાઈ મહાલક્ષ્મી, પ્રકાશ ભાઈ દક્ષિણી, ડો.દેવજીભાઈ પટેલ, માર્કેટયાર્ડના ચેરમેન અમથાભાઈ ચૌધરી, વિનોદ ભાઈ ગોકલાણી, પાલિકાના કારોબારી ચેરમેન કાનજીભાઈ પરમાર, સેની ટેશન વિભાગ ના ચેરમેન હરદાસભાઈ આહીર, ગુમાસ્તાધારા ચેરમેન સવિતા બેન શ્રીમાળી, પાણીપુરવઠા ચેરમેન ચેતનભાઈ પટેલ સહીત સદસ્યો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપની જહેમત, કોંગ્રેસે લોકાર્પણ કર્યું

પાલિકાના ટાઉનપ્લાનિંગ કમિટીના પૂર્વ ચેરમેન અંકુરભાઈ જોશીના જણાવ્યા મુજબ ભાજપની બોડી દ્વારા સી.સી.ટી.વી. લગાવવા માટે ખુબ જ જહેમત ઉઠાવ્યા બાદ તમામ કામગીરી પૂર્ણ કરી હતી, અને પાલિકાની ચૂંટણીની આચારસંહિતા આવી જતા લોકાર્પણ કરી શકાયું નહતું. જો કે કોંગ્રેસે લોકાર્પણ કર્યું તેનો કોઈ વિરોધ નથી, શહેરના લોકો માટે તો આ યોજના ઉપયોગી જ નીવડવાની છે, તેનો સંતોષ છે.

ભુજ રેન્જના આઈ.જી.એ કંટ્રોલરૂમનુ લોકાર્પણ કર્યું

પાટણ અને મહેસાણા જિલ્લાની બેંકોમાં રોકડની તીવ્ર અછત

પાટણ

મહેસાણા અને પાટણ જિલ્લામાં આવેલી બેકોમાં રોકડની તીવ્ર અછત ઉભી થવા પામી છે. ખેડૂતો અને વેપારીઓની સિઝનના ટાણે બંને જિલ્લાના મોટા ભાગના એટ-ીએમ ગણતરીના સમયમાં ખાલી થઈ રહ્યા છે.

મહેસાણા અને પાટણ જિલ્લામાં ૫૦ થી વધુ બેન્કોની ૫૦૦ થી વધુ શાળાઓ આવેલી છે, જે પૈકી રાષ્ટ્રીય કૃત બેંકોમાં છેલ્લા એક અઠવાડીયાથી કેશની બૂમરાડ મચી છે.અગાઉ જયારે ચેસ્ટમાંથી રૂા.૧૦ કરોડ આવતા હતા તે અત્યારે રૂા.૫ કરોડ પણ આવતા નથી., જિલ્લાના બેન્કીગ સૂત્રોના જણાવ્યા મુજબ નાના વ્યવહારો પાર પડી રહ્યા છે પરંતુ રૂા. ૧૦ લાખકે એથી વધુના ચૂકવણા દરમ્યાન ભારે મુશ્કેલી વધી રહી છે. આર.બી.આઈ.માંથી કેશ ચેસ્ટને પુરતા નાણાં નહિ મળતાં રાષ્ટ્રીયકૃત બેંકોની હાલત બગડી છે, હાલમાં ખેડૂતો રવિ સિઝનનો કૃષિ પાક વેચી રહ્યા છે ત્યારે તેના ચૂકવણા કરવા વેપારીઓ પુરતી રકમ આપી શકતા નથી.ખાસ કરીને ઉંઝા, કડી, હારિજ અને સિધ્ધપુર સહિતના વિસ્તારમાં કેશની તંગી ચરમ સીમાએ પહોંચી છે. આ તરફ જેટલી કેશ મળી રહી છે તેટલી ગણતરીના દિવસોમાં ખલાસ થઈ જાય છે.

મહેસાણા રેલવે સ્ટેશન પરથી મળેલી બે સગીરાને પોલીસે તેના પરિવારને સોંપી

મહેસાણા

મહેસાણા રેલવે પોલીસે ગત શનિવારની રાત્રીએ પેટ્રોલિંગ દરમ્યાન બે સગીરાને શંકાસ્પદ હાલતમાં પકડી હતી. આ બંનેની પુછપરછ કરતા બંને મામાના ઘરે વેકેશન હોઈ નડીયાદ ગઈ હતી, આ બંનેને કામ બાબતે ઠપકો આપતાં ટ્રેનમાં બેસીને મહેસાણા આવી ગઈ હતી. ત્યારે રેલવે પોલીસે બંને સગીરાને પોતાના પરિવાર સાથે મિલાપ કરાવતા આ મામલાનો સુખદ અંત આવ્યો હતો.વડોદરા અને મુંબઈથી બે સગીર બહેનો વેકેશન હોવાથી નડીયાદ મામાના ઘરે આવી હતી, જો કે ઘરકામ બાબતે ઠપકો આપતાં બંને બહેનો નડીયાદથી ટ્રેનમાં બેસી મહેસાણા આવી હતી.

જો કે રેલવે સ્ટેશન પર ગત શનિવારની રાત્રે રેલવે પોલીસના ઈનચાર્જ પી.આઈ. પી. એફ. પઠાણ અને તેમનો સ્ટાફ પેટ્રોલીંગ ઉપર હતો ત્યારે બે સગીરા હાથ લાગતાં તેમની પુછપરછ કરતાં સમગ્ર હકીકત જણાવી હતી. જેથી પોલીસે તેના પિતા ઈરફાનભાઈને જાણ કરતાં તેઓ મહેસાણા રેલવે સ્ટેશન પોલીસ મથકે આવી પહોંચ્યા હતા, અને સમગ્ર બાબત જણાવતાં પોલીસે બંને સગીરાને તેઓને સોંપતા સમગ્ર બાબતનો સુખદ અંત આવ્યો હતો.

પાટણમાં બિલ્ડરે મકાન માલિકની જાણ બહાર મકાન વેચતાં ફરિયાદ

પાટણ

પાટણ શહેરના બિલ્ડરે મકાન માલિક પાસેથી મકાન પેટે લાખ્ખો રૂપિયા લઈ તેની જાણ બહાર અન્ય વ્યક્તિને મકાન વેચી મારી મકાન માલિક સાથે વિશ્વાસઘાત કરતા આ બાબતે મકાન માલિકે બિલ્ડર વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે. બનાસકાંઠા જિલ્લાના જશવંતપુરા ગામના મુળ વતની અને હાલમાં પાટણની અષ્ટવિનાયક બંગ્લોઝના મકાન નં.૧૭ માં રહેતા રાકેશકુમાર માતરભાઈ ઠાકોરે વર્ષ ૨૦૧૦ માં શહેરના વાળીનાથ ચોક પાસે આવેલ શ્રેયસ રેસીડેન્સી બંગ્લોઝની સ્કીમમાં મકાન નં.૧૬ વેચાણથી લીધુ હતું. જે મકાન પેટે અંકિત-કુમાર મુકેશભાઈ મેવાડા તથા મુકેશભાઈ વિઠ્ઠલભાઈ મેવાડા (રહે. પાટણ) એ રાજેશકુમાર ઠાકોર પાસેથી અલગ અલગ સમયે રૂા. ૨૦,૮૬,૦૦૦ લીધા હતા અને તેમને વેચાણ આપેલ પ્લોટ(મકાન) રાજેશકુમાર ઠાકોરની જાણ બહાર બીજા વ્યક્તિને વેચી મારી તેઓને દસ્તાવેજ ન કરી આપતા અને આ અંગેની જાણ મકાન માલિક રાજેશકુમારને થતાં પોતાની સાથે બિલ્ડર દ્વારા વિશ્વાસઘાત અને છેતરપીંડી થઈ હોવાનું માલુમ પડતાં તેઓએ આ બાબતે પાટણ શહેર બી ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.